ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૪ અંક : ૧૧ નવેમ્બર ૨૦૧૨ સળંગ અંક : ૪૯૩

# વિ-વિદ્યાનગર




## દીપોત્સવી - નૂતન વર્ષ વિશેષાંક





चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

CHARUTAR VIDYAMANDAL
VALLABH VIDYANAGAR




ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)સંચાલિત નલિની-અરવિંદ આર્ટ્સ કૉલેજઆયોજિત યુજીસીપ્રાયોજિત દ્વિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું દીપપ્રાગટ્યથી ઉદ્‌ઘાટન કરી રહેલા સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ અને મુખ્ય અતિથિ તેમજ યુજીસી સંયુક્ત સચિવ ડૉ. જી. શ્રીનિવાસ. ઉપસ્થિત મહાનુભાવોમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ. આર.પી. પટેલ અને માનદ કાર્યકારી મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ ઉપરાંત કૉલેજના આચાર્ય ડૉ. ઘનશ્યામ ગઢવી તથા પરિસંવાદના સંયોજક ડૉ. એમ.જી. મનસુરી છે.




સીવીએમસંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ જીવન-કાર્ય અધ્યયન-સંશોધન સંસ્થાન(સેરલિપ)ના ઉપક્રમે 'ગુજરાતમાં સામાજિક અને રાજકીય પરિવર્તનો (૧૯૫૬થી ૨૦૧૨)' એ વિષય પરની વ્યાખ્યાનત્રિવેણીના વક્તા અને પત્રકારશિરોમણિ પ્રકાશ ન. શાહને સ્મૃતિચિહ્‌ન અર્પણ કરી રહેલા સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ. મંચસ્થ મહાનુભાવોમાં સીવીએમના માનદ કાર્યકારી મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ અને માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ દૃશ્યમાન છે.



# વિ – વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**


નવેમ્બર ૨૦૧૨
વર્ષ : ૧૪ અંક : ૧૧
(સળંગ અંક ૪૯૩)


**દીપોત્સવી–નૂતન વર્ષ વિશેષાંક**

**ચારુતર વિદ્યામંડળ**
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**
૧૯૪૫

कर्मण्येवाऽधिकारस्ते


**તંત્રી**
રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**
રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**
ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**
શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

**પ્રકાશક**
પ્રિ. આર.પી.પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**
આણંદ પ્રેસ, ગામડી

**અધ્યક્ષ**
ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**
પ્રિ. આર.પી.પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**
પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ સહમંત્રીઓ**
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ
ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • ડૉ. જે.ડી. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**
**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

નવેમ્બર ૨૦૧૨
વર્ષ : ૧૪ અંક : ૧૧
(સળંગ અંક ૪૯૩)

**દીપોત્સવી–નૂતન વર્ષ વિશેષાંક**

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**श्रीर्मङ्गलात् प्रभवति प्रागलभ्यात् संप्रयर्धते ।**
**दाक्ष्यात्तु कुरुते मूलं संयमात् प्रतितिष्ठति ॥**

(વિદૂરનીતિ)

**મંગલ વિચાર તથા પ્રવૃત્તિઓ લક્ષ્મીને પેદા કરે છે.**
**સદ્‌ગુણોની પ્રગલ્ભતા લક્ષ્મીને દૃઢમૂળ બનાવે છે,**
**ને સંયમ એને સુપ્રતિષ્ઠિત – કાયમ કરે છે.**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

### દીપોત્સવી–નૂતન વર્ષની શુભેચ્છા

'વિ-વિદ્યાનગર' ના વાચક અને લેખક-વૃંદ તથા સમગ્ર ચારુતર વિદ્યામંડળના શુભેચ્છક પરિવારને દીપોત્સવી અને વિક્રમના નવ વર્ષ ૨૦૬૯ નિમિત્તે સુખ-સમૃદ્ધિ માટે હાર્દિક શુભેચ્છા.

– તંત્રી

॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ચૂંટણી ટાણે મતદાતાજાગૃતિ ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ દીપોત્સવી પર્વ ★ પરમાનંદ ગાંધી / 1
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥
★ ર. ટાગોરઃ અનુ.ઃ ઝવેરચંદ મેઘાણી, રાજેન્દ્ર શાહ, ઉમાશંકર જોશી, પ્રહ્‌લાદ પારેખ, બાલમુકુંદ દવે / 5
॥ ગદ્ય વિભાગ ॥ સૌમ્ય બનો ★ અનુ.ઃ રમેશ પુરોહિત / 6
॥ નવાં કાવ્યો ॥ ★ કિશોર મોદી, ફિલિપ ક્લાર્ક, કાજલ એચ. જોષી, ભૂપેન્દ્ર શેઠ 'નીલમ', મંગળ રાવળ 'સ્નેહાતુર', આર. સી. દેસાઈ, જિજ્ઞા ત્રિવેદી / 7
॥ લઘુકથા ॥ કમનસીબ ★ હરિત પંડ્યા / 9
॥ નવલિકા ॥ ઈશ્વર... પત્થર બની ગયો... ★ અલ્પેશ પી. પાઠક / 10
॥ લઘુનવલ ॥ ફૂલ વિનાની વેલ ★ કિરીટ ગોસ્વામી / 15
॥ સર્જન ॥ 'જખમ' પાછળની યંત્રણા! ★ મનીષ મેકવાન / 17
॥ પ્રેરણાનાં પુષ્પો ॥ચિંતા સદાકાળ ★ જ્યોતીન્ પટેલ / 19
॥ સંશોધન ॥ ગાંધીજી અને મહિલા જાગૃતિ ★ હરપાલ આર. રાણા / 20
॥ મારું સ્વપ્ન ॥ શ્વેતક્રાંતિનાં મંડાણમાં સરદાર અને ત્રિભુવનદાસ ★ વર્ગીસ કુરિયન / 26
॥ Tribute ॥ A Guru in Life ★ B M Vyas / 33
॥ રમન્તે તત્ર દેવતા ॥ વેદકાલીન સ્ત્રીની વીરતા ★ પારુલટીના દોશી / 36
॥ કળા ॥ કળાસાધના ★ અનુ. ઃ કનુ પટેલ / 38

**આ માસની કાવ્યકણિકા**

**નવા વરસના નવા નિશ્ચયો,**
**નવા નિર્ણયો લેવાશે;**
**નવું ધ્યેય લઈ આગળ ધપશે,**
**નવું વર્ષ તો કહેવાશે!**

(સંકલિત)

# ચૂંટણી ટાણે મતદાતાજાગૃતિ

*વિ-વિદ્યાનગરના સર્વે વાચકો અને ચારુતર વિદ્યામંડળ પરિવારના સૌ સભ્યો-શુભેચ્છકોને દીપોત્સવી અને નવવર્ષની શુભેચ્છા.*

ભારત દેશના આઝાદીકાળથી જે નેતાઓ રાષ્ટ્રીય અને રાજ્યસ્તરે રાષ્ટ્રીય પક્ષમાં કાર્યરત હતા તેમણે મધ્યસ્થ સરકારોમાં અને રાજ્યસ્તરે પોતાની જવાબદારી સંભાળી. શરૂઆતનાં વર્ષોમાં ગાંધીજીએ હાકલ કરી તે પ્રમાણે કેટલાક ગણ્યાગાંઠ્યા કોંગ્રેસીઓ ગાંધીજીની હાકલ પ્રમાણે ગ્રામ્યસ્તરે પોતાની પ્રવૃત્તિ મારફતે આઝાદી પછી ગ્રામ્યપ્રજા આઝાદીનાં મીઠાં ફલ પ્રાપ્ત કરી શકે અને વિકાસમાં જોડાઈ શકે તેવાં સેવાકીય કામમાં જોડાયા. જેઓ સરકાર ચલાવવા માટે અને તેની વ્યવસ્થાશક્તિ ચલાવવા માટે સક્ષમ હતા તેઓ શાસનમાં જોડાયા.

શરૂઆતના રાજકીય નેતાઓ જે મધ્યસ્થસરકારમાં અને રાજ્યસ્તરે કાર્યરત હતા તે બધા ગાંધીજીના પ્રભાવમાં રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા હતા. તે રીતે શરૂઆતનાં વર્ષોમાં આઝાદી બાદની જે વ્યવસ્થા ચાલતી હતી તે કાંઈકઅંશે પ્રજાલક્ષી રહી હતી. પરંતુ આમાં પણ નેહરુને ખુશ કરવા અને નેહરુને પોતાને વડાપ્રધાનપદ ના મળે તો તે પણ કોંગ્રેસને વફાદાર ના રહે તેવી બીકથી અને નેહરુ માટે મહાત્મા ગાંધીનો ‘સૉફ્ટ કૉર્નર’ હોવાને લઈને એક પણ પ્રાંતિક સભાએ નેહરુજીનું નામ કોંગ્રેસપ્રમુખ માટે સૂચવ્યું નહીં હોવા છતાં તેમને ૧૯૪૬માં પ્રમુખ બનાવાયા. સામે પક્ષે સરદાર વલ્લભભાઈ પટેલને ૧૨ પ્રાંતિક સમિતિઓનો ટેકો હોવા છતાં નેહરુને કોંગ્રેસપ્રમુખ બનાવવા માટે તેમનો ભોગ લેવામાં આવ્યો. છેક ત્યારથી નેહરુએ પોતાના તરફી અને પોતાના ના હોય તેઓ માટે ગમો-અણગમો શરૂ કરીને જે તે સ્થાન સરકારમાં આપવા માંડ્યું. આથી જ છેક શરૂઆતથી જ આ દેશને સંગઠિત સરકારને બદલે વિભાજિત સ્થિતિમાં મૂકવાનું શરૂ થયું. સરદાર વલ્લભભાઈ પટેલના અવસાન સુધી સરદાર પટેલે એકરાગિતા અને દેશની જરૂરિયાતને ધ્યાનમાં લઈને પોતાનું યોગદાન આપ્યું. તેમના નિધન બાદ નેહરુવાદ શરૂ થયો અને નેહરુની વાહ વાહમાં એટલા ગડાબૂડ થયા કે સરદારે તિબેટ માટે જે કાંઈ અંગુલિનિર્દેશ કર્યો હતો તેનો વિચાર કરવાને બદલે ચાઉ-એન-લાઈને આવકારી હિંદી-ચીની ભાઈ-ભાઈ અને રશિયાની ડાબેરી પદ્ધતિથી આકર્ષાઈને આ દેશને જે રીતે દોરવણી આપવાની હોય તેને બદલે અનુકૂળ ના હોય તેવી પદ્ધતિથી સરકારો ચાલતી રહી. આઝાદીના સમયમાં જે

રાષ્ટ્રપ્રેમની હાકલથી આઝાદી પ્રાપ્ત કરી તેને બદલે રાજકીય નેતાઓ પોતાના વારસદારોને પોતા પછી પોતાના જેવાં સ્થાન પ્રાપ્ત થાય અને જ્યાં તક મળે ત્યાંથી કાળાં નાણાં પ્રાપ્ત કરવામાં લગભગ હોડ ચાલતી રહી. જે આજે પરદેશમાં આવાં કાળાં નાણાં રૂપિયા ૨૫ લાખ કરોડ હોવાની માહિતી આપણને મળે છે.

આ બધું જોતાં પ્રજાસત્તાક દેશ તરીકે જ્યારે પ્રજાને મતાધિકાર પ્રાપ્ત થયો હોય ત્યારે હવે પ્રજાને પોતાના વિકાસ માટે મુશ્કેલી ના રહે તે માટે પ્રજાએ જાગૃત થવાની જરૂર છે. આ માટે હવે જ્યારે ચૂંટણી નજીક આવી રહી હોય ત્યારે દરેક પક્ષ પોતાના ચૂંટણીઢંઢેરામાં એ વાતની કબૂલાત કરે કે તેમનો પક્ષ રાજ્યની કે મધ્યસ્થ સરકારની જે જે જવાબદારીવાળી જગ્યા પર તેમના ઉમેદવારો ચૂંટાશે તેઓ ગંભીરતાથી પોતાની જવાબદારી સમજીને રાજ્ય અને દેશની સેવા કરવા માટે સમર્પિત થશે. પોતે અથવા તેમના વારસદારો કે સંબંધીને કોઈ લાભ પ્રજાના હિતને ભોગે નહીં કરાવે અને પોતાના સ્થાનનો ઉપયોગ પ્રજાના હિતમાં જ કરશે તેવી બાંહેધરી સાથે જે તે પક્ષના રાજનેતાઓ પોતે ખોટી રીતે કમાયેલાં નાણાં ઉપર તેમનો કોઈ હક નથી એ રીતે ભારત સરકાર આવાં નાણાં જપ્ત કરીને દેશના વિકાસમાં વાપરે એવી બાંહેધરી જે તે પક્ષે આપવી જોઈએ. પ્રજાએ જ્યારે આવા ઉમેદવારો તથા પક્ષના નેતાઓ આવે ત્યારે આવી જાહેર કબૂલાત મેળવી લેવી જોઈએ. દરેક પક્ષે પોતે સોગંદનામું કરીને ભારત સરકારને સુપરત કરવું જોઈએ. જેથી ખરી હકીકત બહાર આવશે અને વિકાસને બદલે આવાં નાણાં બહાર વગે થયાં હતાં તે ફરી વિકાસમાં કામ લાગશે.

ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ કે જ્યાં ભણેલા-ગણેલા અધ્યાપકો કે ઉચ્ચશિક્ષણ લેતાં ભાઈ-બહેનો પોતપોતાના વિસ્તારમાં કોઈ એક પક્ષ માટે કામ ના કરતાં જાહેરમાં એવા ઉમેદવારો કે જે આવાં સોગંદનામાં માટે તત્પર હોય તેમને જ પ્રજા સહકાર આપે, તેવા પ્રયત્ન કરવા જોઈએ. કૉલેજોમાં રજાના દિવસે મતદાર જાગૃતિ માટે શિક્ષકો-અધ્યાપકો સમય ફાળવીને દેશદાઝની ભાવનાને આગળ વધારે. સાચા અર્થમાં મતદાન એની યોગ્યતા પુરવાર કરે તેવું વાતાવરણ શિક્ષિત પ્રજા ઊભું કરે તે આજની માંગ છે. જેથી ભાવિ પેઢીને સારા રાજકીય કાર્યકર્તાઓ પ્રાપ્ત થાય અને રાજ્ય-દેશનો વિકાસ સારી રીતે થાય. આ બધું આપણે માટે જરૂરી છે જેથી સમયસર દરેકે યોગ્ય મતદાન થાય અને પોતે યોગ્ય મતદાન કરે તે સમયની માંગ છે.

(૪ ઑક્ટોબર ૨૦૧૨)

શ્રી.શિવ.પટેલ



## દીપોત્સવી પર્વ

### પરમાનંદ ગાંધી

उत्सवप्रियाः खलु मानवाः । (કાલીદાસ)

'મનુષ્ય ઉત્સવપ્રિય હોય છે.'

### ઉલ્લાસનું પર્વ – દીપોત્સવી

આનંદ અને ઉલ્લાસનું મહાપર્વ એટલે દીપોત્સવી. પણ ક્યાં છે આનંદ? ક્યાં છે ઉલ્લાસ? ભયંકર મોંઘવારીની ભીંસમાં પિસાતા, આતંકવાદના ભયના ઓછાયા નીચે જીવતા આજના માણસમાં ઉલ્લાસ હોવાનો? અને પરરાષ્ટ્રોના અબજોના દેવામાં ડૂબેલા રાષ્ટ્રનો આનંદ પણ એકાદ દેવાળિયાના જેવો જ હોય ને?

છતાંયે આપણે દીપોત્સવી માણીએ છીએ. સંભવતઃ એક જ દૃષ્ટિએ – જે ચાર દા'ડા આનંદમાં-સુખમાં વ્યતીત થયા તે ખરા.

*'છે માનવી જીવનની ઘટમાળ એવી*
*દુઃખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.'*

પરંતુ એ દુઃખોની વચ્ચે સુખ શોધવાનું વરદાન મનુષ્યને મળ્યું છે. જીવનમાં આવતી ઉપાધિને તે સમાધિમાં બદલી શકે છે.

વેણીભાઈ પુરોહિતની એક સુંદર પંક્તિ છે.

*'કંટકની તમા કંઈ નથી ખીલતા ગુલાબને,*
*કુદરતની કલાનો આ અજબ ઈન્કિલાબ છે.'*

અને આ સમાધાન હૈયે ધારણ કરી માણસ પરંપરાગત આનંદ માણે છે. તેને થાય છે 'લાવ આજે તો ઉમંગમાં નાચી લઉં, આવતું વરસ કોણે દીઠું છે? એમ તમાચો મારી ગાલ લાલ રાખીને પણ તે દિવાળી માણે છે.'

આ મહાપર્વની શરૂઆત ત્રયોદશી-ધનતેરસથી થાય છે. મહાલક્ષ્મી પૂજનથી થાય છે. (ઘણા દિવાળીના દિવસે પણ તે પૂજન કરે છે.)

#### મહાલક્ષ્મી પૂજન

સોયના કાણામાંથી ઊંટ પસાર થઈ શકે પણ શ્રીમંતને સ્વર્ગ ન મળે, ખ્રિસ્તી ધર્મનું આ વિધાન અતિશયોક્તિભર્યું અને નકારાત્મક હોવા છતાં વિચારણીય છે. કારણ કે તેમાં જીવનની એક વાસ્તવિક સમજણ છે.

પૈસો આવતાં ઘણાં અનર્થો નિર્માણ થાય છે. તેથી તો 'જર, જમીન અને જોરુ એ કજિયાના છોરું' એ કહેવત પ્રચલિત થઈ.

સંપત્તિ-વૈભવ-વગેરે આવતાં જ માણસની ઉપભોગની લાલસા વધતી જાય છે. પરિણામે વિલાસીનતા, શૃંગારપ્રિયતા વધતી જાય છે, માણસ ભોગલંપટ, પૌરુષહીન, વ્યસનાધીન અને વિદ્યાહીન થતો જાય છે, આળસુ તથા પ્રમાદી બને છે. અને માણસો આવા દુર્ગુણોનો શિકાર બને છે.

સવાલ એ છે કે તમે સંપત્તિ તરફ કઈ દૃષ્ટિથી જુઓ છો. ઉપભોગની કે ઉપવાસની?

ઉપવાસની દૃષ્ટિ આવતાં જ માણસનો જીવન તરફનો અભિગમ સદંતર બદલાઈ જાય છે. ભારતીય ઋષિઓએ સંપત્તિને વિષ્ણુ પત્ની ગણી તેની ઉપાસના કરી છે. તેને પૂજાર્હ ગણી છે. મા કહીને હાંક મારી છે. અને સામાન્ય મા પાસે બાળક લાડથી માંગે તો સામાન્ય મા પણ તેને ના નથી પાડતી.

આજે સમાજમાં લક્ષ્મી તરફ જોવાની ઉપભોગની દૃષ્ટિ થઈ છે. લક્ષ્મી એટલે ભોગો મેળવવાનું સાધન એવી ક્ષુદ્ર હલકી મનોવૃત્તિ નિર્માણ થઈ છે. 'મારી પાસે પૈસો છે તે મારો છે. મને ફાવશે તેમ વાપરીશ, તમે મને પૂછવાવાળા કોણ છો? મારા વૈભવના જોરે હું બધું કરી શકું છું. ગમે તેને ખરીદી શકું છું. અને ગમે તેને નચાવી શકું છું.' આવી ઉન્મત્ત સમજણમાં રાચનારો બહુ મોટો વર્ગ છે. પછી ભલેને વખતે તે બોલી દેખાડતો ન હોય. 'મારા સુખોપભોગ માટે હું પૈસો વાપરું છું – તેની પાસેથી મને ફાવે તે કામ લઉં છું.' એમ નશામાં ચૂર આ લોકો લક્ષ્મીને પોતાની દાસી ગણે છે.

### લક્ષ્મી મા છે

લક્ષ્મી તો તારી મા છે તેથી માનું પૂજન કરવાનું

महालक्ष्मी च विद्महे विष्णुपत्नी च धीमहि ।

तन्नो लक्ष्मीः प्रचोदयात् ॥ (श्रीसूक्त) 'વિષ્ણુ પત્નીનું ધ્યાન ધરું છું. તે મહાલક્ષ્મીને હું જાણું છું. તે લક્ષ્મી અમારા મન અને બુદ્ધિને પ્રેરણા આપે.' કહી તેની પાસે પ્રસન્નતા માંગવાની અને એ વાત તો નિર્વિવાદ છે કે મા હંમેશાં પ્રામાણિક તથા સદાચારી દીકરા ઉપર જ પ્રસન્ન થાય છે.

આખું વરસ તેણે આપણું કાર્ય કર્યું છે આપણી બધી માંગ પૂરી પાડી છે. તેથી કૃતજ્ઞતાપૂર્વક તેનું સ્મરણ કરી તેનું પૂજન કરવાનું. તેના પ્રત્યે પૂજ્યભાવ વ્યક્ત કરવા પૂજન કરવાનું અને જ્યાં લક્ષ્મીનું આ સમજણથી પૂજન થતું હોય, ઉપાસના થતી હોય ત્યાં આગળ જણાવ્યા તેવા દુર્ગુણો આવે ખરા?

### લક્ષ્મીપૂજન કે અલક્ષ્મીપૂજન!

ધનતેરસને દિવસે યા તો દિવાળીને દિવસે લોકો લક્ષ્મીપૂજન કરે છે. પરંતુ હકીકતમાં મોટે ભાગે તે લક્ષ્મીનું નહીં, અલક્ષ્મીનું જ પૂજન થતું હોય છે.

વિત્ત શક્તિને નિયંત્રણ કરનારી ફક્ત બે જ સત્તા છે. એક ધર્મસત્તા અને બીજી સત્યનિષ્ઠ, ધર્મનિષ્ઠ રાજસત્તા. ધર્મસત્તા આજે લગભગ મૃતઃ પ્રાય થઈ છે અને રાજસત્તા વિત્તશક્તિથી જ ખરીદાયેલી છે, તેની ગુલામ બની છે તે શું લગામ મૂકવાની હતી?

આપણે ત્યાં કહેવત છે કે 'લક્ષ્મી આવે છે ત્યારે કમરમાં લાત મારે છે અને જાય છે ત્યારે પેટમાં લાત મારે છે.' મતલબ, કમરમાં લાત મારે ત્યારે માનવી ટટ્ટાર થઈ અક્કડાઈમાં ચાલે અને પેટમાં લાત મારે ત્યારે બેવડ વળી જાય છે. પૈસો આવે ત્યારે માણસ અક્કડ બને છે અને પૈસો જાય છે ત્યારે બેવડ બની જાય છે એ ઉક્તિ યથાર્થ જ છે. અક્કડાઈમાં ચાલતી અનિયંત્રિત અર્થશક્તિ ઉપર નિયંત્રણ મૂકવાની આવશ્યકતા છે.

આજે જરૂર છે ધર્મસત્તાને પુનર્જીવિત કરવાની. ધર્મનાં મૂલ્યોને યોગ્ય રીતે સમજવાની અને તે થશે તો જ આજનું અલક્ષ્મીપૂજન, લક્ષ્મી પૂજનમાં બદલાશે અને લક્ષ્મી પૂજન મટીને યોગ્ય અર્થમાં મહાલક્ષ્મી પૂજન થશે. લક્ષ્મી આગળ આવી ગયેલા 'અ'નું સ્થાન 'મહા' લેશે.

તો ધનતેરશને દિવસે યા દિવાળીને દિવસે આપણે જરૂર આપણા વૈભવનું-ધનનું પૂજન કરીશું. તે વૈભવથી મળતાં સુખો પણ માણીશું. પણ વૈભવ લાવનાર લક્ષ્મીને મા સમજી તેનું પૂજન કરીશું.

### નરક ચતુર્દશી

હજારો વર્ષ પહેલાં પ્રાગ્ જ્યોતિષ દેશનો રાજા નરકાસુર પ્રજા ઉપર સિતમ ગુજરાતો હતો. સૌંદર્યનો તે શિકારી હતો. તેણે સ્ત્રીઓનાં અપહરણ કરી કેદખાનામાં રાખી હતી. શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કરી સ્ત્રીઓને મુક્તિદાન આપ્યું. એ દિવસ એટલે કાળી ચૌદસ (નરક

ચતુર્દશી). નરકાસુરે વર્તાવેલા કાળા કેરમાં પ્રજા મુક્ત થઈ. લોકોએ હરખઘેલા થઈ બીજા દિવસે ઉત્સવ મનાવ્યો. અમાસની ઘોર અંધારી રાત્રિમાં પણ આનંદ અને ઉલ્લાસનું મોજું ફરી વળ્યું! એ ઉલ્લાસમાં ઘેરઘેર દીવડા પ્રગટ્યા અને અમાસ પૂનમમાં બદલાઈ ગઈ.

ત્રાસ અને અત્યાચારમાંથી મુક્ત થયેલાના આનંદ, ઉત્સાહ તથા ઉલ્લાસનું પ્રતીક એટલે દીપોત્સવી.

આજે પણ નરકાસુર જીવતો જ છે. પ્રાગ્‌ જ્યોતિષનો નરકાસુર તો મર્યો પણ આસુરીવૃત્તિ મૂકતો ગયો છે. તેને મારવાની જરૂર છે. દર વર્ષે તેને મારવા છતાં તે જીવતો થાય છે. ફરી ફરીને તેને મારવો પડે છે. આપણા મનમાં તે ઘર કરી બેઠો છે સમાજમાં તે તાંડવ નૃત્ય કરી રહ્યો છે. તેનો પરાભવ કરી તે આનંદના પ્રતીક તરીકે આપણે દીપ જ્યોતિ પ્રગટાવીશું. આ દિવસે કેટલાક તાન્ત્રિકો કાલભૈરવની ઉપાસના કરે છે. કેટલાક શક્તિ ઉપાસના પણ કરે છે.

## દીપોત્સવી

વૈદિક સંસ્કૃતિની કરોડરજ્જુ સમાન વર્ણવ્યવસ્થાનું ખંડન કરનાર, આસુરી અને ભોગવાદી વિચારના પુરસ્કર્તા બલિનું દમન, વામન ભગવાને આ જ દિવસે કર્યું હતું. અને લોકોએ ઉત્સવ મનાવી ઘેર ઘેર દીપ પ્રગટાવ્યા હતા.

દીપોત્સવી એટલે વરસનો આખરનો દિવસ, ધંધાનું સરવૈયું કાઢી ચોપડા પૂજન કરવાનો દિવસ. જો કે આજે બદલાયેલી પરિસ્થિતિ પ્રમાણે ધંધાકીય દૃષ્ટિએ માર્ચ મહિનો આખરનો દિવસ ગણાય છે. છતાં પણ દિવાળીના દિવસે ચોપડા પૂજનનું મહત્ત્વ હજુ પણ ટક્યું છે.

વૈશ્યનું સર્વસ્વ એટલે ચોપડા. તેમના પુરુષાર્થ અને પ્રારબ્ધે આપેલી યારીના જમા ઉધાર એટલે ચોપડા. લખેલા આંકડા કદી ખોટું ન બોલે એ શ્રદ્ધા અને ભાવથી તેનું પૂજન કરવાનું. હું સાચો હિસાબ રાખીશ, પુરુષાર્થથી કમાણી કરીશ, હરામનો પૈસો લાવીશ નહીં, આ સદ્‌ભાવના કારણે ચોપડા પૂજન એ કેવળ હિસાબી ચોપડાનું પૂજન ન રહેતાં મા શારદાનું પૂજન ગણાય છે અને શારદામા મારી ઉત્તરોત્તર પ્રગતિ કરે એ ભાવથી તેનું પૂજન કરવાનું.

અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક એટલે દીપોત્સવી. ગુલામી અને અત્યાચારમાંથી મુક્તિનું પ્રતીક એટલે દીપોત્સવી.

દીપોત્સવી એટલે આસુરી વૃત્તિ ઉપર દૈવી સંપત્તિનો વિજય. દીપોત્સવી એટલે હતાશામાંથી આશાનો સંચાર. દીપોત્સવી એટલે અંધકારમાંથી પ્રકાશમાં પ્રયાણ.

દીપોત્સવીના દિવસે બહાર તો દીવા પ્રગટવાના જ. પરંતુ તેની સાથે સાથે પ્રત્યેકના અંતરમાં પણ દીવો પ્રગટવો જોઈએ. અંતરમાં જ અંધારું હોય તો બહાર પ્રગટાવેલા હજારો દીવા નિરર્થક છે.

દીવો એ જ્ઞાનનું પ્રતીક છે. અંતરમાં દીવો પ્રગટાવવો એટલે જીવનની નિશ્ચિત વિધાયક દૃષ્ટિથી દિવાળી પર્વની ઉજવણી કરવી.

तमसो मा ज्योतिर्गमय । એ ઉપનિષદનો મંત્ર બોલાય જ છે. 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા' પરંતુ જીવનમાં આ મંત્રની સાધના કરવાની છે.

## નવું વર્ષ

બલિરાજા અસુર હતો. પરંતુ તેનામાં પણ ઘણા ગુણો હતા. દુશ્મન હોય તો શું થયું? હજુ સુધી જગતમાં કોઈ પણ વ્યક્તિ એવી નહીં હોય કે જેનું એકાદ તત્ત્વ પણ આપણને ન સ્પર્શે.

ઉમાશંકરે એક ઠેકાણે યથાર્થ કહ્યું છે, 'કોઈ પણ માણસનો કાંકરો કાઢતાં પહેલાં એટલું વિચારી જો જો કે ઈશ્વર જેવો કલાકાર ક્યારેય માણસ જેવા માણસને વેડફે ખરો?'

બલિરાજાના ગુણોનું પૂજન થવું જોઈએ. અને તેની યાદમાં વામન ભગવાને દિવસ નક્કી કર્યો અને તે દિવસે એટલે બલિ પ્રતિપદા. તે દિવસે ભગવાન પોતે બલિરાજાના દ્વારપાળ થયા. અને તે ભાવના લક્ષમાં રાખીને તે દિવસ બલિ પ્રતિપ્રદા તરીકે જાહેર

થયો. અને એ જ દિવસ એટલે આપણું બેસતું વર્ષ. ગુણપૂજનનું પ્રતીક એટલે નવા વર્ષનો મંગલ પ્રારંભ – પણ આ તો થઈ અતિ પ્રાચીન વાત.

પરંતુ ત્યાર બાદ હજારો વર્ષ પછી પરદુઃખભંજન સમ્રાટ વિક્રમાદિત્યે કાશ્મીર ઉપર હુમલો કરનાર દસ્યુઓને અતુલ પરાક્રમ દેખાડી તેમને ભારત બહાર તગડી મૂક્યા હતા તે વિજયના ઉપલક્ષ્યમાં તે દિવસથી તેમની યાદમાં વિક્રમ સંવતનો પ્રારંભ થયો. તે દિવસ એ આપણું બેસતું વર્ષ.

ભર્તૃહરિ, તેમના મોટાભાઈ હતા અને તેમણે વૈરાગ્ય લીધા પછી અવંતિકા (ઉજ્જૈન)ની ગાદી ઉપર વિક્રમાદિત્યનો રાજ્યાભિષેક થયો.

મહારાષ્ટ્રમાં જેમ શક સંવતના પ્રથમ દિવસ-ગુડી પડવાનું મહત્ત્વ છે તે રીતે મોટા ભાગના ભારત દેશમાં મહાકાલેશ્વરના પરમ ઉપાસક વિક્રમાદિત્યના નામે પ્રચલિત વિક્રમ સંવતનું મહત્ત્વ છે.

શુભ સંકલ્પનું પ્રતીક એટલે બેસતું વરસ! આપણું જીવન અંધકારથી વ્યાપ્ત થયું છે. મોહ અને અજ્ઞાનના તિમિરમાં આપણે આથડીએ છીએ. તે વખતે દીપોત્સવીના દિવસે પ્રગટાવેલા જ્ઞાનદીપના પ્રકાશમાં જીવનનો રાહ શોધી લઈ બેસતા વર્ષના મંગલ પ્રભાતે, શુભ સંકલ્પ કરી તે રાહે મક્કમતાથી ચાલવાનો પ્રયાસ કરવાનો.

### ભાઈબીજ

દીપોત્વી ઉત્સવના છાકમાં સ્ત્રીનું પાવિત્ર્ય ભૂલાવું ન જોઈએ. તેથી રક્ષાબંધન ઉપરાંત બીજો એક દિવસ નક્કી કર્યો અને તે દિવસ એટલે ભાઈબીજ. દીપોત્સવી પર્વનો આખરનો દિવસ. રક્ષાબંધનના દિવસે બહેન ભાઈના ઘરે જઈ રક્ષા બાંધે અને ભાઈબીજના દિવસે ભાઈ બહેનના ઘરે જાય. બહેન હૈયાના ભાવથી ભાઈના ઓવારણાં લે અને લાડથી તેને જમાડે. ભાઈબીજના દિવસે ભાઈનું બહેન સાથે યમુના સ્નાનનું પણ આગવું મહત્ત્વ છે.

પરંતુ ભાઈબીજનો દિવસ એ કેવલ ભાઈના ઓવારણાં લેવાનો દિવસ નથી. પણ સમગ્ર સ્ત્રી સમાજ તરફ જોવાની પવિત્ર દૃષ્ટિ કેળવવાનો દિવસ છે. સ્ત્રી એ એક મોટી શક્તિ છે, તેના સન્માનનો તે દિવસ છે.

સ્ત્રી, એ એક વસ્તુ યા વિષય નથી. ઘરની દાસી પણ નથી. પરંતુ ઘરની સ્વામિની છે. હકીકતમાં એક રીતે તો ગૃહ-વિદ્યાપીઠની કુલગુરુ છે. સંસ્કાર સિંચન કરનારી સંસ્કારદાત્રી છે. આ દૃષ્ટિ કેળવવાનો દિવસ એટલે ભાઈબીજનો દિવસ.

ટૂંકમાં, દીપોત્સવીનું પાંચ દિવસના ઉત્સવનું પર્વ ઊજવીએ. પરંતુ તે પાછળનો ભાવ સમજીને ત્રયોદશીએ લક્ષ્મીને ભોગદાસી ન સમજતાં મા સમજીને તેનું પૂજન કરીએ. પ્રભુ કાર્યમાં લક્ષ્મીનો વિનિયોગ કરી મહાલક્ષ્મીનું પૂજન કરી માની છાયામાં જીવીએ.

ચતુર્દશીએ નરકાસુરનો સંહાર કરી જ્યાં જ્યાં નરક લાગે ત્યાં સ્વર્ગનું સુખ નિર્માણ કરવાનો પ્રયાસ કરીએ.

અમાસના દિવસે બલિની આસુરી વૃત્તિ ડામી વૈદિક સંસ્કૃતિના જીવન મૂલ્યો પ્રસ્થાપિત કરી દીપોત્સવી માણીએ. પ્રસરેલા અંધકારને આપણા પુરુષાર્થના પ્રકાશથી ભરી દઈ જીવનનું સરવૈયું કાઢીએ.

નવા વરસે શત્રુની પણ ગુણપૂજા કરીને જૂનાં વેરઝેર ભૂલી હેતપ્રીતના નવા મંડાણ કરી. દીપોત્સવના પ્રકાશમાં સાંપડેલા રાહ પર શુભ સંકલ્પ સાથે આગળ વધીએ.

સ્ત્રીશક્તિની ઉપેક્ષા ન કરતાં, તેને ક્ષુદ્ર ભોગદાસી ન સમજતાં ભાઈના નિઃસ્વાર્થ પવિત્ર સ્નેહથી ભાઈબીજને આવકારીએ.

આ ભાવથી દીપોત્સવીનું મહાપર્વ ઊજવીશું તો જરૂર નવું વર્ષ સુખાકારી આનંદદાયી અને મંગલકારી નિવડશે.

(આપણો સાંસ્કૃતિક વારસો, પરમાનંદ ગાંધી (આનંદ), શ્રદ્ધા પ્રકાશન, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિઃ ૨૦૦૭)

આસો માસો શરદપૂનમની રાત જો,
ચાંદલિયો ઊગ્યો રે સખી, મારા ચોકમાં.' (લોકગીત)

## કોડિયું

અસ્ત જાતા રવિ પૂછતા અવનિનેઃ
'સાર શો કોણ કર્તવ્ય મારાં?'
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભાં સહુ,
મોં પડ્યાં સર્વનાં સાવ કાળાં.
તે સમે કોડિયું એક માટી તણું
ભીડને કોક ખૂણેથી બોલ્યુંઃ
'મામૂલી જેટલી મારી ત્રેવડ, પ્રભુ!
એટલું સોંપજો, તો કરીશ હું.'

**ર. ટાગોરઃ અનુ.ઃ ઝવેરચંદ મેઘાણી**

●

## પૂર્ણિમા નિત્ય રમ્ય

સોહે કેવી શરદ તણી આ પૂર્ણિમા સ્નિગ્ધ શાંત!
જેનાં ઝીલી કિરણ, જગ જોને બન્યું દૃષ્ટિ-કાન્ત.
આંહી છે જાગ્રતિ નહિ, નહિ સુપ્તિ વા, કો તુરીય
લાધી જાણે અગમ સ્થિતિ પાણી થકી જે અકથ્ય.

આને કે'વી રજનિ? દિન વા? — બેઉથી યે નિરાળી
એની તેજોમય રિધ શી અંધારને ર્‌હે ઉજાળી!
ઊંચાંનીચાં પુરભવન, કાસાર ને વૃક્ષ પેલાં
દીઠેલાં તે અદીઠ સમ લાગે, અરૂપે રસેલાં.

ને વાયુની લહરિમહીં વેરાય શી મંદમંદ
તારી વેણી થકી પ્રગટતી કુંદ કેરી સુગંધ
વ્રીડા-ઝીણી તવ મધુર વાણી અહો જાદુપૂર્ણ,
હૈયા-વ્યોમે રણઝણી છવાઈ રહી, થૈ બુલંદ.

બીજી તે શી અધિક ગરવી? રે મને નિત્ય રમ્ય,
લાધ્યો મારી હૃદય-રતિનો સ્પર્શ જેને અનન્ય.

**● રાજેન્દ્ર શાહ**

●

## નવા વર્ષે

નવા વર્ષે હર્ષે,
નવા કો ઉત્કર્ષે, હૃદય, ચલ! માંગલ્ય પથ આ
નિમંત્રે; ચક્રો ત્યાં કર ગતિભર્યાં પ્રેમરથનાં.
નવી કો આશાઓ,
નવી આકાંક્ષાઓ પથ પર લળુંબી મૃદુ રહી;
મચી ર્‌હેશે તારી અવલનવલ શી ગોઠડી તહીં!

**● ઉમાશંકર જોશી**

## અમે અંધારું શણગાર્યું

આજ અમે અંધારું શણગાર્યું,
હે જી અમે શ્યામલને સોહાવ્યું.
ગગને રૂપાળું કર્યું તારા મઢીને અંતે,
ધરતીએ મેલીને દીવા;
ફૂલોએ ફોરમને આલી આલીને એનું
અંગે અંગ મહેકાવ્યું! હો આજ.
પાણીએ, પાય એને, બાંધેલા ઘૂઘરા
ખળખળ ખળખળ બોલેઃ
ધરણીના હૈયાના હરખે જાઓણે આજ
અંધારાને યે નચાવ્યું! હો આજ.
વીતી છે વર્ષા ને ધરતી છે તૃપ્ત આજ
આસમાન ખીલી ઊઠ્યું;
ઊડે આનંદરંગ ચોમેર અમારો,
એમાં અંધારું આજે રંગાયું! હો આજ.
થાય છે રોજ રોજ પૂજા સૂરજની
ને ચાંદાનાંયે વ્રત થાતાંઃ
આનંદઘેલાં હૈયે અમારાં આજ
અંધારાને યે અપનાવ્યું! હો આજ.

**● પ્રહ્‌લાદ પારેખ**

●

## જલદીપ

એક દીપ તણાયો જાય,
જલમાં દીપ તણાયો જાય;
કમળ સમો ઘૂમે વમળોમાં,
વાયુમાં વીંઝાયઃ
જલમાં દીપ તણાયો જાય.
અંધારાનાં અંચલ ભેદી
પંથ પાડતો જાય,
તરંગની ચંચલ અસવારી
કરી તેજ મલકાયઃ
જલમાં દીપ તણાયો જાય.
ઘડીક નમણી જ્યોતિ નાજુક
સંપુટમાં જ સમાય,
ઘડી ભવ્ય ખગાલભૂગોલે
દીપશિખા લહરાયઃ
જલમાં દીપ તણાયો જાય.
વાટ વણી ના, ના પેટાવ્યો,
પોતે પરગટ થાય;
નહીં મેશ કે નહીં મોગરો
કેવલ તેજલ કાયઃ
જલમાં દીપ તણાયો જાય.

**● બાલમુકુંદ દવે**

## સૌમ્ય બનો

સાથે રહેવું મુશ્કેલ છે.
આપણા શબ્દો ઘણી વખત ધમકીભર્યા અને હિંસક હોય છે.
વિરોધ, વાદવિવાદ અને મુકાબલો.
આ બધું શા માટે? શું એનાથી જ આપણે વધારે સારો
સમાજ સરજી શકીશું?
માનવીય સંબંધોમાં આદર વિનાની ઔપચારિકતા
અને ઉપરછલ્લી સૌમ્યતાને કારણે આપણે
સમાજમાંથી માણસની બાદબાકી કરીએ છીએ.
આપણે હંમેશાં સત્તાના શોખીનો છીએ.
દરેક વખતે આપણો જ કક્કો ખરો કરવા માગીએ છીએ
અને, યેન કેન પ્રકારેણ ટોચ પર પહોંચવા પ્રયત્ન કરીએ છીએ.
આપણું લાગણીસભર જીવન સંકોચાઈ ગયું છે, ગરીબડું થઈ ગયું છે.
ક્યારેય નહોતી એટલી આજે સારપ અને સુંવાળાની જરૂર છે.
તમને જો એટલો ખ્યાલ હોય કે માણસો કેટલા નિરાધાર છે,
કેટલા બધા એકલવાયા છે,
તો તમે એમના પ્રત્યે હૂંફાળા બનો.
બીમારી, અછત, કમનસીબી કે ગરીબીને કારણે
જે લોકો જીવનના રાજમાર્ગ પર રઝળી ગયા છે –
એવા અસંખ્યા લોકોનો સહેજ ખ્યાલ તો કરો.
એ તરસે છે તમારા સ્મિત માટે, વાટ જુએ છે વહાલપભર્યા શબ્દની,
મીટ માંડીને બેઠા છે કે સોગાદ મળે મૈત્રી અને સમજણની.
બીમાર, વૃદ્ધ અને અપંગનો તો વિચાર કરો
જેમને મળે છે જવલ્લે જ હાથ હૂંફાળો કોઈનો
નથી થયો નસીબ આનંદ ઉષ્માભર્યો આશ્લેષનો
જેઓ ગયા છે દટાઈ એકલાઅટૂલા
એમના પ્રત્યે પૂર્ણપણે નજાક્ત અને સૌમ્યતાથી વર્તો,
અને કોઈને પણ નોધારા છોડો નહીં.
વૃદ્ધ કઈ રીતે થવું એ પણ માણસે શીખવું જોઈએ.
વધતી જતી વય એ અણધારી આફત નથી, જરૂર નથી કે
ઘડપણ એટલે વ્યથા અને વલોપાત.
વૃદ્ધ ભલે થાઓ પણ જુવાન હૃદય સાથે.
આ પોતે જ એક સ્વયંભૂ કલા છે.

(ફિલ બોસાન્સના 'Give Happiness a Chance'નો રમેશ પુરોહિતે કરેલ અનુવાદ
'સુખને એક અવસર તો આપો'માંથી એક અંશ સાભાર.)

## વર્તુળમાં છું

**કિશોર મોદી**

શ્વાસના સઘન વર્તુળમાં છું,
શિવના સુખન વર્તુળમાં છું.

આસપાસ ટહુકા ઝીલવાના,
વૃક્ષના મધુર વર્તુળમાં છું.

મસ્તી ને વળી મજાક થકી રહે,
મિત્રના રસિક વર્તુળમાં છું.

શબ્દની લીલપતા પી ગયો છું,
કાવ્યના હરિત વર્તુળમાં છું.

હું અનન્ય ગીત ગાઉં કિશોર,
મૌનના અમર વર્તુળમાં છું.

(1407, New York Ave, Glen Allen VA 23060)

## ખોળે

**કાજલ એચ. જોષી**

તોફાની જળ જાણે તટ ખોળે
પછી જાણે પ્રતિબિંબ ખોળે.

તે રણને લાગી તૃષા તે જાણે
આ મૃગજળમાં નજરે બોળે.

આંખ મારી આ બધું જોઈને
તે છતાં પણ પી શકે અને ઢોળે.

શૂળોનાં મહારાજ્યમાં કોઈ હવે
આ સુગંધી પુષ્પ પણ કોળે.

બસ! મારું મન આ વહી ગયેલ
સંસ્મરણોને જ સીધું વાગોળે.

(બોરલા, તા. તળાજા, જિ. ભાવનગર, પો. બેલા,
વાયા ત્રાપજ, પીન ૩૬૪ ૨૫૦. મો.: ૯૭૨૩૯૧૪૪૬)

## વાત છાની કાઢતા

**ફિલિપ ક્લાર્ક**

શ્હેરના કોલાહલો જ્યાં જંપતા;
શબ્દ છાની વાતના કૈં ડંખતા.

ફૂલ રૂપે એ જ પાછા ખીલતા;
કંટકો યે પંથમાં જે વાગતા.

દૂર ભાગ્યા જે હકીકતથી સદા;
અંત દેખી ક્યાંક આંસુ સારતા.

વાયરા શીતળ હતા પણ થાય શું?
યાદના તડકા રહ્યા છે બાળતા.

શ્વાસ લેવામાં પરેશાની થતી;
ખુદના કૈં નિર્ણયો અકળાવતા.

ભીંતના યે કાન બ્હેરા થૈ ગયા;
લોક બેઠા વાત, છાની કાઢતા.

(૩૪૨/૨. ૨-બી, ગાંધીનગર – ૩૮૨ ૦૦૭)

## વરસાદ છે!

**ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'**

કેટલો મધુરો સહજ સંવાદ છે
એકધારો પણ પડે વરસાદ છે.

ભાવ વરસાદી સતત હો મન મહીં
ધાર-ધારે ભીંજવે ઉન્માદ છે.

ને અજંપો દૂર પણ કરશે ફરી
લ્યો પલળજો, ક્યાં પછી ફરિયાદ છે.

સંગ છે વરસાદ, માણો ના કળો
ના કદી કે'જો હવે મરજાદ છે.

પ્રેમની ભીનાશ વરસાદી ગણી
એ પટારો ખોલજો યાદે-યાદ છે.

વાદળો વરસાદના વરસે પછી—
—તો વરસતો સાંભળો મધુ-રાહ છે—

બાળકોની જેમ બસ વરસાદને
– જે વધાવે, ઝરમરી શી દાદ છે.

(સેતાવાડ ગરબી ચોક, જામનગર. ૯૪૨૬૭૧૧૩૭૨)

## ઉઠેલા સન્નાટે
### (શિખરિણી/સૉનેટ)

● મંગળ રાવળ 'સ્નેહાતુર'

પહાડી ખૂંધોની દમન સરખી રીત મુજને
કહે છે પોકારી પીડિત જનના રોચક બની—
ઉકેલો પ્રશ્નોને પુરવ ભવનું ઋણ પૂરવા
અને એ સંકેતે જૂઠ-જરઠના બિંબ બુરવા!

મને દૂજે પંથે અખિલ ખગનું આર્દ્ર પૂછતું—
અમારા સ્થાનોનું જતન કરવા કોણ સરતું?
નિહાળી જુઓ તો પરણ પરનું રક્ત દદળે!
અને કૂહાડાએ તરુ-તરુવના રવ પ્રજળે!

મને સોચું ને ભ્રમણ કરતું ભાન ડગલે,
કહે છે લાખોનું શિખર બનવા છે તુજ ગજું?
પણે થોડે અંશે પથ-પથિકનું કારણ બની
કહું ને ઊછેરું સત-શબદ થૈને વતનનો!

ઉઠેલા સન્નાટે અધિક દળનો દાવ દુઃખતો
પરંતુ અંકુરે છલકી ઉઠતો ભાવ સુખનો!

(સર્વોદય આશ્રમ, સણાલી, તા. દાંતા, જિ. બનાસકાંઠા,
પીન- ૩૮૫ ૧૧૦. મો.: ૯૭૨૭૫૮૭૭૧૦)

## હું તો...

● આર. સી. દેસાઈ

ખડકાયેલી મારી ચિતા પાસે રડશો નહીં
ચિતા પર પોઢેલી લાશમાં હું સૂતેલો નથી,
હું તો ઘુમરાતા ચક્રવાતની પાંખે સવાર છું,
હું તો પાંદડા પરથી ટપકતું વરસાદનું જળ છું.
હું તો ખેતરમાં પાકેલી ડાંગરનો પીળો પ્રકાશ છું,
હું તો ફૂલની પાંખડીમાં ચકમતું ઝાકળબિંદુ છું.
હું તો વહેલી સવારે કંબલ ઓઢી ચાલતો હઉં છું,
હું તો વહેલી સવારે ગાડી પકડવા દોડતો હઉં છું,
હું તો માળો છોડી ગગનમાં ઊડતા પક્ષીની પાંખ છું,
હું તો રાત્રિના આકાશમાં ઝગમગતા તારાની આંખ છું,
મારી ખડકાયેલી ચિતા પાસે રડશો નહીં,
હું ત્યાં સૂતો નથી, હું તો અજર અમર છું.

(નિયામકઃ એચ.એમ. પટેલ કરિયર ડેવલપમેન્ટ સેન્ટર,
વલ્લભ વિદ્યાનગર. ફોનઃ ૦૨૬૯૨-૨૩૪૩૬૬)

## ગીત

● જિજ્ઞા ત્રિવેદી

રાજ, તમે કાગળ હૈયાનો
હું છું એનો અક્ષર,
છીએ અડોઅડ એકબીજાની
રહ્યું હવે ના અંતર!

તમે દૂર ઉડવાની ઈચ્છા
હું છું એની પાંખો,
કાયમ ઝળહળ થાતાં
શમણાંની છું આંખો,
સાદ કરીને બોલાવે છે અરમાનોનું અંબર!
॥ ધ્રુ. ॥ છીએ અડોઅડ...

તમે નિતરતી નયન-પાંખડી
હું છું દૃશ્ય-સુવાસ,
પ્રેમભરી નજર્યુંના રસ્તે
કરતી રહું પ્રવાસ,
સગપણના છો ફૂલ તમે ને હું છું એનું અત્તર!
॥ ધ્રુ. ॥ છીએ અડોઅડ...

તમે થયા પાંપણ ફરિયાદી
હું એનો પલકાર,
વાત વાતમાં રિસાવાનો
ક્યાં છે કંઈ ઉપચાર?
તું મલકે તો હું પણ મલકું ને થઈ જાયે સરભર!
॥ ધ્રુ. ॥ છીએ અડોઅડ...

(૧૬૧૪ એ/૧, સંકલ્પ, રમણનગર, સરદારનગર, ભાવનગર)

// લઘુકથા //

## કમનસીબ

**હરિત પંડ્યા**

એ આજે જરા વહેલા બાગમાં આવી ગયેલા. રોજ તો એમના બે સાથીદારો એમના પહેલા આવીને બાંકડે ગોઠવાઈ ગયા હોય.

એટલામાં, એકનું આગમન થયું.

"આવો ગોરધનભાઈ!" કહી એમણે સાથીદારને આવકાર્યા.

"તે, રમણભૈ, તમે આજ વે'લા આઈ ગ્યાને કંઈ!" ગોરધનભાઈએ રમણભાઈની બાજુમાં બેસતાં કહ્યું.

"હા, આજ જરા વહેલો નીકળી પડ્યો આ તરફ. કેમ, હજુ ચીમનભાઈ દેખાયા નહીં?"

"લ્યો, યાદ કરતામાં તો એ દેખાણા. સો વરહના થવાના એ."

"પેલી, અંગ્રેજીમાં કહેવત નથી, "Name the devil and he is always near."

"ભૈ, એ બધું તમને અંગ્રેજી ભણેલાને આવડે. મારે તો અંગ્રેજી અક્ષર ભેંસ બરાબર. પણ તમે અંગ્રેજીમાં જે કીધું ઈનો અર્થ તો ક્યો."

"એનો અર્થ, તમે શેતાનને યાદ કરો અને એ હાજર."

"ધીમે બોલો, એ હાંભળી ગ્યા તો તમારા ભેગું મારુંય આઈ બનવાનું. એ પાછા લવાજમ વગરના, હરતા-ફરતા છાપા જેવા છે."

"લ્યા, બે જણા મારી જ વાતો કરતા'તા કે?" ચીમનભાઈએ બાંકડે બેસતાં કહ્યું.

"ચીમનભાઈ, વાતો કરવા માટે અમારી પાસે તમારા સિવાય બીજા ઘણા વિષયો છે." રમણભાઈએ બેયનો બચાવ કરતાં કહ્યું.

"બીજી શી નવાજૂની ચીમનભાઈ?" ગોરધનભાઈએ પૂછ્યું.

"ખાસ તો કંઈ નથી. આ અમારી બાજુવાળા મનોરભાઈ ખરા ને, એ એમના બે દીકરાઓ ભેગા રહીને થાક્યા , તે દીકરી ભેગા રહેવા આવી ગયા." ચીમનભાઈએ કહ્યું.

"એ તો, નથી કીધું, દીકરી એટલે વાલ'નો દરિયો." ગોરધનભાઈએ ટાપસી પૂરી.

"અને, અમારી સામેવાળા ગીરધરભાઈ, વહુના ત્રાસથી થાકીને આવી ગયા પાછા એકલા રહેવા. કામવાળી રાખી છે તે રસોઈ કરી દે છે." ચીમનભાઈએ બીજા સમાચાર આપ્યા.

"આજના જુવાનિયા માટે પરિવાર એટલે પતિ, પત્ની અને એમનાં બાળકો. બાકી બધાં પરાયાં." રમણભાઈએ કહ્યું.

"તે, ગીરધરભાઈને છોડીઓ ખરી કે?" ગોરધનભાઈએ પૂછ્યું.

"છે ને, બે છોડીઓ છે. બેય છોડીઓ બાપને પોતાના ભેગા રહેવા લઈ જવા આવેલી, પણ બાપે કીધું, 'હાથ-પગ ચાલે છે ત્યાં સુધી મને અહીં રહેવા દો. તબિયત બગડશે ત્યારે જોયું જશે.' છોડીઓય એવી હક્કરમી કે દર અઠવાડિયે બેય આવીને બાપની ખબર લેતી રહે છે. એકવાર ગીરધરભાઈ માંદા પડ્યા, ત્યારે મોટી છોડી ગાડી લઈને આવેલી અને બાપને સાથે લઈ ગયેલી. અને મહિનો બાપને પોતાને ઘેર રાખેલા. તબિયત સુધરી એટલે એ પાછા ઘેર આવી ગયેલા. છોડી તો એમને જવા જ દેતી નો'તી. નાની છોડીય મોટીના જેવી. બાપા મોટીને ત્યાં મહિનો રહ્યા તેનું એને માઠું લાગી ગયેલું, કે'તીતી, 'બાપુ, તમે તો મને સાવકી જ ગણો છો ને!'"ચીમનભાઈએ કહ્યું.

"ગીરધરભૈ નસીબદાર કે'વાય. અરે! પણ રમણભૈ, એમાં તમારી આંખો ક્યમ ભીની થઈ ગઈ?" રમણભાઈ તરફ નજર જતાં ગોરધનભાઈએ કહ્યું.

"કંઈ નહીં. એ તો... એ તો." રમણભાઈ આગળ બોલતા અટકી ગયા.

"ના, ક્યો. મારા હમ!" ગોરધનભાઈ મંડ્યા રહ્યા.

"એ બાબતે હું કમનસીબ છું, એટલે જરા..." રમણભાઈએ કહ્યું.

"કેમ, કેમ! ઘેર રોટલા ઘડી આલનાર બૈરું છે. મજાનું પેન્શન સરકાર આલે છે. શે'રમાં દીકરો સારું કમાય છે. એને ઘેરેય દીકરો છે. આથી વિશેષ બીજું શું જોઈએ તમારે?" ગોરધનભાઈએ કહ્યું.

"એ બધું તો ઠીક, પણ ભગવાને મને એકાદ દીકરીય નથી આપી. આથી મોટી બીજી કઈ કમનસીબી હોઈ શકે!" રમણભાઈનો અવાજ તરડાઈ ગયો.

(૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૨.
મો.: ૯૯૦૪૮૪૬૨૭૦)

# ઈશ્વર... પત્થર બની ગયો...

અલ્પેશ પી. પાઠક

'પ્લીઝ દોસ્ત... જેમ બને તેમ જલ્દી...'

એરપોર્ટ પરથી જ સીધા જ અમે ટેકસીમાં ગોઠવાયા અને મેં ડ્રાઈવરને સૂચના આપી. નમ્રતા, મારી વાઈફ હસી. રિક્કીએ મારા ગાલ પર હાથ ફેરવ્યો.

'શું ઉતાવળ છે ડેડ...? બધું જોતા જોતા જઈએ છીએ. મેં તો ઈન્ડિયા જોયું જ નથી.'

એની વાત પણ ખરી હતી. નવ વરસનો રિક્કી પહેલી વાર ઈન્ડિયા આવ્યો હતો. હું અને નમ્રતા લગભગ સોળ વરસ પછી ભારત દેશમાં આવી રહ્યા હતા. બા-બાપુજી તો હવે હતા નહીં પણ જીતુકાકા અને ચંદાકાકીનો બહુ આગ્રહ હતો પણ અમેરિકા નામના દેશમાં બધું મળે છે, સમય નથી મળતો. આ વખતે બે અઠવાડિયાનો સમય ચોરી લીધો. મારે રિક્કીને એ તમામ ગલીઓ બતાવવી હતી જ્યાં એનો બાપ રખડીને મોટો થયો હતો. મારા ગામડાની ધૂળનો અનુભવ મારે તેને કરાવવો હતો. સૌથી વધુ આકર્ષણ હતું મને ભૂતનાથને મળવાનું.... જેને એક પત્થરમાંથી અમે ઈશ્વર બનાવ્યો હતો.

'ઉતાવળ છે રિક્કી... મારું ગામ હવે મારી રાહ જોતું હશે...'

'સીમ્પલી ફની રાજ...' નમ્રતાએ આંખો નચાવી. 'જે ગામથી દૂર તું સોળ વરસ રહ્યો એની જુદાઈ હવે બે કલાક પણ સહન કરી શકે. અને ત્રિકમગઢ ગામડું તો સોળ વરસ પહેલાં હતું આજે તો એ નાનું શહેર છે.'

'યસ ડિયર આઈ નો ઈટ... પણ તું જોજે ને... હું આજે પણ ત્રિકમગઢની એક-એક ગલી ઓળખી બતાવીશ...'

હવે અમદાવાદ શહેર મૂકી આગળ નીકળી ગયા હતા. ચોમાસાના બે કે ત્રણ વરસાદ પડી ગયા હતા. એટલે રોડની આસપાસના ખેતરો વધારે લીલાછમ લાગતા હતા. હું જોતો હતો કે રિક્કીને આ બધું જોવાની બહુ મજા આવી રહી છે. નમ્રતા પણ વિસ્મયથી જોઈ રહી હતી.

'એક વાત પૂછું નમ્રતા...? તને શું લાગે છે ત્રિકમગઢમાં મને કંઈ ચીજનું આકર્ષણ વધુ હશે...?'

'જીતુકાકા અને ચંદાકાકીને મળવાનું...'

'એ તો છે જ પણ એથી વધું આકર્ષણ છે મને નદી કાંઠે લઈ જતી કાચી-ધૂળિયા સડકનું... નદીનું અને ભૂતનાથનું...'

'સ્વાભાવિક છે રાજ.... તેં અહીં જિંદગીના બે દશકા કાઢ્યા છે... અહીં મોટા થયા છો... અહીંની ગલીઓમાં તારા સુખ-દુઃખ વિખરાયેલાં પડ્યાં હશે... પણ નવાઈ એ લાગે છે કે અમેરિકામાં આટલા વરસો વિતાવ્યા છતાં તારું આ એટેચમેન્ટ ઓછું થયું નથી.'

'હા... નમ્રતા... અમેરિકામાં રહ્યા પછી તો મને મારું ત્રિકમગઢ વધારે યાદ આવે છે. બધું આપ્યું છે અમેરિકાએ... પણ કંઈક એવું પણ છે જે એ દેશ મને આપી શક્યો નથી.. એ માટે મારે મારા ત્રિકમગઢમાં... મારા ભૂતનાથ પાસે આવવું પડે છે.'

'ભૂતનાથ... વ્હૂ હી ઈઝ ડેડ...?' રિક્કીનું કુતૂહલ ઉછાળા મારી રહ્યું હતું.

'હી ઈઝ અ ટિપીકલ ઈન્ડિયન ગોડ માય સન... પણ ભૂતનાથ સ્પેશિયલ છે અમારા માટે... ભૂતનાથની એ જગ્યા અમે શોધી હતી. પછી ત્યાં નાનું મંદિર બંધાયું... પણ મંદિર બંધાયું એ પહેલાં ભૂતનાથ અમારા ભગવાન બની ગયા.. એ ભગવાન તો પછી હતા પણ પહેલા અમારા બેસ્ટ ફ્રેન્ડ હતા... હું અને ઋષિ ક્યારેય એમને ભૂતનાથ મહાદેવ કહેતા જ નહીં... એ અમારા મહાદેવ નહોતા માટે ફ્રેન્ડ હતા...'

'ગોડ એન્ડ ઓલ્સો એ ક્લોઝ ફ્રેન્ડ.. ક્વાઈટ ઈન્ટરેસ્ટિંગ... વોટ યૂ સે રિક્કી?' નમ્રતાએ રિક્કીને પૂછ્યું.

'યાહ મમ્મી આઈ એમ ક્વાઈટ સરપ્રાઈઝ્ડ ટુ હીયર ધેટ... મારે પણ ભૂતનાથને જોવા છે... એમને

મળવું છે... પણ ફર્સ્ટ ઓફ ઓલ.. ટેલ મી વ્હૂ ઈઝ ઋષિ?...' રિક્કીએ તેની મોટી મોટી પાંપણોને પટપટાવી મને પૂછ્યું.

'નોટ હી ઈઝ... હી વોઝ.. સન.. હી વોઝ યોર અંકલ... જીતુકાકાના દીકરા હતા. એ પણ તારા પપ્પાના બેસ્ટ ફ્રેન્ડ હતા...' નમ્રતા મારા વિશે બધું જ જાણતી હતી. તેણે મારી બદલે રિક્કીને જવાબ આપ્યો.

'અમારી જોડી હતી ત્રિકમગઢમાં.. કોઈ મને તેના વગર કે તેને મારા વગર કલ્પી જ નહોતા શકતા. કદાચ અમારા બેમાંથી કોઈ એકલો મળે તો બધા તરત પૂછતા – ક્યાં ગયો તારો જોડીદાર...? અને અમારી ફેવરિટ જગ્યા હતી ભૂતનાથની બાજુમાં આવેલ વડ... અ બનયાન ટ્રી... એ વડને ગામના લોકો ઋષિ-રાજ વડ તરીકે ઓળખતા. અમે ગામમાં ક્યાંય ન હોઈએ તો એ વડ પર બેઠા હઈશું એવું બધા કહેતા.'

'એ બનયાન ટ્રી મને બતાવજો ડેડ...'

'હા બેટા... એ બધું બતાવવા તો હું તમને ત્યાં લઈ જાઉં છું... ઈન-ફેક્ટ એ બધું તારી મમ્મીએ પણ નથી જોયું... પણ અફસોસ કે અમારી ફેવરિટ સામસામી ડાળીઓ પર અમે બેય બેઠા હોઈએ એ દૃશ્ય હવે કોઈને જોવા નહીં મળે.'

હું જરા ગમગીન થઈ ગયો. નમ્રતા એનું કારણ જાણતી હતી એટલે એ પણ ઉદાસ થઈ ગઈ.

'વ્હાય ડેડ...? તમારું બ્રેક-અપ થયું છે...?'

'યાહ સન... અમારું બ્રેક-અપ થયું છે અને અમારું બ્રેક-અપ કરાવનાર બીજું કોઈ નહીં પણ કુદરત છે.''રિક્કીને સમજાયું નથી તેમ એનો ચહેરો કહી આપતો હતો. અઘરા ગુજરાતી શબ્દોનું ઈંગ્લિશ ટ્રાન્સલેશન તો એની મમ્મી એને આપતી જ. મેં આગળ સમજાવ્યું. 'અમારું ટેન્થનું રિઝલ્ટ આવ્યું એ વખતે ગામની નદીમાં પૂર આવેલું. હું ઋષિ અને અમારો દોસ્ત રામજી પૂર જોવા ગામથી બહુ દૂર નીકળી ગયા. અને મારા મોંઢામાંથી નીકળી ગયું કે ઋષિ માટે આ પૂરમાં આ નદી પાર કરવી રમત વાત છે. ઋષિ સાચે જ બહુ સારો તરવૈયો હતો. હું તેની પાસેથી શીખતો હતો. વાત વાતમાં મારાથી રામજી સાથે શરત લાગી ગઈ.... મારી શરત પૂરી કરવા ઋષિ ગાંડી નદીમાં ઊતર્યો... અને.... ઈટ વોઝ પૂલ્ડ ટુ બી અ બ્લન્ડર... મેં મારો ભાઈ... મારો દોસ્ત... ગુમાવ્યો...'

'ચી...ઈઈ...ઈઈ...ઈ...' અચાનક ટેક્સીએ બ્રેક મારી.

વચ્ચે કોઈ નાનકડું ગામ આવ્યું હતું. એક બુલેટ સાથે અથડાઈ ન જવાય એટલે ટેક્સીના ડ્રાઈવરે બ્રેક મારવી પડી. નાનકડા ઝઘડા પછી ટેક્સી આગળ ચાલી... અમારી વાતો પણ આગળ ચાલી.

'કાકા-કાકીનું રિએક્શન શું હતું રાજ...?'

'કાકા-કાકીને મેં જ વાત કરી હતી. તેમણે ત્યારે મને બે ઝાપટ મારી હતી. પણ પછી તેમણે મને કાંઈ પણ કહ્યા વિના માફ કરી દીધો છે. તેઓ આજે પણ મને તેમનો ઋષિ જ માને છે. બા-બાપુજીના ગયા પછી હું પણ તેમને મારા મા-બાપ માનું છું.'

'ધે વેર ધ ગ્રેટ પેરેન્ટ્સ રાજ...'

'યાહ... રિયલી ગ્રેટ એન્ડ વાઈઝ ટુ...' રિક્કીએ પણ જાણે બધું સમજતો હોય એમ ટહુકો કર્યો.

'પણ હું મારા અપરાધ-બોજ નીચે દબાઈ રહ્યો છું... આ વખતે ભૂતનાથ સામે પ્રાયશ્ચિત્ત કરવું છે. એ મારી ભૂલ હતી મારું બ્લન્ડર હતું... હું ગુનેગાર નથી તો'ય હું ગુનેગાર હોઉં એવું લાગ્યા કરે છે....'

'પ્રાયશ્ચિત્ત...? વ્હોટ્ઝ ધેટ ડેડ...?'

'કન્ફેશન માય બોય... જસ્ટ લાઈક ક્રિશ્ચિયન ડૂ ઈન ધ ચર્ચ...'

'પણ ભૂતનાથ સામે જ કેમ રાજ...? એ તો તું અમેરિકાના કોઈ પણ મંદિરમાં કરી શક્યો હોત... ઈન્ડિયન અને અમેરિકન ગોડ્ઝ અલગ ન હોય રાજ...'

'ન હોય... ચોક્કસ ન હોય... ઈન્ડિયન અને અમેરિકન ગોડ્ઝ અલગ હોય છે એવું હું માનતો પણ નથી.' મેં સ્હેજ સહવાનો પ્રયત્ન કર્યો. 'પણ નમ્રતા... તું સમજ કે ભૂતનાથ અમારા માટે સ્પેશિયલ છે... ભૂતનાથની જગ્યા અમારા માટે સ્પેશિયલ છે.. એ નાનકડું મંદિર માત્ર મંદિર નહોતું... તે અમારું બીજું ઘર હતું... અમને ઘરે ઊંઘ ન આવે તો અમે ભૂતનાથના ઓટલે સૂવા જતા... ત્યાં અમને દિવ્ય

શાંતિનો અહેસાસ થતો... એક તો નામ ભૂતનાથ અને એ વખતે એ જગ્યા પણ સાવ અવાવરુ હતી... ખાસ કોઈ આવતું જતું નહીં.... છતાં પણ અમને ત્યાં બીક ન લાગતી... અમે શિવ-લિંગ પર માથું મૂકી ઘસઘસાટ ઊંઘી જતા... વી વેર બ્રેવ બોય્ઝ રિક્કી...'

રિક્કી ધ્યાનથી સાંભળી રહ્યો હતો. નમ્રતા પણ... રિક્કીને આ નવા પ્રકારના ઈન્ડિયન ગોડની વાતોમાં રસ પડી રહ્યો હતો. નમ્રતા ગુજરાતી હતી પણ તે ક્યારેય ગુજરાતમાં રહી જ નહોતી છતાં સંસ્કારોથી તે પાકી ગુજરાતણ હતી. રિક્કીનો તો જન્મ જ અમેરિકામાં થયો હતો પણ અમે તેને પાક્કા ભારતીય સંસ્કારો આપ્યા હતા. ઘરમાં અમે ગુજરાતી જ બોલતા. એટલે રિક્કી ગુજરાતી સરસ સમજી-બોલી શકતો.

'એ વખતે તો એ સાવ નાનકડું મંદિર હતું. હવે કદાચ મોટું બનાવાયું હશે... આજુબાજુ વસ્તી પણ વધી હશે... પણ ભૂતનાથ મારા માટે સ્પેશિયલ છે અને રહેશે... એ મારા ક્લોઝ ફ્રેન્ડ હતા ને રહેશે.'

'તમે ભૂતનાથની અને ત્રિકમગઢની એટલી બધી વાતો કરી છે કે આઈ એમ જસ્ટ ઈગર ટુ સી ઓલ ધ થીંગ્સ ડેડ...'

'યાહ રિક્કી... આપણે એકાદ કલાકમાં ત્રિકમગઢમાં હઈશું...' મેં ખુશ થઈને રિક્કીના વાંસામાં ધબ્બો માર્યો.

થોડી વાર શાંતિ રહી. કોઈ કશું બોલ્યું નહીં. અચાનક મને કંઈક યાદ આવતાં હું બોલ્યો.

'...અને રિક્કી અને નમ્રતા... બીજી એક વાત... તમને ખ્યાલ છે આજે હું ઈશ્વરનું અસ્તિત્વ સંપૂર્ણપણે સ્વીકારું છું. હું ગર્વથી કહું છું હું આસ્તિક છું... મારી એ અનન્ય શ્રદ્ધામાં પણ નિમિત્ત તરીકે ભૂતનાથ જ છે. પહેલાં હું ભગવાનને પગે લાગતો કારણ કે મા-બાપે નાનપણથી કહ્યું હતું... શીખવ્યું હતું કે ભગવાન છે. પણ હું એ માનું છું કે એ સાચી શ્રદ્ધા નહોતી. ટેન્થ પછી મને સમજાયું કે આપણે શા માટે ભગવાનને માનવા જોઈએ...? આપણે જેને શ્રદ્ધા કહીએ છીએ એ ખરેખર શું વસ્તુ છે...?'

'ટેલ અસ ધ હોલ સ્ટોરી...'

'બન્યું એવું કે મેં તમને મારા અને ઋષિના જે ફ્રેન્ડ રામજીની વાત કરી તેને સત્તર વરસની ઉંમરે કાંઈક વિચિત્ર રોગ થયો.... ઋષિના મરણ પછી એકાદ વરસ પછીની આ વાત છે.. બિચારો સ્નાયુના દુઃખાવાથી બહુ રિબાય... અને એ લોકો એટલા ગરીબ કે શહેરમાં જઈને ઈલાજ કરાવી ન શકે... અને અમે લોકો પણ એટલા સદ્ધર નહીં કે તે લોકોને આર્થિક મદદ કરી શકીએ... હું રોજ એની પાસે જતો... એના બેડ પર જઈ એને હાથ-પગ દબાવી આપતો... એની સાથે આખો દિવસ કૈંક ને કૈંક વાતો કરતો... જેથી રામજી તેની પીડા ભૂલી શકે... એક વાર એનો દુઃખાવો બહુ વધી ગયો અને એ મરદનો બચ્ચો રોવા મંડ્યો... મને પણ રોવું આવી ગયું... હું દોડીને પહોંચ્યો ભૂતનાથ પાસે... ભૂતનાથને અલ્ટિમેટમ આપી દીધું... તું હો તો પરચો બતાવ... મારા દોસ્તને કોઈ પણ રીતે પીડામાંથી મુક્ત કર... નહીંતર તારો ને મારો સંબંધ પૂરો... અને અરધી જ કલાકમાં મને એવા સમાચાર મળ્યા કે મારી શ્રદ્ધા કાયમ માટે બેવડાઈ ગઈ...'

મારે વાતના આ મોડ પર અટકવું નહોતું જોઈતું. રિક્કીની રીતસરની ચીસ સાંભળીને મને એનો અહેસાસ થયો.

'શું ન્યૂઝ ડેડ...? એમ કે ચમત્કાર થયો...? રામજી અંકલનું પેઈન એની મેળે ક્યોર થઈ ગયું...?'

'ના રિક્કી... ન્યૂઝ એવા હતા કે રામજી પીડામાંથી કામય માટે મુક્ત થઈ ગયો છે... એ હવે આ દુનિયામાં નથી', થોડી વાર રિક્કી અને નમ્રતા સ્તબ્ધ રહ્યા. કોઈ કશું બોલી ન શક્યા. અંતે રિક્કી બોલ્યો.

'ડેડ... તમારી ફેઈથને સો સલામ... પણ આ વાતમાં માણસ રાતોરાત આસ્તિક થઈ જાય એવું કોઈ અલ્ટિમેટમ મને દેખાતું નથી.' મને હતું જ કે રિક્કી દલીલ કર્યા વગર નહીં રહે.

'રિક્કી બરાબર કહે છે રાજ... દુઃખાવો ખૂબ વધી ગયો હતો... ગામમાં તેમના ઈલાજની સગવડ નહોતી... શહેરમાં લઈ જવાના પૈસા નહોતા તો પછી એમના મરણ સિવાય બીજો ઓપ્શન ક્યાં હતો...?

આ વાતથી તું શ્રદ્ધાવાન કેવી રીતે બની શકે...?' નમ્રતાએ રિક્કીની વાતને ટેકો આપ્યો.

'નમ્રતા પ્લીઝ...' હું સાચો હતો છતાં મને ખબર હતી કે આ લોકો નહીં સમજી શકે. 'ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ... ભગવાન-ઈશ્વર-ગોડ એ દલીલોનો

વિષય જ નથી. આસ્થાનો વિષય એ દલીલોથી પારનો વિષય છે... બસ આ ઘટના પછી હું માનું છું કે ભૂતનાથ છે અને એ મારા બધા કામ કરે છે... ધેટ્સ ઓલ.'

ટ્રાફિક વધી ગયો હતો મિન્સ ત્રિકમગઢ આવી ગયું હતું. મને મનમાં અફસોસ થયો હતો કે હું આજે મારા દોસ્ત ભૂતનાથને નહીં મળી શકું. એક તો રાત પડી ગઈ હતી અને બીજું મને ભયંકર થાક લાગ્યો હતો. નમ્રતા અને રિક્કી ભારતના સેન્સલેસ ટ્રાફિકને જોવામાં મશગૂલ હતાં. મેં હજી દોઢેક કલાક પહેલા કહ્યું હતું કે હું ત્રિકમગઢની એક-એક ગલી ઓળખી બતાવીશ... પણ હું ભયંકર રીતે ખોટો પડ્યો હતો. મારું ઘર શોધતાં ખાસ્સો અરધો કલાક વીતી ગયો. એક તો ત્રિકમગઢ આવતાં જ બેને બદલે ત્રણ કલાક થઈ હતી, કાકા-કાકી રાતે સાડા દસે જાગતા જ હતા. જમવાનું પણ તૈયાર હતું. જમીને અમે મોડી રાત સુધી મારી, ઋષિની અને ભૂતનાથની વાતો કરતા રહ્યાં. પછી ઊંઘ ક્યારે આવી ગઈ એની કશી ખબર ન રહી.

સવારે હું દસેક વાગે ઊઠ્યો. ઝડપથી તૈયાર થઈને રિક્કી અને નમ્રતાને પણ ભૂતનાથ જવા તૈયાર કર્યાં. અને બૂટ પહેરતાં કાકા-કાકીને કહ્યું –

'ભૂતનાથ જાઉં છું કાકા...'

'ઊભો રહે.. હું પણ આવું છું... તને નહીં મળે...'

'શું વાત કરો છો કાકા...?' મને સ્હેજ હસવું આવ્યું. 'ભૂતનાથ મને નહીં મળે...?'

'હા બેટા... સાચું કહું છું... ભૂતનાથ બંને અર્થમાં તને નહીં મળે... એક તો ભૂતનાથના મંદિરમાં હવે ભૂતનાથ રહેતા નથી... અને બીજું... નદી પાર કરવા માટે જરા આગળથી પુલ બનાવ્યો છે એટલે રસ્તો પણ તને નહીં મળે.'

'નદી... નદી તો છે ને હજી...? ચોમાસું છે... ભરપૂર વહેતી હશે... નહીં....?'

'જો તું ભરપૂર નદી જોવાની અપેક્ષા રાખીશ તો નિરાશ થઈશ દીકરા... નદી હવે નદી નથી માત્ર નાળુ છે... અને એ પણ ચોમાસું છે એટલે... બાકી તો નદીમાંથી નદીને શોધવી પડે એમ છે.'

કાકા શું કહી રહ્યા હતા એ ન સમજું એટલો બુદ્ધુ હું નહોતો. આશંકાથી મારી પાંપણ ફરકવા લાગી. હું કાકા-કાકી અને નમ્રતા-રિક્કી સાથે ઉભડક જીવે ચાલ્યો. અમે રિક્ષા કરી. પહેલાં હું અને ઋષિ દોડીને પહોંચી જતા... હવે આગળથી પુલ બન્યો છે એટલે રિક્ષાની જરૂર પડતી હશે. નદીને જોઈને મને ખરેખર દયા આવી. જો આ રેતી ન હોત તો અહીં ક્યારેક નદી પણ વહેતી હશે...? એ કહેવું મુશ્કેલ હતું. મારા મનની વાતને પામી ગયા હોય એમ જીતુકાકાએ વધારાની માહિતી આપી -

'આ નદીની રેતી પણ નગરપાલિકાએ વેચવા કાઢી છે...'

અમે મંદિર પાસે ઉતર્યા. મંદિર જોઈને હું ડઘાઈ ગયો. મંદિર ખાસ્સું ભવ્ય હતું છતાં પણ મનમાં એક અણગણો ઊભો થયો. ટ્રાફિકનો કોલાહલ... ભિખારીઓનો બણબણાટ... ફિલ્મી-ભજનના રાગડા... આ બધું મારા કાનને સુન્ન કરી રહ્યું હતું. હવે મારી પાસે રિક્કીને આપવા કોઈ માહિતી નહોતી.

અમે અંદર જવા પગથિયાં ચઢ્યા. આજે કોણ જાણે કેમ મને દિશાની કશી ખબર પડતી નહોતી. મારી નજરો ઋષિ-રાજ વડને શોધી રહી હતી. મારા વિચારો વાંચી શકતા જીતુકાકા મને મંદિરના પાછળના ભાગમાં લઈ ગયા –

'દીકરા... આ છે ઋષિ-રાજ વડ...' મારી નજરો અમારી ફેવરિટ ડાળીઓને શોધી રહી હતી. કાકા તે પણ પામી ગયા. 'એ ડાળીઓ કન્સ્ટ્રક્શનમાં નડતી હતી.. કપાઈ ગઈ...'

હું અંદર સુધી ધ્રુજી ગયો... મને એવું લાગ્યું કે જાણે કોઈએ મારા બે'ય હાથ કાપી નાખ્યા છે.

જીતુકાકાએ મારો હાથ પકડી રાખ્યો. એ અને ચંદાકાકી મારી મનઃસ્થિતિ સમજી રહ્યાં હતાં. રિક્કીને નવાઈ લાગતી હતી કે અત્યાર સુધી ઉત્સાહમાં વધુ પડતી બક-બક કરતો એનો બાપ અચાનક ખામોશ કેમ થઈ ગયો...? નમ્રતા મારી માનસિક હાલતનો તાગ મેળવવાની કોશિશ કરી રહી હતી.

હવે અમે ભૂતનાથના મુખ્ય ઓરડા તરફ આગળ વધી રહ્યા હતા. કાકાએ વધુ માહિતી આપતા કહ્યું કે આ ફળિયાની તમામ ટાઈલ્સનો ખર્ચ તેમણે આપ્યો છે.

તેમણે એક ખૂણામાં જડેલી ઋષિના નામની તકતી મને બતાવી. લખ્યું હતું, 'ઋષિ જીતેન્દ્રરાય શાહ તરફથી' હું તે તક્તીને હાથ લગાવવા આગળ વધ્યો ત્યાં જ કોઈએ એના ગંદા સ્લીપર એ તકતી પર ઉતાર્યા. મારા મોઢામાંથી હળવી ચીસ નીકળી ગઈ. જો ચંદાકાકી અને નમ્રતાએ મને પકડી ન રાખ્યો હોત તો કદાચ એક લથડિયું હું ખાઈ જાત એટલો ધક્કો મને વાગ્યો હતો.

'જરા મન મોટું રાખ દીકરા... મેં મન મનાવી લીધું છે કે એ ઋષિ નથી... તું પણ માની લે...' તેમના શબ્દોમાં ન સમજાય એવી વેદના હતી. 'ચાલ તારા ભૂતનાથને મળવા...'

ને અમે ભવ્યાતિભવ્ય મુખ્ય ખંડમાં દાખલ થયા. અમે લાંબી લાઈનમાં ઊભા રહ્યા.

'આજે શ્રાવણનો સોમવાર છે ને એટલે... દીકરા ખુશ થા કે તારા ભૂતનાથને મળવા હવે લોકો લાઈન લગાડે છે...'

'તારે લાઈનમાં ઊભું રહેવું હોય તો તારું એન. આર.આઈ. કાર્ડ આપ... માત્ર બસ્સો રૂપિયા આપવા પડશે... તરત વારો આવી જશે... આ મંદિરમાં એન. આર.આઈ. માટે ખાસ વ્યવસ્થા રાખેલી છે.'

હું લાઈન તોડી સડસડાટ બહાર નીકળી ગયો. રિક્કી દોડતો આવ્યો.

'કેમ ડેડ... બહાર આવી ગયા...? ભૂતનાથના દર્શન નથી કરવા...?'

'ના રિક્કી... હું જે ભૂતનાથને મળવા અહીં આવ્યો હતો એ હવે અહીં રહેતા નથી.' જીતુકાકા આવ્યા. હું તેમને વળગીને નાના બાળકની જેમ રોઈ પડ્યો – 'કાકા... મેં અને ઋષિએ એક પત્થરને દેવતા બનાવ્યો હતો... આ લોકોએ તો ઈશ્વરને ફરીથી પત્થર બનાવી દીધો છે... કાકા... આ મંદિરમાં એક ઈશ્વર પત્થર બની ગયો છે.'

અને મેં એ મંદિર તરફ નજર નાખ્યા વિના ઘર તરફ ચાલવા માંડ્યું.

('અમિ-પ્રભા', ૧૦૧-એ, કિડવાઈનગર, મેઈન રોડ, ઉત્સવ એપાર્ટમેન્ટ સામે, રૈયા ચોકડી, રાજકોટ – ૩૬૦ ૦૦૫

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ *www.ecvm.net* પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ *editor.vidyanagar@gmail.com* પર પણ પાઠવી શકો છો.

*// લઘુનવલ //*

# ફૂલ વિનાની વેલ

**કિરીટ ગોસ્વામી**

**(આપણા યુવાન, સંવેદનશીલ સર્જક અને શિક્ષક શ્રી કિરીટ ગોસ્વામીની આ લુઘનવલ શિક્ષણના પરિવેશમાંથી પાત્રો લઈને માનવહૃદયના વિવિધ ભાવોનું નિરૂપણ કરે છે. 'વિ'માં તેનાં પ્રકરણો ક્રમશઃ પ્રગટ થતાં રહેશે. સુજ્ઞ વાચકોનો પ્રતિભાવ અપેક્ષિત છે.)**

**(૩૯૧માં અંકથી ચાલુ)**

(૪)

બીજે જ દિવસે દીપુ સુરત ગયો. સુધીરભાઈ અને વનલતાભાભીને તેણે બધી જ વાત કરી. ભાઈ તો તેની વાત તરત જ માની ગયા પણ વનલતાભાભીએ સાફ ઈન્કાર કર્યો. માલતીનું નામ સાંભળતાં જ તેઓ છંછેડાયાં. પણ દીપુએ તેમની મરજીની કોઈ પરવા કર્યા વિના જ કૉલેજમાંથી પોતાનું સર્ટિફિકેટ લઈ લીધું અને સામાન પૅક કરીને ત્રીજે જ દિવસે તે પાછો માલતી અને બકુલની પાસે આવી ગયો.

દીપુના આગમનથી માલતીના આનંદનો કોઈ પાર ન રહ્યો. તેને લાગ્યું કે ઈશ્વરે તેની ફરિયાદ સાંભળીને જ દીપુને અહીં મોકલ્યો છે! જો કે, દીપુ વનલતાભાભીની મરજીની વિરુદ્ધ અહીં આવ્યો હતો, એ વાત બકુલ તથા માલતી બન્નેને ડંખ દેતી હતી. તેમણે બન્નેએ દીપુને સમજાવ્યો પણ ખરો! પરન્તુ દીપુ તેમની વાત ન માન્યો. માલતી પણ મનોમન એમ ઈચ્છતી હતી કે, દીપુ અહીં જ રહે તો સારું! આથી તેણે દીપુને વધારે કશું કહેવાનું છોડી દીધું.

થોડા સમયમાં જ માલતી અને બકુલની સાથે દીપુ એવો તો હળીમળી ગયો કે જાણે જન્મથી જ તે એમનો દીકરો ન હોય! માલતી પણ એ વાત સાવ ભૂલી ગઈ કે પોતે નિઃસંતાન છે! પોતાના હૃદયની બધી જ લાગણી તે દીપુ પર ઢોળવા લાગી. નસીબે જે અધિકાર, જે સુખ માલતીની પાસેથી છીનવી લીધેલ હતાં, તે દીપુ દ્વારા તેને મળ્યાં. દીપુ માલતી માટે જીવવાનું કારણ બની ગયો. તેના કારણે માલતીનો અવતાર જાણે સાર્થક થયો!

દરરોજ દીપુ કૉલેજ જાય ત્યારે છેક દરવાજા સુધી માલતી તેને મૂકવા જાય અને બપોરે તેના આવવાની રાહ જોતી તે દરવાજે જ ઊભી હોય! દીપુને આવવામાં સહેજ મોડું થાય તો માલતી શેરીના છેડા સુધી જઈને જોઈ આવે!

દીપુ ઘણી વખત તેને કહેતો – 'કાકી, તમે નાહક જ મારી ચિંતા કરો છો. મને તો બસના કારણે આવવામાં મોડું-વ્હેલું થયા જ કરવાનું!'

'તોય તું ન આવે ત્યાં સુધી મારા જીવને શાતા વળતી નથી!' માલતી કહેતી.

'પણ કાકી, હું કંઈ નાનું બાળક થોડો છું!' દીપુ માલતીને દલીલ કરીને સમજાવવાની કોશિશ કરતો. પરન્તુ એમ દીપુની વાત માની જાય તો માલતી શાની? એ તો કહેતી – 'તું ગમે તેટલો મોટો થાય તો પણ મારા માટે તો બાળક જ રહેવાનો!'

'તમારી વાત સાચી છે, કાકી! તમે કેટલા લાડ-પ્યારથી મારો ખ્યાલ રાખો છો! જ્યારે ત્યાં તો મમ્મી હજી પણ મારા પર ક્યારેક હાથ ઉપાડી લે છે!'

'તારે એમનું ખોટું ન લગાડાય, બેટા! ભાભીનો તો સ્વભાવ જ એવો છે. ગમે તેમ તોય એ તારી મા છે!'

'પણ તોય કાકી, મારી મા, તમારા જેવી તો ના જ થઈ શકે!'

માલતીને દીપુની આવી વાતો ગમતી. પોતાની મા કરતાં પણ વિશેષ દીપુ માલતીને ચાહે છે એ જાણીને માલતીની ખુશી બેવડાઈ જતી.

માલતી ઘણી વખત બકુલને કહેતી – 'મને વનલતાભાભી વિશે વિચારીને ક્યારેક નવાઈ લાગે છે!'

'કેમ?' બકુલ તેને પૂછતો.'

'આવો, સુંદર, સોહામણો અને સંસ્કારી દીકરો ભગવાને એમને આપ્યો છે, છતાં એમનો સ્વભાવ કેવો વિચિત્ર છે!'

'સ્ત્રી-સ્ત્રીમાં પણ ઘણો ફરક હોય છે, માલતી! ભાભી હંમેશાં પોતાની ઈર્ષ્યાવૃત્તિથી જ જીવ્યાં છે એટલે એમને પોતાનું સુખ પણ કદી દેખાયું નથી!'

'અને છતાંય ભગવાને એમને દીકરો આપ્યો છે અને આપણને –' માલતીની આંખો ભરાઈ આવતી. તે બકુલની છાપી પર માથું ઢાળીને કહેતી – 'ભગવાન કેટલો નિષ્ઠુર છે નહીં, બકુલ?!'

'એવું ન બોલ, ગાંડી! એ નિષ્ઠુર હોત તો દીપુને આપણી પાસે થોડો મોકલે!' બકુલ તેને આશ્વાસન આપતો.

'એ વાત તો સાચી! પરન્તુ દીપુ આખરે ક્યાં સુધી અહીં રહેવાનો? ક્યારેક તો ચાલ્યો જ જવાનો ને?'

'એવી ભવિષ્યની ચિંતા તું છોડી દે, માલતી! અત્યારે આપણી પાસે બધું જ છે. એક સંતાન નહોતું તો એ કમી પણ દીપુએ પૂરી કરી દીધી! હવે આ સુખને માણતાં શીખ, માલતી!'

બકુલની આળી વાતોથી માલતી પોતાનું દુઃખ ભૂલી જતી અને કહેતી – 'હા, બકુલ! આપણાં જીવતરની સૂક્કીભઠ્ઠ ડાળખીને અચાનક 'દીપુ' નામનું એક ફૂલ ફૂટ્યું છે. એની સુવાસથી મારું રોમેરોમ પાવન થઈ ગયું છે...'

'હા, હું પણ એક અટળ શાપમાંથી મુક્ત થયો હોઉં એવી ખુશી અનુભવું છું!' બકુલ કહેતો.

દીપુ પણ માલતી અને બકુલનાં હૃદયને જરા સરખી પણ ઠેસ ન પહોંચે તેની ખાસ કાળજી રાખતો. પોતાની ઉંમર કરતાં તેનો સ્વભાવ ખૂબ જ ગંભીર હતો. ઘણી વખત તે માલતીને કહેતો – 'કાકી, મારી મા તમારા વિશે આટલું ખરાબ વિચારે છે, ખરાબ બોલે છે, તમારી સાથે ઝઘડે છે તેમ છતાં તમે એમની સામે એક પણ શબ્દ કેમ ઉચ્ચારતાં નથી?'

'ભાભી તો મારા માટે વડીલ કહેવાય, દીપુ! એમને તો વઢવાનો હક છે! મારાથી એમની સામે ના બોલાય!'

'પણ, કાકી, મારી મા કારણ વગર તમને ગાળો ભાંડે છે, એ વાત ઠીક નથી!'

'હશે! જવા દે બેટા! જેવો જેનો સ્વભાવ! આપણે તો હંમેશાં પ્રેમથી જ રહેવું જોઈએ!'

'હા, કાકી! હું પણ એમ જ ઇચ્છું છું કે આપણે બધાં એક થઈને રહીએ! આપણે અલગ થયાં ત્યારે તો હું નાનો હતો એટલે સમજી શકતો નહોતો, પરન્તુ અત્યારે મને સમજાય છે કે પરિવારના પ્રેમ વિના માણસ તદ્દન પાંગળો છે!'

'પણ બેટા, રોજ-રોજ ક્લેશ થતાં રહે એનાં કરતાં તો પરિવાર અલગ થઈ જાય એ જ સારું ને?!'

'તો શું આમ, ઝઘડા અને કંકાસને કારણે બધા જ પરિવારો ભાંગી જતા હશે, કાકી?!'

'ના, બેટા! સમસ્યા તો દરેક ઘરમાં હોય જ છે! પરન્તુ સમજદાર માણસો પોતાની સમજદારીથી એને સુલઝાવી લે છે અને અણસમજુઓનાં પરિવારમાં તિરાડ પડે છે!'

'જેમ મારી માનાં કારણે આપણાં ઘરમાં તિરાડ પડી છે, એમ જ ને?!'

'હા, બેટા! મને એ વાતનો ખૂબ જ અફસોસ છે!'

'હું પણ ખૂબ જ દુઃખી છું, કાકી! પરન્તુ હું શું કરી શકું? હા, મને તમારા વિના ગમતું નહોતું એટલે હું તમારી પાસે દોડી આવ્યો છું...'

દીપુની આવી વાતો સાંભળીને માલતીને વિચાર આવતો કે, વનલતાભાભી અને દીપુના સ્વભાવમાં કેટલો મોટો તફાવત છે! મા દીકરો સાવ જુદાં જ વિચારોવાળાં છે! ભાભી તો હંમેશાં ઈર્ષ્યા અને ક્લેશથી પરિવારને ભાંગવાની જ વાત કરતાં હોય છે જ્યારે આ દીપુ, ઘરને જોડવાની વાત કરે છે! ક્યાં વનલતાભાભી અને ક્યાં દીપુ! પરિવારભાવના તો દૂરની વાત છે! બે સારા શબ્દો પણ બોલતાં ભાભીને ક્યાં આવડે છે?!

દીપુમાં કદાચ મારા સંસ્કાર તો નથી ઉતર્યાને?! તેનો જન્મ ભલે ભાભીની કૂખેથી થયો હોય પણ તેનો ઉછેર તો મેં જ કર્યો છે ને?!

માલતી આવું વિચારીને હરખાઈ જતી. પોતાના સંસ્કારોનું પ્રતિબિમ્બ દીપુમાં પડતું જોઈને તેને એ વાતનો સંતોષ થતો કે પોતે માતા હોવાનું કર્તવ્ય બરાબર નિભાવી રહી છે. બકુલને પણ હવે એ વાતનો અહેસાસ થઈ રહ્યો હતો કે, દામ્પત્યજીવનનો ખરો આનંદ, સંતાન-સુખ વિના તો અધૂરો જ હોય છે! પતિ અને પત્નીના સંબંધની ક્ષિતિજ પર જ્યાં સુધી સંતાનરૂપી પુષ્પ ન ખીલે, ત્યાં સુધી જિંદગી જામતી નથી! સંતાન વગર પુરુષ અધૂરો છે, સ્ત્રી અધૂરી છે અને એવો સંસાર પણ અધૂરો જ ગણાય ને?!

(ક્રમશઃ)

(એફ-૨૦/૬૬૬, પ્રથમ માળ, રણજિતનગર,
જામનગર – ૩૬૧ ૦૦૫. મો.: ૯૮૭૯૪૦૧૮૫૨)




## ‘જખમ’ પાછળની યંત્રણા!

**મનીષ મેકવાન**

પરંપરાઓ કેટલી ખતરનાક અને જુગુપ્સક હોય છે તેનું ઉદાહરણ જોવું હોય તો તમારે મધ્ય-પૂર્વ અને અફ્રિકાના દેશોમાં જવું જોઈએ. એવું નથી કે આ દેશોમાં જ આ પ્રકારની પરંપરાઓ પાળવામાં આવે છે. હિન્દુસ્તાનમાં પણ કેટલીક અમાનુષ, બર્બર અને આખું શરીર બળી મરે તેવી પરંપરાઓ છે જ. ખાપ પંચાયતો ઓનર કીલિંગના નામે છોકરીઓને બહુ ક્રૂર રીતે મારી નાંખે છે અને આવી જઘન્ય ઘટનાઓ અખબારોમાં કાળી સહી બનીને બીજા દિવસે સુકાઈ પણ જાય છે!

પરંપરા, મને ઘણી વાર થાય છે કે શા માટે સ્ત્રીઓ માટે જ હોય છે? શા માટે કોઈ પુરુષ પરંપરાપાળક નથી હોતો?

એક વખતે જ્યારે ફક્ત કુતૂહલ ખાતર રોજની ચાર ચાર ચોપડીઓ, અખબારોની પૂર્તિઓ અને ભજિયાંનાં પડીકાંઓ વાંચી નાંખતો હતો ત્યારે સ્ત્રીઓની સુન્નત વિશે ક્યાંક વાંચવામાં આવી ગયેલું. એ ઉંમર સેક્સ્યુઅલી મેચ્યોર નહોતી. દાઢીમાં વાળ વધતા ગયા અને ગૂગલ હાથવગું થતું ગયું. તમે ગૂગલ પર જઈને ફિમેલ સર્કમ્સીઝન શબ્દ ટાઈપ કરો અને તમને ખબર પડશે કે સ્ત્રીઓ પર થતો આ અત્યાચાર હકીકતમાં સીધી સાદી સુન્નત નથી પણ વહેંશી-રુગ્ણ પુરુષ-માનસિકતામાંથી જન્મતી એક દર્દજનક બીમારી છે. મેં ગૂગલ ઈમેજીસમાં જઈને કેટલીક તસવીરો જોઈ અને મને સેક્સ પ્રત્યે સૂગ આવવા માંડી. ઘણાં દિવસો સુધી હું ક્ષુબ્ધ, સ્તબ્ધ રહ્યો. તમે કલ્પના કરો કે તમારી નાની બહેનને, તે નવ વર્ષની છે ત્યારે કટના(ગુજરાત- સૌરાષ્ટ્રમાં ખતના) માટે તેને ફોસલાવીને લઈ જવામાં આવે છે. આ બધું તમારી સામે, તમારા માતા-પિતાની સહમતિથી બને છે અને કોઈ પણ પ્રકારની એનેસ્થેટિક દવા વિના, સડેલી બ્લેડના એક ઘસરકા સાથે તમારી બહેનના જનનાંગ પર કાપો મુકવામાં આવે છે. એ એટલી બધી ચીસો પાડે છે કે તમને લાગે છે હમણાં તે મરી જશે.

નવલકથા ‘જખમ’ વાંચ્યા પછી એક મુસ્લિમ છોકરીનો મારી પર ફોન આવે છે. મને કહે છે, ‘સર, મને ખબર નહોતી કે આવી પણ કોઈ પ્રથા હશે!’ ભરૂચ કોર્ટના એક ન્યાયાધીશ મને લખે છે, ‘હું આ વાત વાંચીને આખી રાત ઊંઘી શક્યો નથી.’ શું ખરેખર આ વાત સાચી છે? અમદાવાદના સરસપુર વિસ્તારમાં નવલકથાના કામ નિમિત્તે એક દિવસ જવાનું થયું. એક હોસ્પિટલની ઓળખીતી નર્સ મારી સામે ધ્રુજારો કરતાં કહે છે,‘એક દિવસ એક બાઈ આવી હતી એબોર્શન માટે. તે વખતે મેં તેનું જનનાંગ જોયેલું. મારા શરીરમાંથી ધ્રુજારી છૂટી ગઈ હતી...’

સુન્નત આમ જોઈએ તો પુરુષો પર કરવામાં આવતી ધાર્મિક વિધિ છે અને તેની પાછળ તબીબી વિજ્ઞાન પણ સંકળાયું હોવાનું કહેવાય છે. મેડિકલ સાયન્સ કહે છે કે પુરુષની સુન્નત કરવાથી તેને કેટલાક જાતીય રોગમાંથી ઉગારી શકાય છે. આ જ વિધિ જ્યારે સ્ત્રીઓ પર કરવામાં આવે ત્યારે કેવા ખતરનાક અપરાધો સર્જાતા હોય છે તે જાણવા જેવું છે. સ્ત્રીઓની સુન્નતને લઈને આપણે ત્યાં આજ સુધીમાં કશું લખાયું નથી. ગુજરાતી સાહિત્ય કે પત્રકારત્વમાં પણ તેના વિશે કશી ખણખોદ કરવામાં આવી નથી બલ્કે ગુજરાતમાં(મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં)પણ આવી શૈતાની વિધિ એક ચોક્કસ કોમમાં ચાલી રહી છે. છોકરી નવ વર્ષની થાય ત્યારે તેના જનનાંગના સંવેદનશીલ ભાગને કાપી નાંખવામાં આવતો હોય છે. આમ કરવા પાછળનું એક માત્ર કારણ એ છે કે સ્ત્રીને પુરુષની માફક જાતીય જીવનનો આનંદ મળવો જોઈએ નહીં. ભારતમાં બેથી અઢી લાખ મહિલાઓ આજે આ જઘન્ય પરંપરાનો ભોગ બની છે અને તેના અંગે સુપ્રીમ કોર્ટમાં લિટીગેશન કરવાની હિંમત પણ કોઈ કરી શકતું નથી કેમકે, તેના માટે આવી બર્બર પરંપરાનો ભોગ બનેલી કોઈ મહિલા આગળ આવવા માટે તૈયાર નથી. અલબત્ત, ભારતમાં કટના(ખતના)ની વિધિ હવે હોસ્પિટલોમાં ચોરી છૂપીથી પાર પાડવામાં આવે છે એટલે જે છોકરી પર આ

અત્યાચાર થાય છે તે બહાર આવતો નથી અને બીજું કે હવેથી એનેસ્થેસિયા આપીને આ વિધિ કરાતી હોવાથી છોકરીને ભયંકર પીડામાંથી પસાર થવું પડતું નથી.

પણ તેનો અર્થ એ થયો કે છોકરીઓ-સ્ત્રીઓ પર આ પ્રકારના અત્યાચાર કરવામાં આવે!

વિશ્વ આરોગ્ય સંસ્થાએ સમગ્ર દુનિયામાં આ પ્રકારની જે શૈતાની વિધિ ચાલી રહી છે તેની સામે લાલબત્તી ધરી છે તેમ છતાં આ પુરુષરોગી સમસ્યા આજે પણ જારી છે. અંગ્રેજીમાં તેને ફિમેલ જેનિટલ મ્યુટિલેશન (એફજીએમ)કહે છે. આફ્રિકા અને મધ્ય-પૂર્વના દેશોમાં તો આજે પણ ઘરમાં, છોકરી જ્યારે પ્યુબર્ટી એજ(પહેલા માસિક)માં આવે ત્યારે બરછટ, કટાયેલી બ્લેડ કે બીજા લોખંડી સાધન વડે તેના જનનાંગ પર કાપો મુકવામાં આવે છે. તેને ઘેનની કોઈ દવા અપાતી નથી કે ના તો તેની ચામડી બહેરી કરવામાં આવે છે. તમે વિચારો કે તમારી સાથે આવો અત્યાચાર થાય તો તમે શું કરો? એ વખતે ચાર હટ્ટી કટ્ટી સ્ત્રીઓ નાબાલિગ છોકરીને પગથી બળપૂર્વક પકડી રાખે છે અને એક પહેલવાન મહિલા બ્લેડનો ઊભો ચીરો તેના જનનાંગના સૌથી સંવેદનશીલ ભાગ પર મૂકે છે. છોકરી સખત રડે છે. તેના શરીરમાંથી અઢળક લોહી, ઝરણાંની જેમ બહાર આવતું રહે છે. તેને સખત પીડા થયા કરે છે પણ તે કોઈને કહી શકતી નથી. આફ્રિકામાં તો આવી છોકરીઓ તમને જે શેરીમાં જોવી હોય ત્યાં જોવા મળી શકે છે. એ પછી ચાલીસ દિવસ સુધી તેના બંને પગને સાથળો સાથે જોડીને બાંધી દેવામાં આવે છે. એવું કહેવાય છે કે આ પરંપરા પાછળનો શૈતાની હેતુ સ્ત્રીઓને પાવક માતૃત્વ આપવા પાછળનો છે. હકીકતમાં તો પુરુષો તેમની થનારી પત્ની કોઈની સાથે સંબંધ બાંધે નહીં તેવું વિચારતા હોવાને કારણે આ પરંપરા ફૂલી ફાલી છે. જેમ દરેક પુરુષ 'સ્ત્રીઓ તો અક્ષત યોનિ હોવી જોઈએ' તેવી અપેક્ષા રાખતો હોય છે તેમ આ પ્રથામાં પણ જ્યારે પણ સ્ત્રીઓનું લગ્ન થાય તે પહેલાં તેને આ વિધિમાંથી પસાર કરવામાં આવે છે જેથી તેને જાતીય સંબંધ બાંધવાની ઈચ્છા જ ન થાય અને તે માત્ર એક જ પુરુષની બનીને રહે! શરીરમાંથી કંપારી છૂટાવી દેનારી આ વિધિને વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચાર ટાઈપમાં વહેંચી છે અને ભારતમાં ટાઈપ એકનો પ્રયોગ કરવામાં આવતો હોવાનું કહેવાય છે. બાકીની ત્રણ વિધિઓ અફ્રિકાની કેટલીક જાતિઓમાં અને મધ્ય-પૂર્વના આદિવાસીઓમાં આચરવામાં આવે છે.

સ્ત્રીનું અસ્તિત્વ, જૈવિક રીતે પુરુષ કરતાં થોડું અંગે-ઉપાંગે ભિન્ન હોવાને કારણે પુરુષની દુનિયામાં અ-બળું, નિમ્ન અને દાસ તરીકેનું ગણી લેવામાં આવ્યું છે અને આ ભયંકર 'પૌરુષ લઘુતા'માંથી જન્મે છે અક્ષત કૌમાર્ય અને સ્ત્રીઓની સુન્નતના કુ-નિયમો.

હું અંદરથી ધ્રુજી ગયો હતો. આ વિષય પર લખવું કે ન લખવું- તેનો વિષાદયોગ દોઢેક મહિના સુધી મને રહ્યો. 'ડુ ધે હિયર વ્હેન યુ ક્રાય' પુસ્તક પરથી ઓરિજીનલ કથા લખવાનું મેં શરૂ કર્યું અને વિચાર્યું કે તેને અખબારોમાં હપ્તાવાર છપાવવી. પણ શરૂઆતમાં ચાર પ્રકરણ થયા પછી લખવાનું અટક્યું અને કથા એમ કરીને નવ મહિના સુધી વલોવાતી રહી.

મારે માટે લખવું વ્યવસાય નથી, હોબી નથી કે શોખ નથી. કોઈના માથે નવલકથા કે લેખ કે વાર્તા થોપી બેસાડવાના મતનો હું નથી, ના તો થાબડદોસ્તીને કારણે હું લખું છું. હું લખું અને તે ક્યાંય પણ છપાઈ જાય તેવી દોસ્તી કે દૌલત પણ મારી કને નથી. લખવામાં ગોડફાધર હું રાખતો નથી અને નિજાનંદ માટે પણ હું લખતો નથી. હું લખું છું વ્યાપક જન-વલોપાત માટે. જનસાધારણને ચૈતસિક લેવલ સુધી લઈ જવા માટે. ૧૮૬૦માં નંદશંકરે 'કરણઘેલો ' લખી હતી. એ ઘટનાને આજે ૧૫૨ વર્ષ થયાં છે અને આ દોઢસો વર્ષમાં ગુજરાતીમાં નવલકથા ક્યાં છે? કનૈયાલાલ માણેકલાલ મુનશી અને તે પછી હરકિશન મહેતા અને અશ્વિની ભટ્ટને બાદ કરો તો કોઈ ગુજરાતી કથાકાર નોવેલ લખવાનો ગર્વ લઈ શકે તેવી સ્થિતિમાં આજે નથી. ગુજરાતીમાં દર વર્ષે અગણિત નવલકથાઓ લખાતી રહે છે. મનમાં આવ્યું તે ઘસડી નાંખવાની ઘેલછાએ ગુજરાતી નવલકથાને સંખ્યા આપી છે પણ સમૃદ્ધિ આપી નથી. મારો આગ્રહ રિસર્ચ આધારિત કામ કરવાનો રહ્યો છે. યોસેફ મેકવાન, હરબન્સ પટેલ, હરેશ ધોળકિયા ઈત્યાદિ લોકો કહે છે કે મારી પાસે વર્ણનની જબરદસ્ત તાકાત છે. 'મુંબઈ સમાચાર'માં છપાયેલી ઈસ્લામી આંતકવાદ વિશેની નવલકથા 'જેહાદી' વાંચીને મને ઘણાંએ કહ્યું છે કે હું કરાચીની ગલીએ ગલીએ ઘુમ્યો હોઈશ અને હર્ઝગોવનિયાની શરણાર્થી શિબિરોમાં મેં રાતોના ઉજાગરા કર્યા જ હશે! લયલા ઉસ્માનોવિચને

તમે મળ્યા છો? એ નામ મેં એક બોઝનિયન વાર્તામાંથી લીધું હતું. ('જખમ'ની લયલા મોરિસ પણ એવું જ એક કેરેક્ટર છે. નફીસા અહેમદી ગુજરાતી છે અને આ પાત્ર આઉટલુકમાં આવેલી એક સ્ટોરીનો ઓલ્ટર ઈગો છે.)

'જેહાદી' લખતાં મને સવા વર્ષ થયું હતું કારણ કે, એક ચેપ્ટર હું ચાર વાર લખતો હતો. બાવીસો શબ્દોનું એક ચેપ્ટર લખવા માટે હું બાવીસ હજાર શબ્દો વાંચતો હતો, ટ્રાવેલોગ ઉથલાવી જતો હતો અને ઈન્ટરનેટ પરથી જે મળે તે જોઈ લેતો હતો. કથા નાયક ઓમર(ઓમર વાસ્તવિક પાત્ર છે અને અત્યારે કરાચીની જેલમાં છે.)એ દિલ્હીમાં લખેલી ડાયરી ઈન્ડિયન એક્સપ્રેસમાં સળંગ અઠવાડિયાં સુધી પ્રસિદ્ધ થઈ હતી તે મેં એકથી અનેકવાર વાંચી હતી અને તેમાંથી, ડિટેક્ટિવ એજન્સીઓ, મનોવિજ્ઞાનીઓ જે માનસિક પૃથક્કરણ કરે તે રીતે રાતોના ઉજાગરા કરીને તેમાંથી ઓમરને આકારિત કર્યો હતો. 'જેહાદી'એ મને અઢળક નામના ભલે નથી અપાવી પણ આવી જ નવલકથા લખવી તેવી કામના તેમાંથી મને મળી છે. અને આ જ કારણથી 'જેહાદી' આતંકવાદના વિષય પર ગુજરાતમાં લખાયેલી પ્રથમ અને એક માત્ર, સાયકોલોજીકલ ડેપ્થવાળી નવલકથા બની રહી છે. ઓગણીસ વર્ષની વયે ઘરમાંથી સાંજના સમયે ભાગી જવું અને એ આઠ કલાકના ગાળામાં બહારની દુનિયાનો 'ગે' અનુભવ મારી લઘુનવલ 'ભાગેડુ'માં મેં આલેખ્યો છે. એક દોસ્ત કહેતો હતો,'મનીષભાઈ, તમે ખરેખર આવું કર્યું હતું?'

બ્રિટિશ લેખક આર્થર હેલી (નવલકથા હોટેલ, એરપોર્ટ, વ્હીલના લેખક) લખતાં પહેલાં વર્ષો સુધી એ વિષય પર સંશોધન કરે છે. સલમાન રશ્દી, ઈયાન મેક'ઈવાન, અમિતાવ ઘોષ કે અત્યારે બહુ વેચાતા અમિષ ત્રિપાઠી સુધ્ધાં લખતાં પહેલાં રિસર્ચનું મહત્તમ કામ કરે છે. ગુજરાતીમાં પણ આ કામ થવું જોઈએ તેમ હું સ્પષ્ટપણે માનું છું. ગુજરાતી લેખકો વાંચતા નથી કે સંશોધન કરતા નથી તેવી ગાળ વર્ષોથી સંભળાતી આવે છે અને મારાથી એ અટકવી જોઈએ. કોઈ પણ સર્જન સમય માગી લે છે. બાઈબલ પણ કહે છે કે ઈશ્વર જેવા ઈશ્વરને આ ધરતી પર જીવ લાવતાં સાત દિવસ થયા હતા.

(એચ-૯, સ્વપ્ન એપાર્ટમેન્ટ, જીવનદીપ સર્કલ સામે,
ડ્રાઈવ-ઈન - થલતેજ રોડ, થલતેજ, અમદાવાદ ૩૮૦ ૦૫૪.
મો.: ૯૮૭૯૭૦૪૪૦૦)

*// પ્રેરણાનાં પુષ્પો //*

## ચિંતા સદાકાળ

### જ્યોતીન્ પટેલ

મારી બે વર્ષની દીકરીના કપાળમાં ઘા થયો હતો. હૉસ્પિટલમાં એને ટાંકા લેવડાવવા લઈ ગઈ. મને ચિંતા થતી હતી, અને હું બબડતી હતી, "આ છોકરાંઓની ચિંતા ક્યારે દૂર થશે?" નર્સે મને કહ્યું હતું, "ઉંમર વીતશે એટલે બધું સારું થઈ જશે." મારી સાથે મારા પિતાજી હતા. એ કંઈ ના બોલ્યા અને મૂછમાં હસ્યા. ત્યારે હું અઠ્ઠાવીસની હોઈશ.

જ્યારે હું બત્રીસની થઈ ત્યારે એક દિવસ પિન્કીની ક્લાસની ટચૂકડી ખુરશી ઉપર બેસીને બાળકોની પ્રવૃત્તિ જોતી હતી. બાળકોને એક બીજા સાથે મોટે મોટેથી વાતો કરતાં જોઈને મને ચિંતા થતી હતી કે, આ છોકરાં કેવી રીતે આગળ વધશે. મારા મુખ-ભાવ પામી જઈને ટીચરે મને કહેલું યાદ છેઃ "ચિંતા ના કરો. આ તબક્કામાંથી એ સૌ પસાર થઈ જશે પછી તમે નિરાંત અનુભવશો."

સમય વીતતો ગયો. મારીય ઉંમર ચાલીસી વટાવી ગઈ. પિન્કી બહાર ગઈ હોય કે કૉલેજ ગઈ હોય, એ ઘેર પાછી ના આવે ત્યાં સુધી ક્યારે ફોનની ઘંટડી વાગે, ક્યારે ડૉરબેલ વાગે અને ક્યારે એ ઘરની અંદર આવે એની રાહ જોતી બેસતી અને ના આવે ત્યાં સુધી ચિંતા થયા કરતી. મારા એક મિત્રે ટકોર કરેલી કે, "એ લોકો એમનું અસ્તિત્વ ખોળવામાં મશગૂલ છે. ચિંતા ના કર, બસ થોડાં વર્ષોમાં એ પુખ્ત થઈ જશે અને તારી ચિંતા દૂર થશે." પિતાજી મૂછમાં હસતા રહેતા.

જોતજોતામાં હું પચાસેકની થઈ ગઈ અને હવે મને થાક પણ લાગતો હતો. કપાળે કરચલીઓ ચઢી ગઈ હતી. બીમારી લાગુ પડી જાય એવી શારીરિક પરિસ્થિતિ હતી. અને છતાંય મને મારા બાળકોની ચિંતા થયા કરતી હતી. મારા પિતાજી મને ચિંતિત જોઈને બોલ્યા ચાલ્યા વગર જ મંદ મંદ હસતા રહેતા.

મને મારાં બાળકોની નિષ્ફળતાઓ ઉપર ગુસ્સો આવ્યા કરતો. એમને નિરાશ થતાં જોઈને દુઃખી થઈ જતી અને એમના નૈરાશ્યમાં હું પણ ડૂબી જતી. મારા મિત્રો સધિયારો બંધાવતા કે એમનાં લગ્ન થઈ જશે પછી તારી ચિંતા દૂર થશે, અને તું તારી જિંદગી તારી રીતે જીવી શકીશ. મને એમની વાત માનવાનું મન થઈ જતું, પણ મારા પિતાજીનું મંદ મંદ સ્મિત મને પજવતું. કોઈ કોઈ વાર એ મને કહેતા કે, "તું ફિક્કી પડી ગઈ છું. તું ઠીકઠાક તો છું ને?" કોઈક વાર એ કહેતા, "તને કોઈ ચિંતા સતાવે છે?" કે કોઈક વાર એ જણાવતા, "બેટા, ઘેર પહોંચું એટલે મને ફોન કરજે."

માબાપને જિંદગીભર ચિંતિત રહેવાની સજા તો નથી મળી ને!

(અવિચલ, શાસ્ત્રી માર્ગ, ઑફ બાકરોલ રોડ,
વલ્લભ વિદ્યાનગર)



# ગાંધીજી અને મહિલા જાગૃતિ

**હરપાલ આર. રાણા**

રાષ્ટ્રપિતાના હુલામણા નામથી જાણીતા મહાત્મા ગાંધીજી એક વિરલ ને મહાન વિભૂતિ સમાન હતા. સત્ય અને અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીજીએ ભારતીય સ્વતંત્રતા આંદોલનમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. ભારતીય સંસ્કૃતિના શાશ્વત મૂલ્યોને સાચા અર્થમાં ચરિતાર્થ કરવાનું હોય તો તે મહાત્મા ગાંધીને ફાળે જાય છે. ભારતને આઝાદી અપાવવામાં તેમનું બલિદાન ઘણું જ મહાન છે.

મહાત્મા ગાંધીજી આઝાદીની સાથે હિન્દુસ્તાનમાં રાષ્ટ્રીય એકતા લાવવા માંગતા હતા. તેઓ આ માટે જીવનભર કાર્યરત રહ્યા. મૃત્યુના અંત સુધી તેઓ ભારતની એકતા,સદ્‌ભાવના,પરસ્પર સૌહાર્દ, મિત્રાચારી, સંપ માટે ઝઝુમતા રહ્યા. ભારતમાં જે બધી સામાજિક વિચારધારાઓ ઉદ્‌ભવી છે, તેમાં ગાંધીવાદી વિચારધારાનું સ્થાન વિશિષ્ટ રીતે નોંધપાત્ર તથા સીમાચિહ્નરૂપ છે. ગાંધીજીની સમગ્ર વિચારધારામાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ પાશ્ચાદ્‌ભૂમિકા તરીકે જ નથી,પણ તે કેન્દ્રસ્થાને છે. ગાંધીજીની પ્રવૃત્તિ અનેક હતી,અને તેમનું દર્શન એટલું વ્યાપક હતું કે એવી કોઈ સમસ્યા કે બાબત ભાગ્યે જ બાકી રહી ગઈ હશે કે જેને અંગે ગાંધીજીએ પોતાનું મંતવ્ય વ્યકત ન કર્યું હોય.

ગોપાલકૃષ્ણ ગોખલે એમના માટે લખે છે કે, ‘‘માટીમાંથી વીર પેદા કરવાની એમનામાં શકિત હતી. ગાંધીજીએ આ દેશમાં કેટલાં બધાં ઉચ્ચ કક્ષાના નેતાઓ પેદા કર્યા છે.પોતાના સાથીઓ પર વ્યક્તિગત દાખલો, પ્રેમ,નમ્રતા દ્વારા નેતાગીરીનો વિજય મેળવ્યો હતો. ભગવાન બુદ્ધ બાદ આવો મહાન માણસ આપણને મળ્યો નથી’’. સમાજશાત્રી મેકસવેબરની ભાષામાં મૂકીએ તો ગાંધીજીને વિભૂતિમાન નેતા (Charismatic Leader) તરીકે બિરદાવી શકાય.

મહાત્મા ગાંધીજી સર્વસામાન્ય રાજકીય નેતા હતા. આ સાથે તેઓ એક નિષ્ઠાવાન સામાજિક કાર્યકર હતા. રાષ્ટ્રીય ફલક પર રાજકીય નેતા તરીકે ઉપસી આવ્યાની સાથે તેમણે હિન્દુસ્તાનની સામાજિક સ્થિતિ તરફ વધુ લક્ષ્ય કેળવ્યું.સમાજના વિકાસ-ઉત્થાન વગર રાજકીય ચેતના આવી શકે નહીં તેવું તેઓ માનતા. આથી તેમણે સમાજના વિકાસ- ઉત્થાન-પ્રગતિ માટે ભગીરથ પ્રયત્નો આદર્યા.

મહાત્મા ગાંધીજી સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં સ્ત્રી-ઉન્નતિને આવશ્યક માનતા.સ્ત્રીને સમાનતાના ધોરણે પુરુષ સમોવડી બનાવવા ઈચ્છતા હતા. તેઓ માનતા હતા કે કોઈપણ સમાજે પ્રગતિ કરવી હોય તો સ્ત્રી વિકાસને પ્રાધાન્ય આપવું જોઈએ,કારણ કે સ્ત્રી એ સમાજનું અવિભૂત અંગ છે.તેમણે ભારતના ઉદ્ધાર

માટે રચનાત્મક કાર્યોને હંમેશાં પ્રાધાન્ય આપ્યું હતું. મહાત્માજીના આ રચનાત્મક કાર્યક્રમોમાં સ્ત્રી ઉદ્ધારનો મુદ્દો ચૌદમો હતો."ગાંધીજીએ હિન્દની સ્ત્રીઓમાં જે જાગૃતિ પ્રેરી છે, જે આત્મશ્રદ્ધા જન્માવી છે, ઘરકૂકડીમાંથી એને વીરાંગના બનાવી છે,રસોડામાંથી એને રણક્ષેત્રમાં ખેંચી આણી છે, તે માટે હિંદની સ્ત્રીઓ હર હંમેશ ગાંધીજીની ઋણી રહેશે જ."[1]

સ્ત્રીનું એક મહત્ત્વપૂર્ણ ઉત્તરદાયિત્વ છે સૃષ્ટિનું સંચાલન કરવાનું.આ પોતે પોતાનામાં એક અદ્ભુત રોમાંચક અને મધુર અનુભવ છે. મા બનવાની ક્ષમતા તેનામાં પ્રકૃતિની અમૂલ્ય ભેટ છે, જે સ્ત્રીને સંપૂર્ણ વ્યકિતત્વ પ્રદાન કરે છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીમાં "મા" નું રૂપ જોવા મળે છે, અને શાત્રોમાં સ્ત્રીને પૂજનીય ગણવામાં આવી છે.પરંતુ ભારતીય કુટુંબોમાં સ્ત્રી "મા"નાં રૂપમાં જોવા મળે છે, તેમજ કરુણા, પ્રેમ અને ત્યાગની દેવીનાં રૂપમાં જોવા મળે છે.છતાં આજે સામાજિક જીવનમાં કેવળ તે ભોગની વસ્તુ બનીને રહી ગઈ છે.

વૈદિક યુગમાં તો સ્ત્રીની દશા સારી હતી પરંતુ ઉત્તરવૈદીક યુગ આવતાં-આવતાં તો સ્ત્રીની હાલત દિવસે- દિવસે બગડવા લાગી. મધ્યયુગમાં સ્ત્રીની સ્થિતિ વધારે ખરાબ બની ગઈ. ગાંધીજીના વિચારો સ્ત્રીઓના સંદર્ભમાં સ્પષ્ટ હતા તેઓ માનતા હતા કે, " સ્ત્રી પ્રેમ,ત્યાગની અધિષ્ઠિની છે." સમાજમાં અસ્તિત્વ-હીન એટલા માટે છે કે સમાજ પુરુષ પ્રધાન છે. તેમના મતે "બધી જ રૂઢિઓ અને સામાજિક નિયમ કેવળ પુરુષો દ્વારા જ બનાવવામાં આવ્યાં છે,અને તે પણ સ્ત્રીઓની વિરુદ્ધમાં". તેમણે સ્ત્રી અને પુરુષને સમાન ગણ્યા છે, અને સમાન અધિકારોની વકીલાત કરી છે.

સમાજમાં સ્ત્રીને જે અધિકાર મળે છે, તે કોઈ ને કોઈ કર્તવ્ય, ધર્મના પાલનથી સંબંધિત હોય છે. માટે આ પણ માનવું જોઈએ કે સામાજિક વ્યવહારના નિયમ સ્ત્રી અને પુરુષ બંને આપસમાં સહમતિથી તૈયાર કરે. સ્ત્રીને મિત્ર અને સાથી માનવાની જગ્યાએ પુરુષ સ્વયંને માલિક સમજવા લાગ્યો છે. માટે સ્ત્રીઓની હાલત આજે પણ ગુલામ જેવી જ છે. જયારે એ ગુલામને આઝાદી મળી તો થોડા સમય સુધી સ્ત્રીને એવું લાગ્યું કે જાણે તેમનો સહારો જ જતો રહ્યો છે. સ્ત્રીને એ શિખવવામાં આવ્યું કે તે સ્વયં પુરુષોની દાસી છે માટે કોંગ્રેસીઓની ફરજ છે કે સ્ત્રીઓને તાલીમ આપે, જેથી સમાજમાં તેમને બરોબરી,સમાનતાનો દરજ્જો પ્રાપ્ત થાય.

પ્રસિદ્ધ રાજાનીતિજ્ઞ વિચારક "મૈજિની" એ લખ્યું છે, " બાળક નાગરિકતાનો શ્રેષ્ઠ પાઠ પિતાનો પ્રેમ અને માતાનાં ચુંબનના મધ્યમાં શીખે છે." ગાંધીજીનું માનવું હતું કે વિકાસની ધારાથી જો સ્ત્રીને જોડવામાં નહીં આવે તો વિકાસની પરિકલ્પના કદાપિ સાકાર નહીં થાય. આ હેતુથી હંમેશાં તેઓ માનતા હતા કે, "સ્ત્રીઓના અધિકારોની બાબતમાં કોઈપણ પ્રકારનો પક્ષપાત નહીં કરી શકાય. મારા મત પ્રમાણે એવો કોઈ કાનૂની પ્રતિબંધ નહી લગાવવામાં આવે જે પુરુષો ઉપર ન લગાવવામાં આવ્યો હોય. પુત્ર અને કન્યા બંનેમાં ભેદ ન રાખવો જોઈએ. તેમની સાથે હંમેશાં પૂરી સમાનતાનો વ્યવહાર રાખવો જોઈએ."[2]

મહાત્મા ગાંધીજી સ્ત્રી - પુરુષની સમાનતામાં માનતા. કોઈ ઊંચ કે નીચ નથી, અને બંનેને એક સમાન અધિકારો હોવા જોઈએ. ગાંધીજી હંમેશાં અસમાનતાના વિરોધી રહ્યા હતા. તેઓ એમ માનતા હતા કે અસમાનતામાંથી આખરે શોષણ જન્મે છે, અને તેમને મન શોષણ એટલે હિંસા. સમાજમાં પણ સ્ત્રી - પુરુષ વચ્ચે સમાનતા ન હોય તો પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓનું શોષણ થાય છે. સ્ત્રી ગુલામો જેવી દયનીય દશા ભોગવે છે. ગાંધીજી સ્ત્રીની આ સ્થિતિમાં સુધારો લાવી તેને સમાજમાં પુરુષની સાથે જ બેસાડવા માંગતા હતા, અર્થાત્ સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવા માંગતા હતા, અને સમાજમાંથી સ્ત્રી-પુરુષ ભેદભાવ દૂર કરવા માંગતા હતા. આ માટે તેમણે રચનાત્મક કાર્યોમાં સ્ત્રી ઉદ્ધાર પર વિશેષ ભાર મૂકયો હતો.

સ્ત્રી પુરુષ સમાનતાનો અર્થ એ નથી કે સમાન ધંધા રોજગાર પણ કરે. સ્ત્રીને શસ્ત્ર ધારણ કરવામાં અને શિકાર કરવાની વિરુદ્ધ કોઈ કાનૂની અડચણ ના હોવી જોઈએ. પરંતુ જે કામ પુરુષને કરવાના છે તેમાં સ્વાભાવિક છે સ્ત્રી ન કરી શકે. પ્રકૃતિએ સ્ત્રી અને પુરુષને એકબીજાનાં પૂરક તરીકે સર્જન કર્યું છે. જેવી રીતે તેમના આકારમાં ભેદ છે તેવીજ રીતે કાર્ય પણ મર્યાદિત છે. પુરુષપ્રધાન ભારતીય સમાજમાં વંશ પુરુષનાં નામે ચાલે છે. સ્ત્રી-પુરુષ જયારે લગ્નગ્રંથિથી

જોડાય છે,ત્યારે વિવાહિત હોવાનાં બધાં જ ચિહ્નો સ્ત્રીને ધારણ કરવાં પડે છે.જે નારીના સ્વતંત્ર અસ્તિત્વ પર પ્રશ્નચિહ્ન લગાવી દે છે.ગાંધીજી નારી સન્માન માટે ખૂબ જ સતેજ હતા. તેમનું માનવું હતું કે સમાજમાં સ્ત્રીને પુરુષની બરોબરીનો દરજ્જો પ્રાપ્ત થાય.આ માટે સ્ત્રીએ શિક્ષિત થવું જરૂરી છે. તેમણે સ્ત્રી શિક્ષણ પર ભાર દેતાં કહ્યું હતું કે -"હું સ્ત્રીને બધાજ પ્રકારનું શિક્ષણ મળે તેનો હિમાયતી છું.પરંતુ હું એ પણ માનું છું કે સ્ત્રી વિશ્વની પ્રગતિમાં પોતાનું યોગદાન પુરુષની નકલ કરીને અને પુરુષની પ્રતિસ્પર્ધી બનીને નહી આપી શકે. પરંતુ પુરુષની નકલ કરીને તે એ ઊંચાઈ સુધી નહિ પહોંચી શકે, જે ઊંચાઈ સુધી તેને પહોંચવાનું છે. માટે સ્ત્રીએ પુરુષની પૂરક બનવું જોઈએ".[3]

મહાત્મા ગાંધીની સ્ત્રી જાગૃતિ ચળવળને સમજવા પ્રથમ તો હિન્દુસ્તાનની 19મી અને પ્રારંભિક 20મી સદીની સામાજિક સ્થિતિ પણ જાણવી ઘણી જ આવશ્યક છે.19મી સદી પુનર્જાગરણની સદી તરીકે ઓળખાઈ છે,અને આ સમય દરમ્યાન ઘણા જ સામાજિક-ધાર્મિક સુધારણા આન્દોલનો થયાં હતાં. તે સમયના સુધારકોએ મુખ્યત્વે સમાજ અને ધર્મમાં વ્યાપ્ત બુરાઈઓ, અનિષ્ટો દૂર કરવા ઘણા જ પ્રયત્નો કર્યા હતા. બ્રહ્મોસમાજ,પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, અલીગઢ આંદોલન,પારસી સુધાર આંદોલન વગેરે દ્વારા સમાજ-ધર્મના વિકાસમાં કાર્ય થયું હતું. સુધારકોનો મુખ્ય હેતુ સમાજમાં વ્યાપ્ત અન્યાયો, રૂઢિઓ,પરંપરાઓને એક પ્રકારે તોડવાનો હતો, કારણ કે એ સમયે સમાજમાં સતીપ્રથા, બાળહત્યા પ્રચલિત હતા, અને વિધવા વિવાહને કોઈ સન્માન નહોતું. પરંતુ આ સુધારકોના પ્રયત્નો થયા. રાજા રામમોહનરાયના પ્રયત્નોથી લોર્ડ વિલિયમ બેન્ટિકે ઈ.સ. 1829માં સતીપ્રથા ધારો દાખલ કર્યો, અને જાહેર કર્યું કે સતી થવા સ્ત્રીને મજબૂર કરનાર હરકોઈ સજાને પાત્ર છે. સમયાંતરે કેશવચન્દ્ર સેન દ્વારા વિધવા વિવાહને ઉત્તેજન મળ્યું. ઠેર ઠેર વિધવા મંડળો સ્થપાયા અને સ્ત્રી ઉન્નતિમાં પ્રગતિ લાવવા પ્રયાસો થવા માંડયા.

મહાત્મા ગાંધીજીએ 19મી સદીના સમાજ-ધર્મ સુધારકો કરતાં સહેજ વધુ આગળ જઈને નવીન કાર્યક્રમો મારફત, નવીન વિચારસરણી દ્વારા સ્ત્રી જાગૃતિમાં અનેક ગણો વધારો કર્યો. કોઈપણ દેશમાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, બૌદ્ધિક અને નૈતિક વિકાસમાં સ્ત્રીઓની ખૂબ જ મહત્ત્વની ભૂમિકા હોય છે. જો સમાજમાં સ્ત્રીએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું હોય તો શિક્ષિત થવું જરૂરી છે. ગાંધીજીએ સ્ત્રી શિક્ષણની આવશ્યકતા સમજાવતાં કહ્યું હતું કે, " પુત્રને શિક્ષિત કરવાનો અર્થ એક સભ્યને શિક્ષિત કરવો અને પુત્રીને શિક્ષિત કરવાનો અર્થ એ બે પરિવારો-કુટુંબોને શિક્ષિત કરવાનો છે. " [4]

ગાંધીજી સ્ત્રીઓ ઉપર લદાતા સામાજિક બંધનોના સખત વિરોધી હતા. તેમણે દહેજપ્રથા,પડદા પ્રથા,બાળવિવાહ,વિધવા પુનર્વિવાહ પર પ્રતિબંધ વગેરે સામાજિક અનિષ્ટોનો વિરોધ કર્યો હતો. ગાંધીજી બાળ લગ્નોના વિરોધી હતા, અને આ બાળલગ્ન પ્રથાને સમાજ માટે, "સ્ત્રી માટે જ રદબાતલ ગણતા હતા. એટલે લગ્ન જ ગણતા નહોતા. આથી બાળવિધવા એ ખરું જોતાં વિધવા જ નથી પરંતુ કુંવારી છે અને એને કુંવારી માનીને જ ચાલવું જોઈએ." વધુમાં ગાંધીજી એ કહે છે કે, "બાલિકાઓ પર વૈધવ્ય લાદવું એ પશુતા ભર્યો અપરાધ છે...... જો આપણું અંતર ખરેખર જાગૃત થાય તો પંદર વર્ષ પહેલા એક પણ બાલિકાને આપણે પરણાવીએ જ નહીં."[5] ગાંધીજી આ રીતે સમાજમાં જાગૃતિ લાવી બાળલગ્નો દૂર કરવા ઈચ્છતા હતા અને સ્ત્રીઓમાં જાગૃતિ લાવી તેમને આવી સામાજિક રૂઢિ સામે જાગૃત બનવા અનુરોધ કર્યો હતો.

મહાત્મા ગાંધીજી વિધવા પુનર્વિવાહના હિમાયતી હતા. બાળલગ્નોને કારણે ઘણી સ્ત્રીઓ વિધવા થતી કારણ કે પુરુષો ગમે તે ઉંમરે પરણી શકતા અને ચાહે તેટલી વાર લગ્નો કરી શકતા હતા. ગાંધીજી આ સામાજિક પ્રથાનો વિરોધ કરે છે, અને વિધવાઓને પણ પુનઃ લગ્ન કરવાની છૂટ હોવી જોઈએ તેવો મત ધરાવે છે. સ્ત્રીને પણ પુરુષસમાન અધિકાર છે અને સ્ત્રીઓ પણ વિધવા બન્યા પછી પોતાની ઈચ્છા મુજબ પુનઃલગ્ન કરી શકે છે. તેમના પર કોઈ પણ પ્રકારના સામાજિક બંધનો લાદી તેમની જિંદગીને ગુંગળાવી મારવી એ માનવ હત્યા સમાન જ છે એવું ગાંધીજી માનતા હતા. ગાંધીજી લખે છે કે, " જયાં સુધી આપણા સમાજમાં હજારો વિધવાઓ પડી છે, ત્યાં સુધી આપણે એવી સુરંગ ઉપર બેઠેલા જેવા છીએ કે જે ગમે તે ઘડીએ ફૂટે

અને આપણા કચ્ચરઘાણ વાળે. જો આપણે આત્મશુદ્ધિ કરવી હોય, જો હિંદુ ધર્મને બચાવવો હોય તો આપણે બળાત્કારે પળાવવામાં આવતા વૈધવ્યના મહાવ્યાધિમાંથી બચી જવું જોઈએ. જેમને ઘેર બાળવિધવાઓ હોય તેમણે હિંમત કરીને પોતાના રક્ષણ નીચે બાળાઓનો યોગ્ય રીતે વિવાહ કરી દઈને સુધારો કરવો જોઈએ. વિવાહ કરી દેવાનું કહું છું - પુનર્વિવાહ નહિ, કારણ તેમનો વિવાહ ખરી રીતે થયો જ નથી."

મહાત્મા ગાંધી પુરુષોની માફક સ્ત્રીઓને પણ સ્વતંત્રતાનો અવકાશ હોવો જોઈએ તેવું માનતા. પોતાના સાબરમતી આશ્રમમાં સ્ત્રીઓને પુરુષોના જેટલા જ અધિકારો આપવામાં આવતા. "તેઓ માનતા કે સ્ત્રીઓનું વ્યકિતત્વ અને માધુર્ય એમને સ્વતંત્રતા આપવાથી જ ખીલી શકે છે." સ્ત્રી પરના બંધનો તેમના વિકાસને રૂંધે છે, તેની પ્રગતિમાં અવરોધક બને છે. સ્ત્રી સમાનતા વગર તેમની પ્રગતિ શકય નથી. કાયદાની રૂએ સ્ત્રી પુરુષને સમાન અધિકારો પ્રાપ્ત થવા જોઈએ, તથા પુત્ર કે પુત્રીમાં કોઈ જ ભેદ ન હોવો જોઈએ.

મહાત્મા ગાંધીજીએ સ્ત્રી ઉન્નતિના કાર્યક્રમોમાં પડદાપ્રથાના ઘણા જ વિરોધી હતા. પડદાપ્રથાના લીધે સ્ત્રીઓ મુક્ત ફરી શકતી નહિ કે મુક્ત પણે પોતાનો વિકાસ કરી શકવા અસમર્થ રહેતી અને વારંવાર પોતાના પર બંધન જેવું અનુભવતી. ગાંધીજી પડદા વગર જ સ્ત્રીઓને મળતા. મુસ્લિમ કુટુંબોની સ્ત્રીઓને પણ તેઓ મળવાનો આગ્રહ રાખતા. પડદાપ્રથા અંગે જે કૃત્રિમ કલ્પના સેવવામાં આવી છે તેનો ગાંધીજી વિરોધ નોંધાવતા. તેઓ આ અંગે કહે છે કે - " પવિત્રતા કંઈ કૃત્રિમ રીતે ઉછેરી શકાય એવો છોડ નથી. એ ઉપરથી લાદી ન શકાય. એ તો અંદરથી ઉગવી જોઈએ, અને બધા જ વણશોધ્યા પ્રલોભનો સામે ટકી રહેવાનું એમાં સામર્થ્ય હોય તો જ એની કશી કિંમત છે."[6]

ગાંધીજી એ વાતના સમર્થક હતા કે સ્ત્રીઓની પોતાની પવિત્રતાની બાબતમાં પુરુષોએ ચિંતા કરવાની જરૂર નથી. તેઓ કહેતા કે - " સ્ત્રીઓની પવિત્રતાના વિષયમાં પુરુષો આટલી ચિંતા કેમ કરે છે ? શું પુરુષોની પવિત્રતાની બાબતમાં સ્ત્રીઓને કંઈ કહેવાનો અધિકાર છે ? પુરુષોના શીલ - ચારિત્ર્યની બાબતમાં સ્ત્રીઓને તો આપણે ચિંતા કરતી નથી જોઈ. તો પછી સ્ત્રીઓના શીલ અને પવિત્રતાનું નિયમનનો અધિકાર લેવાની ઈચ્છા પુરુષો શા માટે કરે છે ?"[7]

ગાંધીજી સ્ત્રીને શક્તિનું સ્વરૂપ માનતા હતા, અને સ્ત્રીને "અબળા" કહેવાનું ગાંધીજીને પસંદ નહોતું. ગાંધીજી કહેતા હતા કે- " સ્ત્રીને અબળા કહેવાનું એ તેને બદનામ કરવા જેવું છે." આવું હોવાનો અર્થ એ છે કે સ્ત્રીઓમાં પુરુષો જેવી પશુતા નથી, અથવા તો એટલી માત્રામાં નથી જેટલી પુરુષોમાં હોય છે." સ્ત્રીઓમાં મમતા, માધુર્ય તથા મહાનતાનો અદ્‌ભુત ,અનુપમ અને અણમોલ સંગમ જોવા મળે છે. સ્ત્રી પ્રત્યેક અગ્નિ પરીક્ષામાં પસાર થઈને સમાજની સમસ્યાઓનો સામનો કરે છે. હૃદયમાં વેદનાનો જવાળામુખી સમાવીને હોઠો પર મધુર મુસ્કાન લાવીને પુરુષની સાથે ચાલવાનો પ્રયત્ન કરે છે. આ જ માટે ગાંધીજી સ્ત્રીને અહિંસાનો અવતાર માનતા હતા. ગાંધીજી લખે છે, " અહિંસાનો અર્થ છે- અસીમિત પ્રેમ જેનો સ્પષ્ટ અર્થ છે કષ્ટો સહન કરવાની અસીમિત ક્ષમતા. " જયારે તે શીશુને ગર્ભમાં ધારણ કરે છે અને નવ મહિના સુધી કોખમાં પાળે પોષે છે અને આમાં જ તે અપ્રાપ્ય સુખ પ્રાપ્ત કરે છે. પ્રસવની પીડાથી બીજું મોટું કષ્ટ કયું હોય ? તે પોતાના બાળકનાં વિકાસ અને ઉન્નતિ માટે કષ્ટો સહન કરે છે ત્યારે એ ભૂલી જાય છે કયારેક તે પુરુષની વાસનાનો શિકાર હતી કે, થવાની છે."

મહાત્મા ગાંધીજીના સ્ત્રી વિષયક વિચારો સ્ત્રી જાગૃતિ સૂચવે છે અને તેમના રચનાત્મક કાર્યક્રમોમાં સ્ત્રી ઉદ્ધાર કાર્યક્રમ સ્ત્રી જાગૃતિને નવીન રૂપ પ્રદાન કરે છે. ગાંધીજી સ્ત્રીમાં પડેલી શકિત,નૈતિક તાકાતને, સ્વાર્પણ, વિશ્વાસ જેવા ગુણો વગેરેને નવીન સ્વરૂપ આપ્યું. પોતાના વિચારો થકી તેની ઉન્નતિને મહત્ત્વનું કાર્ય માન્યું . તેઓ કહેતા કે : "પુરુષની પાસે શારીરિક બળ છે,જયારે સ્ત્રીઓ પાસે નૈતિક બળ છે. અને શારીરિક બળની તુલનામાં નૈતિક બળ અનેક દૃષ્ટિએ જોરદાર છે અને તેથી સ્ત્રીઓને અબળા કહી શકાય જ નહીં. આથી જ પુરુષ કરતાં અહિંસાત્મક પ્રતિકાર કરવાને સ્ત્રીઓ વધારે યોગ્ય છે. આથી સ્વાર્પણની બાબતમાં, આત્મત્યાગની બાબતમાં સ્ત્રીઓ પુરુષો કરતાં ઘણી ચડિયાતી છે, કારણ કે હિંસા એ તો સ્ત્રીના સ્વભાવની જ વિરુદ્ધ છે. અને સ્ત્રીઓ પુરુષની ગુલામ

એટલા માટે રહી છે કે પોતાની અંદર જે આંતરિક બળ રહેલું છે એની એને કદર નથી કે જાણ નથી. સ્ત્રીઓ તો અહિંસાની મૂર્તિ છે. સ્ત્રી પોતાના બાળક પર જે પ્રેમ વર્ષાવે છે તે જો આખા જગત તરફ વર્ષાવે તો, આખા જગતનો ઉદ્ધાર થાય. યુદ્ધથી ત્રાસેલા જગતને શાંતિ આપવાની કળા એની પાસે છે. તરસ્યાને એ અમૃત આપનારી છે."

ગાંધીજી પુત્ર કે પુસ્ત્રીમાં ભેદ માનતા નહોતા. બંનેનો જન્મ કુદરતી છે અને તેમાં કોઈ ઊંચ કે નિમ્ન નથી. સમાજમાં પુત્રના જન્મને આવકારદાયક ગણાતો, જ્યારે પુત્રીના જન્મને ધિક્કારવામાં આવતો. ગાંધીજી આ બાબતનો વિરોધ નોંધાવતાં કહે છે- " સ્ત્રી જાતિ પ્રત્યેનો ઈર્ષા જગાડનારો આ ભેદભાવ કાલગ્રસ્ત વસ્તુ છે. પુત્રના જન્મથી હર્ષ પામવાનું અને પુત્રીનાં જન્મથી શોક પામવાનું મને કોઈ કારણ દેખાતું નથી. બંનેને પ્રભુનાં દીધેલાં છે. બંનેને જીવવાનો સરખો હક છે. અને સંસારને ચાલુ રાખવાને બંનેની સરખી જરૂર છે."

ગાંધીજી સ્ત્રીઓને માનથી જોતા અને તેમને સન્માન આપતા.ગાંધીજીના વ્યકિતગત જીવનમાં પણ અનેક સ્ત્રીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. વધુમાં કહીએ તો તેમનામાં સંસ્કાર ઘડતર અને જીવન ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા તો તેમને ત્રણ પ્રતિજ્ઞા લેવડાવનાર તેમનાં માતા પૂતળીબાઈ હતાં, ગાંધીજીને રામનામનો મહિમા બતાવનાર રંભા ધાત્રી હતાં. આ એ જ સ્ત્રી હતી કે જેની દારુણ, ગરીબ પરિસ્થિતિ જોઈ (ઓરિસ્સાની ગરીબ સ્ત્રી) ગાંધીજીએ ત્યારથી ફકત એક જ કપડું પહેરવાનું શરૂ કર્યું હતું. ગાંધીજીની આ દૃષ્ટિમાં સ્ત્રી મહિમા દેખાય છે, અને સ્ત્રીઓ પ્રત્યેનો આદરભાવ જોઈ શકાય છે. ઓરિસ્સાની એ બાઈને જોઈને તેમને મનોમન થયું કે જ્યાં સુધી મારા દેશની સ્ત્રીઓની આ દશા હોય તો હું કેવી રીતે વધુ કપડાં પહેરી શકું અને તે દિવસથી તેમણે આજીવન એક જ વસ્ત્ર ધારણ કરવાનું નક્કી કર્યું હતું.

મહાત્મા ગાંધીજી ભારતીય સ્ત્રીસમાજમાં નવીન વિચારોનું આરોપણ કરવા માંગતા હતા. સ્ત્રી ઉદ્ધારને અસ્પૃશ્યતા નિવારણ જેટલું જ મહત્ત્વ આપતા. હરિજન સ્ત્રીઓમાં પણ કેળવણીનો વિકાસ થાય અને તેઓ પણ ઉન્નતિના શિખરો સર કરી શકે એવું ગાંધીજી માનતા હતા. આથી તેમણે કહ્યું હતું કે- "મારું ચલણ હોય અને મારો અવાજ હોય તો હું તો કહું કે સ્વતંત્ર ભારતની પહેલી પ્રમુખ તો એક હરિજન કન્યા જ હોવી જોઈએ..... હા, જો મને એવી બહાદુર દીકરી મળે તો હું તો તેને જ પહેલી રાષ્ટ્રપ્રમુખ બનાવું..... એ દીકરી મનથી સાફ હોવી જઈએ, પવિત્ર હોવી જોઈએ, પ્રમુખ તરીકે ઊભી હોય તો સીતા જેટલી તેજસ્વી અને આત્મબળ હોવું જોઈએ. રાવણ જેવો મહારથી પણ તેને અડી શકતો નહીં."

મહાત્મા ગાંધીજીનું મોટું પ્રદાન તો સ્ત્રીઓને ઘરની ચાર દીવાલોમાંથી બહાર લાવી રાષ્ટ્રીય પ્રવૃતિઓમાં જોડાવાનું હતું .ભારતની રાષ્ટ્રીય ચળવળોમાં ગાંધીજીએ સ્ત્રીઓને સામેલ કરી હતી. સત્યાગ્રહોમાં ગાંધીજી સ્ત્રીઓની હાજરી આવશ્યક માનતા હતા. તેમને સ્ત્રી શક્તિમાં અપાર વિશ્વાસ હતો. સ્ત્રીમાં ધીરજ,સહનશીલતાના ગુણો હોય તે ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી શકે છે. સ્ત્રી એ અહિંસાની સાક્ષાત પ્રતિમા છે. અહિંસાનો અર્થ જ નિરવધિ પ્રેમ અને એવો પ્રેમ એટલે વળી કષ્ટ સહનની અસીમ શક્તિ.... જેમાં પુસ્તકી જ્ઞાનની જરૂર નથી.માત્ર કષ્ટસહન અને શ્રદ્ધામાંથી નીપજતું દ્રઢ હૈયું જરૂરી છે, એવા સત્યાગ્રહમાં સ્ત્રી આગેવાની લઈ શકે".

મહાત્મા ગાંધીજીએ સ્ત્રી શકિતને પારખી ભારતની રાષ્ટ્રીય ચળવળમાં તેમને સામેલ કરી સ્ત્રી જાગૃતિમાં એક મહત્ત્વનું પ્રદાન કર્યું હતું. ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ સંચાલિત રાષ્ટ્રિય ચળવળમાં ગાંધીજીના નેતૃત્વ હેઠળ અનેક સ્ત્રીઓ આંદોલનમાં જોડાઈ હતી. ઈ.સ. 1930ના સવિનય કાનૂનભંગની લડત સમયે હજારો સ્ત્રીઓએ ભાગ લીધો હતો.અનેક ગામડાં અને શહેરોની સ્ત્રીઓ સભા,સરઘસ અને પીકેટીંગમાં જોડાઈ હતી. સરોજિની નાયડુની અધ્યક્ષતા હેઠળ અનેક સત્યાગ્રહી સ્ત્રી પુરુષોએ ધરાસણામાં સત્યાગ્રહ કર્યો હતો. મીઠાના સત્યાગ્રહમાં 17હજાર સ્ત્રીઓની ધરપકડ થઈ હતી. "ભારત છોડો" ચળવળમાં સ્ત્રીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી. ગાંધીજીના પ્રયાસોથી સ્ત્રી જાગૃતિમાં અનેકગણો વધારો થયો.

મહાત્મા ગાંધીજી સ્ત્રીશક્તિને પારખનાર હીરા પારખુ હતા. સ્ત્રીઓમાં જાગૃતિનો સંચાર કરી તેમને રાષ્ટ્રીય

પ્રવૃત્તિઓમાં જોડવાનું શ્રેય ગાંધીજીના ફાળે જાય છે. તેમના પ્રતાપે અનેક સ્ત્રીમંડળો રચાયા હતા, સ્ત્રીઓ સભાસરઘસોમાં આવવા લાગી હતી, તથા તેમણે અનેકવાર સ્ત્રી જાગૃતિ માટે સભાઓમાં ભાષણો આપ્યાં હતાં. સ્ત્રીઓ ઘરની બહાર આવવાથી અનેક બંધનો તૂટવા લાગ્યા, અને ગાંધીજીની ચળવળોએ ભારતીય નારીને ઢીંગલીમાંથી ક્રાન્તિકારી વ્યકિત બનાવી. "ટૂંકમાં અન્ય સ્ત્રી ઉત્થાન મહારથીઓ કરતાં ગાંધીજીએ સ્ત્રીઓને રાજકારણ અને જાહેર જીવનમાં સ્થાન આપ્યું અને તેના ઉત્થાનના સોપાનોમાં એક પગથિયું આગળ લઈ ગયા."[8] ગાંધીજીની આ પ્રવૃત્તિથી સામાજિક બંધનો ઢીલા પડ્યાં અને અન્ય રૂઢિવાદીઓ પણ પોતાની સ્ત્રીઓને સભા-સરઘસો કે સત્યાગ્રહમાં મોકલવા લાગ્યા હતા. ટૂંકમાં કહી શકાય કે, "ગાંધીજીએ સ્ત્રીઓને સ્વતંત્રતા અને સમાનતા આપવાના જે પ્રયત્નો કર્યા છે તેવા પ્રયત્નો કોઈ પ્રાચીન કે અર્વાચીન સમાજ સુધારકોએ ભાગ્યે જ કર્યા હશે."[9]

જગતને ગાંધીજીની દેણ છે. સત્ય અને અહિંસા જેવા અમોઘ શસ્ત્ર વાપરનાર ગાંધીજીએ સ્ત્રીને પોતાના સન્માનની રક્ષા માટે આ શસ્ત્રોનો પ્રયોગ કરવાનું જણાવ્યું હતું. એક વખત એક અંગ્રેજે ભારતીય મહિલાનું શીલહરણ કર્યું ત્યારે ગાંધીજીએ મહિલાને ઠપકો આપ્યો કે જો તારી પાસે કોઈ હથિયાર ન હતું તો ભગવાને આપેલા નખ તો હતાં ને. ગાંધીજીએ દહેજપ્રથાનો સખત વિરોધ કર્યો હતો. પરંતુ ગાંધીજીએ બતાવેલા રસ્તા ઉપર આપણે આજે નથી ચાલી શકતા. કોઈપણ સમાજે વિકાસ કરવો હોય તો સ્ત્રીને સન્માન આપવું જોઈએ. ગાંધીજી માનતા હતા કે જ્યાં સુધી સમાજમાં સ્ત્રીઓ ઉપર અત્યાચાર થતો રહેશે ત્યાં સુધી સંપૂર્ણ સમાજ પ્રગતિ નહીં કરી શકે. દહેજની કુપ્રથાની સમાપ્તિ માટે તેમણે નિમ્નલિખિત સૂચનો આપ્યાં હતાં :

- કન્યા એવા યુવકની ઉપેક્ષા કરે જે સ્વયં અને માતા-પિતા દહેજનાં લોભી હોય.
- દેશમાં શિક્ષિત યુવકો,વિશેષ કરીને અમીર માતા-પિતાના સંતાનોએ નિશ્ચય કરવો જોઈએ કે પોતાના લગ્નમાં કોઈ બિનજરૂરી ખર્ચ ન કરવા દે. તેથી રાષ્ટ્રના સાધનોની બરબાદીને રોકી શકાય.
- જાતિ અને ધર્મના બંધન તોડવા જોઈએ અને લગ્નનું ક્ષેત્ર વિસ્તૃત બનાવવું જોઈએ.

ગાંધીજીના વ્યકિતત્વમાં સૌથી મોટી લાક્ષણિકતા એ હતી કે તેઓ વચન અને કર્મમાં કોઈ પણ પ્રકારનો ભેદ કરતા નહિ. તેમના મુખમાંથી તેમના આત્માનો અવાજ નીકળતો હતો. ઉલ્લેખનીય છે કે ગાંધીજીના એક પુત્રના વિવાહ બીજી જ્ઞાતિમાં થયા હતા.ગાંધીજી સમાજમાં સ્ત્રીઓને આગળ લાવવા હંમેશાં પ્રયાસ કરતા હતા.ગાંધીજી કહેતા હતા કે પાપની ઘૃણા કરો પાપીની નહિ. જો પાપીમાં સુધારો આવી જાય તો તે પુણ્યાત્મા બની જશે. જ્યાં સુધી આપણી સામાજિક માન્યતાઓ બદલાશે નહિ ત્યાં સુધી સ્ત્રીની દશામાં પરિવર્તન નહિ આવે. ભાર એ બાબત પર મૂકવો જોઈએ કે સ્ત્રીઓ પણ પોતાના અસ્તિત્વને ઓળખે.

**<u>સંદર્ભ</u>**


1. જોશી, અંબેલાલ : ઌપ્રાતઃ સ્મરણીય મહાત્મા ગાંધીજીઌ , ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃતિ : 1955, પૃષ્ઠ નં. 308.
2. યંગ ઈન્ડિયા, 17-10-1924.
3. હરિજન, 27.02.1937.
4. અમૃત બજાર પત્રિકા, 12.01.1935.
5. પારેખ, નગીનદાસ : 'ગાંધીજી : જીવન અને વિચારઌ', નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ - 380014. પ્રથમ આવૃત્તિ : મે,1973, પૃષ્ઠ નં. 374-375.
6. એજન, પૃષ્ઠ નં. 376.
7. યંગ ઈન્ડિયા, 25-11-1926.
8. શાહ, ચુડાસમા : 'વિચારસરણી અને પરિવર્તનઌ', મેસર્સ બી.એસ.શાહ, અમદાવાદ. પ્રથમ આવૃતિ : 1967, પૃષ્ઠ નં. 197.
9. એજન, પૃષ્ઠ નં. 336.



(વ્યાખ્યાતા, ઈતિહાસ વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર)



## શ્વેતક્રાંતિનાં મંડાણમાં સરદાર અને ત્રિભુવનદાસ

વર્ગીસ કુરિયન

**(જન્મે મલયાલી, ભણતર તેલુગુ અને અંગ્રેજી માધ્યમમાં અને આણંદ આવીને દૂધ ઉત્પાદકોના મસિહા બનેલા ડૉ. વર્ગીસ કુરિયને પોતાની જીવનગાથાનાં સંસ્મરણ ગૌરી સાળવીને કહ્યાં અને એ પુસ્તકાકારે પ્રકાશિત થયાં. શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ. કુરિયનની આ કથાના અંશો એમને અંજલિરૂપ અહીં પ્રસ્તુત છે. – તંત્રી)**

સરદાર પટેલ સ્વતંત્ર ભારતના પ્રથમ ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર બન્યા. ત્રિભુવનદાસ પટેલ દિલ્હી તેમની મુલાકાતે ગયા અને તેમની ચાલુ રહેલી સમસ્યાઓ અંગે જાણ કરી. તેમણે એમ પણ કહ્યું કે ખેડૂતોને પોતાની ડેરી હોય તેવી જરૂરિયાત ઘણી તીવ્ર રીતે જણાતી હતી. આણંદમાં એક પુરાણી સરકારી સંશોધન ડેરી તો હતી, જે ૧૯૧૪માં બંધાઈ હતી પણ હવે તે ખંડેર બની હતી. આ એ જ ડેરી હતી જેમાં મેસોપોટેમિયા (ઈરાક)માં પ્રથમ વિશ્વયુદ્ધમાં લડતી અંગ્રેજ સેનાને માટે ચીઝ બનાવાતું હતું અને જેનું મકાન ભારત સરકારે લીઝ પર નેશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (એન.ડી.આર.આઈ.) માટે રાખ્યું હતું. મનગઢંત હોય તેમ બને, પણ એક અફવા એમ કહેતી હતી કે આ ચીઝ ખાધા બાદ મરેલા અંગ્રેજ સૈનિકોની સંખ્યા દુશ્મનના હાથે મરેલા સૈનિકો કરતાં ઘણી વધારે હતી!

સરદાર પટેલે ત્રિભુનદાસને કહ્યું કે આ કામ માટે કૃષિમંત્રી શ્રી રાજેન્દ્રપ્રસાદને મળી લેવું અને પેલી ડેરીની જગા ખેડૂતોની મંડળી માટે માગવી, પણ આમાં વળી અધિકારીઓ વચ્ચે આવ્યા. આ વાતનો વિરોધ કરતાં તેમણે કહ્યું કે સરકારી જગા કે મિલકત કોઈને પણ માત્ર એમ ને એમ અપાય નહિ. આથી આ અમલદારોની શાણી સલાહને લીધે આ ડેરીનો અમુક હિસ્સો ખેડા મંડળીને વરસે રૂા. ૯૦૦૦ના ભાડે સોંપાયો, જેમાં થોડાં મશીનો પણ હતાં, જ્યારે બાકીનો હિસ્સો સરકારે પોતાની પાસે એન.ડી.આર.આઈ.ના સંશોધનકાર્ય માટે જાળવી રાખ્યો.

આ ડેરીની જગા તો પ્રથમ વિશ્વયુદ્ધના સમયની જૂની-પુરાણી હતી અને સ્વાભાવિક છે કે તેની સ્થિતિ ઘણી ખરાબ હોય. તેમાં જૂનાં મશીનોનો ભેળસેળ પણ હતો; જૂની મશીનરીના સિદ્ધાંત મુજબ તેના બોઈલરની લોખંડની દાંડી આખી ડેરીના મકાન જેટલા લાંબા અંતરે ફરે તેવી હતી અને માંડ માંડ મશીનને ચલાવતી હતી. જાતજાતની પુલીઓ, પટ્ટાઓ અને પંપો પણ હતા. બધી જ બિનવ્યવહારુ નિરુપયોગી અને કટાઈ ગયેલી ચીજો હતી.

ખેડા જિલ્લા સહકારી મંડળીના જીવનના લગભગ આ તબક્કે મારે આણંદ આવવાનું થયું. જેમ મેં પહેલાં કહ્યું છે તેમ મને ગુજરાતના આ ધૂળિયા ગામમાં અને ખેડા જિલ્લાના ડેરી ખેડૂતોના જીવનમાં મુકાયો તે કેવળ ભાગ્યની એક અકસ્માત ક્ષણ હતી – છતાં તે ક્ષણ પણ કંઈક અજાયબ રીતે જાણે ભાગ્યની કાળજીપૂર્વક ઘટેલી કોઈ યોજનાનો જ હિસ્સો હતી એમ લાગે છે. મારી કલ્પનામાં હું મારી જાતને કોઈ 'વધુ સરસ

અને ઉચ્ચતર જીવન'ને યોગ્ય સમજતો હતો, જે કોઈ શાનદાર, ઝડપી, શહેરી જીવન, કોઈ પ્રખ્યાત કંપનીમાં નોકરી અને તેને અનુરૂપ વિલાસી જીવન હોય. આ મનોચિત્રમાં આણંદ ક્યાંય બંધબેસતું નહોતું, છતાં ભારત સરકાર સાથેનો મારો કરાર મારે પૂરો કરવો જ રહ્યો, જેણે મને અમેરિકામાં ઉચ્ચતર અભ્યાસ માટે શિષ્યવૃત્તિ અને બીજી સવલતો કરી આપી અને એને પરિણામે હું આણંદમાં હતો – જલ બીન મછલી જેવો.

૧૩મી મે, ૧૯૪૯ને શુક્રવારનો દિવસ હતો જ્યારે મુંબઈની ટ્રેન ભાંગ્યા-તૂટ્યા આણંદ સ્ટેશને આવી. માત્ર કોડાન્ડપણી જ મને સ્ટેશને લેવા આવ્યા હતા અને હવે તેઓ બેંગ્લોર ચાલી જવાના હતા તેથી ઘણા ખુશ હતા. તેમની સાથે સરકારી ડેરી ઉત્પાદનની દુકાનના અધિકારી, જેઓ થોડા પ્રૌઢ અને મૈત્રીપૂર્ણ જણાયા, તેઓ આવ્યા હતા અને બધા તેમને 'બારોટકાકા'ના નામે ઓળખતા હતા. એન.ડી.આર.આઈ. દ્વારા ચલાવાતી એ દુકાન, કહો કે ફેક્ટરીમાં, તેઓ મારી ઓફિસે મને લઈ ગયા. શુક્રવાર અને ૧૩મી તારીખ હોવાથી તે અપશુકનિયાળ દિવસ ગણાય. મારે આજે ને આજે ઓફિસનો ચાર્જ ન લેવો એવી સલાહ કોડાન્ડપણીએ મને આપી અને કહ્યું કે મારે એક દિવસ રોકાઈ જવું. 'ના' મેં કહ્યું, 'આ બધું જે હું જોઈ રહ્યો છું તે મને સહેજે પસંદ નથી પડ્યું. આજે જ હું ચાર્જ સંભાળીશ અને ભલે બધું ખરાબ જ થાય. આમ પણ મારે અહીં બહુ લાંબો સમય રહેવું નથી.'

૧૯૪૯માં આણંદની વસતી લગભગ ૧૦૦૦૦ લોકોની હશે. મેં પાછળ છોડેલી ન્યૂયોર્કની મારી જિંદગી સામે, લોલકનું જાણે આ બીજું અંતિમ હતું. ન્યૂયોર્ક તો ખૂબ વ્યસ્ત એ ચહલપલ ધરાવતું શહેર. આણંદ ધૂળિયું અને ઊંઘરેટું, ન્યૂયોર્ક એકદમ ચંચળ અને ઉદારમતવાદી, આણંદ તો દર્દનાક રીતે ઉત્તેજનાહીન અને રૂઢિવાદી, હકીકતમાં એ એટલું રૂઢિવાદી હતું કે મને કોઈ ઘર ભાડે આપવા, અરે એક ઓરડો પણ ભાડે આપવાને તૈયાર નહોતું. જેટલી શક્ય હોય તેટલી અયોગ્ય વસ્તુઓ મારામાં હતી. એક તો હું બહારનો માણસ, એક મલયાલી. વધુમાં એક ખ્રિસ્તી અને માંસાહારી – આ બંને ચીજો એવી જેનાથી ચુસ્ત શાકાહારી ગુજરાતી કોમ છળી જ ઊઠે અને તે બધાને પણ ટપી જાય એ વાત કે હું કુંવારો હતો! એક કુંવારા, મલયાલી, ખ્રિસ્તી માણસને કયું સ્વાભિમાની ગુજરાતી કુટુંબ ઓરડો પણ ભાડે આપે?

**ઇતિહાસનું ઘડતર**

સરકારી ક્રીમરીના જે ગમગીન અને શુષ્ક ભાગને તેમણે ભાડે રાખ્યો હતો ત્યાંથી ત્રિભુવનદાસ પટેલના નેતૃત્વ હેઠળ ખેડા ડિસ્ટ્રિક્ટ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિમિટેડ (કે.ડી.સી.એમ.પી.યુ.એલ.) સંસ્થાએ કામ શરૂ કર્યું. જૂની, કટાયેલી, પ્રથમ વિશ્વયુદ્ધ વખતની મશીનરીને તેમણે ચાલુ કરવા સખત પ્રયત્નો કર્યા, પણ વારંવાર એ મશીનો બંધ પડી જતાં. બાજુમાં જ સરકારી ક્રીમરીમાં કામ કરતો હું એક વિદેશથી ભણી આવેલો એન્જિનિયર હતો એથી ત્રિભુવનદાસ મારી 'નિષ્ણાત' તરીકે સલાહ લેવા આવતા થયા. આમ પણ મારે મારી નોકરીમાં કંઈ ખાસ કામ રહેતું નહિ અને બીજા મારા જેવા જ કામ વિનાના લોકો સાથે પત્તાં ટીપીને વખત કાઢવાને બદલે, હું મંડળીના સ્થળે ઊપડું અને તેમનું કામ કરી આપું. આમ ઘણી વખત થતું રહ્યું. છેવટે એક મશીનને મેં હજારમી વાર સમું કર્યું ત્યારે હું થાકી ગયો. મેં તો ત્રિભુવનદાસને કહી દીધું, 'આ ડેરી કાઢી જ નાખો. આ જૂની-પુરાણી મશીનરી સાથે તમારો ધંધો કદી સફળ નહિ થાય. એને સરખું કરવા હું મદદ તો કરતો રહીશ, પણ દૂધનો સહકારી ધંધો કંઈ આ રીતે ચલાવાય? થોડા પૈસા ઉધાર લઈને નવા આધુનિક ડેરીનાં સાધનો તમે કેમ વસાવતા નથી!'

મંડળીના ઉપ-પ્રમુખ મગનભાઈ ડી. પટેલ પાસે સલાહ લેવા ત્રિભુવનભાઈ પહોંચ્યા. આ પહેલાં મગનભાઈએ કૃષિ એન્જિનિયર અને કૃષિવિદ્યાના પ્રોફેસર પંડ્યાને મદદ માટે મોકલ્યા હતા. મેં પ્રો. પંડ્યાને એક આખો દિવસ સાથે વિતાવીને સમજાવ્યું હતું કે આ મશીનરી સાથે શું કરવું જરૂરી છે. તેમણે લાંબી લાંબી નોંધો લીધી અને દિવસને અંતે કબૂલી લીધું, 'આમ કરવું મારાથી બની શકે તેમ નથી. મને આ બધું સમજાતું જ નથી.' તો હવે આમાં કોઈ મદદે આવે તેવું રહ્યું નહિ, માટે, જ્યારે મગનભાઈનો મત પૂછવા ત્રિભુવનભાઈ ગયા ત્યારે તેમણે કહ્યું, "તમારી પાસે હવે કોઈ બીજો વિકલ્પ નથી. કુરિયન કહે છે તેમ કરો. થોડી લોન મેળવી લ્યો."

ત્રિભુવનભાઈ પાછા મારી પાસે આવ્યા – એ સલાહ લેવા કે નવી મશીનરી કેવા પ્રકારની જોઈશે. મેં તેમને ભલામણ કરી કે તેમણે એક પ્લેટ પાશ્ચરાઈઝર લેવું જેની કિંમત રૂા. ૪૦,૦૦૦ પડશે. પણ આ તો બહુ જ મોટી રકમ હતી. છતાં, ત્રિભુવનદાસે પોતાના ઉદાર અને ધનવાન સાળા પાસેથી એ વચનથી આ રકમ મેળવી લીધી કે મંડળી ચોક્કસ તેમની પાઈએ પાઈ પાછી ચૂકવી દેશે.

પણ તેમના સાળાએ કહ્યું, 'ત્રિભુવનદાસ, જરા પણ ચિંતા ન કરશો. પૈસા લઈ જાવ. તમે અને તમારા ધૂની વિચારો... આ ડેરી કામ કરે તેવા કોઈ જ અણસાર નથી. ખેર, મારે આ પૈસાનું કામ નથી, માટે પાછા આપવાની ચિંતા ન કરતા.' પણ ત્રિભુવનદાસ તો પ્રામાણિક હતા. તેમણે સાળાની પાઈએ પાઈ ચૂકવી દીધી – જ્યારે મંડળી તેમ કરવાને શક્તિમાન બની ગઈ ત્યારે. ત્રિભુવનદાસે મને કહ્યું, મારે મુંબઈ જાઉં ત્યારે તેમના વતી પ્લેટ પાશ્ચરાઈઝરના મશીનનો ઓર્ડર મૂકી દેવો. દલાયાની સલાહ લીધા પછી મેં આ મશીનરી લાર્સન એન્ડ ટુબ્રો કંપનીમાંથી ઓર્ડર કર્યો. રોકડ પૈસા મારા ખીસામાં રાખીને હું તે કંપનીના મેનેજર, એક્સિલ પેટરસેનની ઓફિસેમાં ગયો અને તેમને કહ્યું કે મારે એક સિલ્કબોર્ગ પાશ્ચરાઈઝરનો ઓર્ડર મૂકવો છે. મારો દેખાવ જોવા જેવો હશે. અસ્તવ્યસ્ત કપડાં, દાઢી કરેલી નહિ અને વાળ પણ હોળ્યા વિનાના. સહેજ અનિશ્ચિત દૃષ્ટિ મારી તરફ નાખીને તેમણે મને પૂછ્યું કે હું જાણું છું ખરો કે આ મશીનરી કેટલી કિંમતની છે? મેં તેમને ખાતરી આપી કે હું જાણું છું. એક સામ્રાજ્યના અભિમાની નાગરિકની લાક્ષણિકતાથી તેમણે મને મારી પાસે પૈસા હોવા વિષે પૂછ્યું. મેં મારા ખીસામાંથી મોટી થોકડી કાઢી – રૂા. ૪૦,૦૦૦ અને સહેજ નાટકીય ઢબે તેમના ટેબલ પર ફેંકતાં કહ્યું, 'તમે તે અત્યારે જ જોઈ શકો છો.'

પેટરસેન મારો ઓર્ડર લેવાને મજબૂર બન્યા અને બને તેટલી ત્વરાથી પ્લેટ પાશ્ચરાઈઝર મોકલી આપવાનું વચન આપ્યું. આ કામ પતાવીને મેં બાકીનો સમય આણંદની કંટાળાજનક નોકરીના જીવનમાં પાછા ફરતાં પહેલાં મોજમજામાં ગાળ્યો.

ભારત સરકારને હું દર મહિને, મારા રાજીનામા સાથે કૃષિ મંત્રાલયના સચિવને ઉદ્દેશીને એક પત્ર લખતો. તેમાં જણાવતો કે આ જગ્યાએ કશું કામ ન કરવા માટે જ તે જાણે પગાર આપે છે અને પૈસા વેડફે છે.

## દૂધનો પાવડર અને દલાયા

પચાસના દાયકાની શરૂઆતનાં વર્ષોમાં ભેંસના દૂધમાંથી પાવડર બનાવવાનું કામ લગભગ અશક્ય જ કહેવાતું, જોકે તે નાને પાયે અમે અમારી સંશોધન ક્રીમરીમાં કર્યું હતું ખરું. ખેડામાં અમારી ચિંતા વધારે તેવી વાત એ હતી કે ડેરી ટેકનોલોજીના નિષ્ણાતોએ પણ આ જ વાત કહી. તે નિષ્ણાતો હતા ન્યૂઝીલેન્ડની 'ન્યૂઝીલેન્ડ ડેરી રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ'ના પ્રો. વિલિયમ રીડેટ્ટ અને યુ.કે.ના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર રીસર્ચ એન્ડ ડેરીઈંગ, રીડિંગ ખાતેના પ્રોફેસર એચ.ડી. કેય. પણ ન્યૂઝીલેન્ડમાં મને જે તાલીમ મળી તેથી મારો આત્મવિશ્વાસ બંધાયો કે ભેંસના દૂધમાંથી પાવડર બને તો છે જ અને તેનું વ્યાપારી રીતે પણ ઉત્પાદન શક્ય છે. મને ખબર હતી કે પાછા ફરીને મારે મારા મિત્ર અને સાથી દલાયાને આ બાબતે તૈયાર કરવા પડશે, કે આ કામ પણ થઈ શકે છે. જોકે, આ વાત જ એવી હતી જેની તે વખતે કલ્પના પણ થઈ શકતી નહોતી.

ન્યૂઝીલેન્ડમાં વિતાવેલા તે મોહક પાંચ મહિના અને ઓસ્ટ્રેલિયાના સમય પછી ન્યૂઝીલેન્ડની સરકારે પ્રસ્તાવ રજૂ કર્યો કે ભારતમાં ડેરી ઉદ્યોગનો વિકાસ થાય તે માટે, ખાસ કરીને ખેડા જિલ્લામાં સહાય કરવી. ખેડા યુનિયનને ન્યૂઝીલેન્ડ સરકારે જે સહાય કરવાનું ઠરાવ્યું, તેને તેના ૫૦ ટકા ભેટમાં આપ્યા અને બાકીના ૫૦ ટકા ભારત સરકારને લોન તરીકે આપ્યા. એ કહેવાની જરૂર નથી કે ન્યૂઝીલેન્ડ સરકારની આ નીતિને કારણે મોટી સંખ્યામાં લોકોને છેવટે તેમનાં સ્વપ્નોને વાસ્તવિકતા પર લાવવાની બાબતે શ્રદ્ધા બેઠી. ખેડા જિલ્લાના ખેડૂતોના આ સંઘર્ષમાં ન્યૂઝીલેન્ડે જે ટેકો અને સહાય પૂરાં પાડ્યાં તેને કારણે તેમનાં ઉત્તેજના અને ઉત્સાહ વધ્યાં. વળી, મારા જેવા વ્યવસાયિકને પણ તાલીમ આપીને ખેડા જિલ્લાના ગ્રામીણ ઉત્પાદકોને વ્યવસાયિકો સાથેનું જોડાણ કઈ રીતે મજબૂત બનાવીને લાભ લઈ શકાય છે તે દર્શાવ્યું અને આધુનિક ટેકનોલોજી આપણાં ગામડાંને કેટલી સહાયક નીવડે છે તે પ્રમાણિત કર્યું.

હવે ખેડા સહકારી મંડળીએ એક પછી એક શિખરો સર કરવા માંડ્યાં. અમે અટક્યા વિના કામ કરવા લાગ્યા. મને થોડા સમયથી જે બાબતે વિચારો આવ્યા હતા તે મેં આ સમયે રજૂ કર્યા. મેં ત્રિભુવનદાસને કહ્યું કે આપણે એક બીજી ડેરી પણ ઊભી કરવી અને તે માટે જમીન મેળવવી. મારી ગણતરી મુજબ એ નવો પ્લાન્ટ લગભગ રૂા. ૪૦ લાખનો થાય. તેઓ તો ડઘાઈ જ ગયા અને કહેવા લાગ્યા કે આટલા બધા પૈસા વળી કઈ રીતે ઊભા કરવા શક્ય છે? ફરી મેં મારાં પત્તાં બરાબર નાખ્યાં. મેં કહી દીધું કે હું આ પ્રસ્તાવને કેટલો મહત્ત્વનો ગણું છું તે એ પરથી પુરવાર થશે, કે જો સહકારી મંડળી તેનો સ્વીકાર નહિ કરે, તો હું છૂટો થઈશ અને બીજી નોકરી લઈ લઈશ. પહેલાં પણ જ્યારે મેં છૂટા થવાની વાત કરી હતી ત્યારે તેમણે જે કર્યું એ રીતે ફરી આ વખતે પણ ત્રિભુવનદાસે મને રોકાઈ જવાનું દબાણ કર્યું અને પછી કંઈ ને કંઈ પ્રયુક્તિઓથી નવી ડેરી માટે પૈસા ઊભા કરી જ લીધા. તેમની એ દીર્ઘદૃષ્ટિ હતી કે વ્યવસાયિકો વિના કોઈ ડેરીનું કામકાજ થઈ શકે નહિ.

ત્રિભુવનદાસ પટેલમાં અસાધારણ શક્તિઓ, નેતૃત્વ અને પ્રામાણિકતાના સદ્‌ગુણો હતાં. છતાં, તેમને એ સ્પષ્ટ જાણકારી પણ હતી કે તેમની શક્તિઓને ટેકાઓની જરૂર રહેતી, જે ખોટ પ્રોફેશનલ્સ કે વ્યવસાયિકો પૂરી કરી શકે તેમ હતા. મારી સલાહને તેમણે સાંભળી, તેનો આદર કર્યો. તેનું કારણ કે તેઓ મને વ્યવસાયિક માનતા હતા – અને એ જ રીતે મારે પણ જ્યારે ધંધાના સહકારી ધોરણોની વાતમાં તેમની દૃષ્ટિનો આદર કરવાનો હતો, માન આપવાનું હતું. તેઓ ખેડાના ખેડૂતોને સાંગોપાંગ જાણતા હતા, તેમના વિચારોની દિશા સુધ્ધાં જાણતા હતા. પણ મહત્ત્વની વાત એ હતી કે આમ તો તેઓ ગુજરાતના કારોબારમાં કદી હસ્તક્ષેપ કર્યો નહીં. મને અને મારા સાથીઓને હંમેશાં ટેકો આપીને એ નિશ્ચિત કરી લીધું કે સહકારી મંડળીની સફળતા માટે અમે અમારા ઉત્તમ પ્રયત્નો કરીશું.

હું એ વાતને તેના પૂરતા વજનથી કહી નથી શકતો, પણ જો હરિચંદ દલાયા અમારા સાથી ન હોત તો આણંદમાં થયેલો 'ચમત્કાર' કદાચ થઈ શક્યો ન હોત.

**યુનિસેફ અને એચ.એમ.**

યુનિસેફમાં અમને ભારત સરકારનું પીઠબળ આગળ કરવા કહ્યું. એચ.એમ. પટેલે તે માટે ટેકો અપાવવાનું કહ્યું એટલું જ નહિ, મને વ્યક્તિગત રીતે પણ પ્રોત્સાહન આપ્યું. આથી મેં યુનિસેફને ફરી કેબલ સંદેશ મોકલ્યો 'ખેડા મંડળીને એ આદત નથી કે તેને કહેવામાં આવે કે તેણે કયાં મશીન વાપરવાં. જો લાર્સન એન્ડ ટુબ્રોનો નિરોનો પ્લાન્ટ ન આપવો હોય તો યુનિસેફની સહાય જતી કરવા તૈયાર છીએ.'

આ અમને બીજો એક બોધપાઠ મળ્યોઃ પૂરતો ટેકો હોય ત્યારે યોગ્ય સમયે કરેલો વિરોધ સફળતાને વરે છે. યુનિસેફે નમતું જોખ્યું અને ખેડા સહકારી મંડળીને તેનો એલ. એન્ડ ટી.નો પાવડર પ્લાન્ટ મળ્યો.

ખેડા મંડળીનો જૂનો ડેરી પ્લાન્ટ ખૂબ જ ગીચ વસ્તીવાળી જગ્યાએ અને રેલ્વે સ્ટેશનની બહુ જ પાસે હતો. નવી ડેરી માટે અમે વધુ યોગ્ય જગ્યા ખોળવા લાગ્યા. અમારા સર્વજ્ઞ બારોટકાકાએ અમને કહ્યું કે સરકારી ડેરી માટે ખુરોડીએ અહીં જમીન ખરીદી જ લીધી હતી. ડેરી મંત્રી દિનકરરાવ દેસાઈ સાથે થોડી લાંબી અને ગરમાગરમ ચર્ચા કર્યા પછી અમે એ જ જમીન ખેડા મંડળી માટે મેળવી શક્યા, નવી ડેરી અહીં ઊભી કરાઈ.

ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદને ખેડા સહકારી મંડળીની નવી ડેરીના શિલાન્યાસ માટે અમે આમંત્રણ આપ્યું. આ એક મહત્ત્વનો પ્રસંગ હતો. દેશના ઇતિહાસમાં સૌથી પહેલી વાર ખેડૂતો એક એવી ડેરીની માલિકી ભોગવતા હતા જે દેશમાં સૌથી વધુ આધુનિક સાધનો ધરાવતી હતી. ખેડૂતોનાં સ્વપ્નના અમલનો આધાર વધારાના દૂધમાંથી થતા દૂધના પાવડરના ઉત્પાદન પર હતો.

૧૯૫૪ના ૧૫મી નવેમ્બરના રોજ ડેરીના સાઈડિંગમાં રાષ્ટ્રપતિને લઈને ટ્રોલી આવી પહોંચી. તેઓને તુરંત ત્યાંની જગ્યાએ લઈ જવામાં આવ્યા અને પારંપારિક વિધિઓનો આરંભ થયો. સૌથી પહેલાં ભૂમિપૂજન થયું. આ પ્રસંગને યાદગાર બનાવનાર ઘટના બની કે જ્યારે રાષ્ટ્રપતિ શિલાન્યાસ કરવા નીચે ઝૂક્યા ત્યાં જ બધાંના આશ્ચર્ય વચ્ચે એક ઉંદરડો તે શિલાની નીચેથી ઉપર દોડીને રફૂચક્કર થઈ ગયો. આ ઘટનાથી હાજર રહેલા સમગ્ર મહેમાનોમાં ખુશી વ્યાપી

ગઈ કારણ કે ઉંદરડાને ગણપતિનું વાહન ગણવામાં આવે છે અને તે આજે એક શુભ ચિહ્ન લેખાયું.

• • •

ભારતના રાષ્ટ્રપતિએ શિલાન્યાસનો વિધિ પૂર્ણ કર્યો, ત્યારે તે વખતે સંસદમાં કૉંગ્રેસના સભ્ય બની ચૂકેલાં મણિબહેને મને કહ્યું, 'તમારી ડેરી હવે ક્યારે તૈયાર થઈ જશે?' મેં કહ્યું કે એક વર્ષ તો થશે. એમણે પૂછ્યું તેના ઉદ્‌ઘાટન માટે હું કોનું નામ વિચારી રહ્યો છું અને મેં જવાબ આપ્યો, 'જવાહરલાલ નેહરુ જ વળી.' તેમણે કહ્યું, 'જો ખરેખર એમ જ હોય, તો તો મારે તેમની સાથે એની વાત કરવી પડશે અને એ દિવસની એપોઈન્ટમેન્ટ પણ નક્કી કરી લેવી પડશે.' તેમણે એ મુજબ વડાપ્રધાન સાથે વાત કરી લીધી અને મને જણાવ્યું કે ૩૧મી ઑક્ટોબરે – જ્યારે સરદાર પટેલનો જન્મદિન હતો – આ ડેરીનું ઉદ્‌ઘાટન કરવા તેઓ તૈયાર હતા.

સહજ ઉદ્વિગ્ન થઈને મેં દલાયાને ફોન કર્યો અને કહ્યું, 'ડેરીના ઔપચારિક ઉદ્‌ઘાટનની તારીખ તો નિશ્ચિત થઈ ચૂકી છે, આપણે ભારતનો સર્વપ્રથમ દૂધનો પ્લાન્ટ બાંધી રહ્યા છીએ. આપણને કહેવામાં આવ્યું છે કે ભેંસના દૂધમાંથી પાવડર બની શકતો નથી અને જુઓ તો ખરા, આપણે એ ડેરીના ઉદ્‌ઘાટનની તારીખ પણ પાકી કરી નાખીએ છીએ. આ અગિયાર મહિનામાં ડેરી બંધાશે કેવી રીતે, કહો તો જરા?'

પણ દલાયામાં આત્મવિશ્વાસ હતો. તેમણે મને કહ્યું કે આ તબક્કે આપણે પીછેહઠ ન કરાય અને ખરેખર ડેરી યોગ્ય સમયે ઊભી થઈને રહેશે. એટલે મેં મણિબહેનને ફોન કરીને તેમણે કહેલી તારીખનો સ્વીકાર્ય કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે વડાપ્રધાન નિશ્ચિત કરેલી તારીખે આણંદ આવશે. ડેરીનું ઉદ્‌ઘાટન કરશે અને તેને સરદાર પટેલની સ્મૃતિમાં સમર્પિત કરશે. શિલાન્યાસ માટે ભારતના રાષ્ટ્રપતિ – અને ડેરીના ઉદ્‌ઘાટન માટે વડાપ્રધાન! વાહ, એક વિજયી સંગમ!

એ માટે કામ ઝડપી બનાવવાનું હતું. ઉદ્‌ઘાટનની તારીખ નિશ્ચિત થઈ ચૂકી હોવાથી, અમારે પ્લાન્ટને રેકોર્ડ સમયમાં બાંધી લેવાનો હતો અને બીજી બાજુ અમને અમારી સમસ્યાઓ છોડે તેમ નહોતી.

બાંધકામ શરૂ કરતી વખતે ૩૦થી ૪૦ જેટલા વેગનો ભરીને દરરોજ માલસામાન આવવા લાગ્યો, જેને રેલવે સાઈડિંગમાં મૂકવાનો હતો. મને કહેવામાં આવ્યું કે આ કામ માટે સ્ટેશન માસ્તર વેગનદીઠ રૂ. ૫ની માગણી કરે છે. હું ગુસ્સાથી લાલપીળો થઈ ગયો અને તરત જ મેં એફ.જે. હરડિયા, જેઓ ખેડાના જિલ્લા કલેક્ટર અને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ હતા, તેમને આની સામે પગલાં લેવા કહ્યું. હરડિયાએ મને ટાઢો પડવા સલાહ આપી. તેઓ પોતે મારી પાસે આવ્યા અને મને સ્ટેશન માસ્તર પાસે લઈ ગયા. તેમણે પરિચય આપતાં કહ્યું, 'હું અહીંનો કલેક્ટર છું અને અહીં તમારો આભાર માનવા આવ્યો છું.'

### અમૂલ ઉત્પાદનો

પ્રવાહી દૂધથી શરૂ કરીને અમે દૂધનો પાવડર બનાવતા થયા અને પછી બહુ જલદી જ માખણ બનાવવાનું શરૂ કર્યું. ત્યાં સુધી માખણના ઉત્પાદનનું કામ જાણે પોલસનનો જ લગભગ એકાધિકાર હતો. અમારી પાસેની આધુનિક ટેકનોલોજીને કારણે માખણના બજારમાં અમારો ઝડપથી પ્રવેશ થયો અને બહુ જ જલદી અમૂલ માખણે ગજબની સફળતા મેળવી પણ ખરી. જોકે પોલસનના દુર્ભાગ્યે અમૂલની સફળતાથી તેના અંતના ભણકારા વાગ્યા.

જ્યારે ખેડા સહકારી મંડળીની ડેરીનો દૂધના પાવડરનો પ્લાન્ટ ધમધમાટ ચાલી રહ્યો હતો, અમને જણાવવામાં આવ્યું કે મુંબઈના મુખ્યમંત્રી ડેરીની મુલાકાત લેવા ઇચ્છે છે અને તેઓ ગુજરાત મેલમાં બીજે દિવસે સવારે આવી પહોંચવાના છે. આ મુખ્યમંત્રી બીજા કોઈ નહિ પણ વાય.બી. ચવ્હાણ હતા. જેમણે અગાઉ ડેપ્યુટી મિનિસ્ટર તરીકે આણંદની મુલાકાત લીધી હતી. આ ડેરી જોઈ લીધા પછી તેમણે મને પૂછ્યું કે શું આપણે કોઈ વચ્ચે ન આવે એવી શાંત જગ્યાએ વાતચીત કરી શકીએ? તેમના રસાલાને પાછળ છોડીને હું તેઓને સીધો મારે ઘેર લઈ આવ્યો.

'મને યાદ છે, કુરિયન, કે જ્યારે ડેપ્યુટી મિનિસ્ટર તરીકે હું આણંદ આવ્યો હતો ત્યારે તમે મારામાં વિશ્વાસ મૂકીને તમારી ફરિયાદ રજૂ કરેલી છે કે સરકારથી તમને તકલીફ પહોંચે છે.' તેમણે કહ્યું, 'તે વખતે હું તમને મદદ કરી નહોતો શક્યો. આજે હું મુખ્યમંત્રી

છું. તમે મને કહો, જે કોઈ તમારી સમસ્યાઓ હોય તે વિષે અને હું તેનો ઉકેલ તરત જ લાવી દઈશ.'

તેમની વાત મારા હૃદયને સ્પર્શી ગઈ, કે તેમણે એ પ્રસંગ હજી યાદ રાખીને આટલી કાળજીથી મને પૂછ્યું હતું. પણ મેં ખૂબ પ્રામાણિકતાથી જવાબ આપ્યો, 'સર, હવે મને કશી સમસ્યા નથી.'

ચવ્હાણ નવાઈ પામી ગયા અને ખુરોડી સાથેની તકલીફોનું શું થયું તે વિષે વિચારવા લાગ્યા હશે પણ ખરા. ખુરોડી હું ધારતો હતો તેનાથી પણ શાણા ને ચતુર નીકળ્યા. મુખ્યમંત્રીની મુલાકાતના બે દિવસ પહેલાં જ તેમણે મને મુંબઈથી ફોન કર્યો અને કહ્યું કે હવે આપણે કશો સંઘર્ષ છે નહિ અને બધું ભૂલી જવાનો સમય આવી ગયો છે. 'કુરિયન, આપણે મિત્રો બની રહીએ.' તેણે કહ્યું. આવી તક જતી ન કરાય એમ વિચારીને મેં તેમની પાસે વચન લેવા ધાર્યું કે હવે તે ખેડા સહકારી મંડળીને ત્રાસ નહિ આપે, બલકે તેના વિકાસ અને ઉચ્ચ ભવિષ્ય માટે સહાય કરશે. તેમણે આ કબૂલ પણ કર્યું અને ત્યારથી અમારા સંબંધો જુદી રીતે બંધાયા.

વખત જતાં મને એ વાત સમજાવા માંડી કે ખુરોડી અને તેના સાથીઓને તેમના વલણ વિશે બહુ દોષ દેવાય તેમ નહોતું. ભારતમાં હંમેશાં રાતોરાત જ અમારે નવા વિતરક શોધવાના આવ્યા. પછી બહુ વર્ષો સુધી 'અકબરઅલીસ' અમારા મુંબઈ ખાતેના વિતરક રહ્યા; સ્પેન્સર એન્ડ કંપની મદ્રાસ ખાતે; દિલ્હીમાં એમ્પાયર સ્ટોર્સ અને જેમ્સ રાઈટ કલક્તા (હવે કોલકતા) ખાતે.

પોલસન સાથેની લડત જીત્યા પછી અમૂલ બટરની આગેકૂચને કોઈ રોકી શકે તેમ નહોતું. ૧૯૫૦ના દાયકાનાં પાછલાં વર્ષો અને ૧૯૬૦ના દાયકાની શરૂઆતનાં વર્ષો દરમ્યાન અમે દૂધના પાવડર અને માખણના જ બજારમાં પગપેસારો ન કર્યો, બલકે કન્ડેન્સ્ડ મિલ્ક, ચીઝ અને બેબીફૂડમાં પણ ઝંપલાવ્યું.

જેમ જેમ અમૂલનાં ઉત્પાદનોની સંખ્યા વધતી ગઈ, તેમ સ્પષ્ટ થતું ગયું કે હવે એક ડગલું આગળ ભરવાનો વખત આવી ગયો છે. તે વખતની વ્યવસ્થા પ્રમાણે અમૂલનાં ઉત્પાદનો ભરવા માટે ટીનના ખાલી ડબ્બા મુંબઈથી મંગાવવામાં આવતા હતા. ઉત્પાદન વધવાથી આ ડબ્બાઓનો જથ્થો પણ વધવા લાગ્યો. અમારે ઘણાં બધાં ગોડાઉનોની જરૂર પડવા લાગી, કારણ કે ૧૪ દિવસનો આવો જથ્થો વિપુલ થતો. એક દિવસ મેં દલાયાને કહ્યું, 'દલાયા, આ તદ્દન બુદ્ધિહીન વાત છે. આપણે ખાલી ડબ્બા અહીં ભરીએ છીએ. આમ તો એ સાલા ડબ્બાઓ ખાલી પણ નથી હોતા. મુંબઈની પ્રદૂષિત હવા પણ સાથે લઈ આવે છે અને આપણાં ગોદામો તેનાથી ઊભરાઈ જાય છે. તેને બદલે આપણે એકાદ ગોદામમાં ડબ્બા બનાવવાનું કારખાનું જ ઊભું કરી દઈએ તો કેવું?' બધાએ જ વાતને આવકારી અને સાહસિક જન, હર્ષદ કાપડિયા તો 'મેટલ બૉક્સ'ની સાથે પેકેજિંગના ટીનના ડબ્બા બનાવતા જ હતા. વિદેશી કંપની સાથેનાં જોડાણ અંગે મારા વિરોધી વિચારો તો બધા જાણતા જ હતા. અમારી મંડળીને લાભ મળવાની સંભાવના ઊભી કરી શકાય તેમ હતી, તેથી મેં હર્ષદ કાપડિયાને અમૂલ ડેરી સાથે કામ કરવા મનાવી લીધા. એક નવી કંપની – ખેડા કેન (Kaira Can) – નામે ઊભી થઈ. અમે કાપડિયાને ગોદામ આપ્યું. એ લોકોએ કન્વેયર બેલ્ટ ગોઠવ્યો જે સીધો અમૂલ ડેરીને તેને જરૂરી ડબ્બા પહોંચાડે. આ પગલું ઘણા સમયસરનું નીવડ્યું અને તેને પરિણામે અમે ઘણો મોટો ખર્ચ બચાવી શક્યા.

**ખેડૂતોનો સેવક**

અમૂલની કહાની એ માત્ર ખેડૂતો માટે નફો મેળવી આપવાની કહાની નથી. જેમ જેમ મંડળીઓ કામ કરતી થઈ, ખેડા જિલ્લાનાં ગામડાંઓમાં કંઈક ઘણું વિલક્ષણ પણ તત્ત્વ ઘડાવા લાગ્યું. ગામની મંડળીના સ્થળે દૂધ એકઠું થતું એ ઘટનાથી જ ત્યાંના સમાજના પોતમાં પરિવર્તન આવવા માંડ્યું. આપણે એક ઉદાહરણ લઈએ, ખેડૂત અને તેની પત્ની. ખેડૂત પાસે બે-એક વીઘાં જમીન છે, કદાચ તેનાથી પણ ઓછી. તેની પત્ની તેમની પાસેની એક-બે ભેંસોનું ધ્યાન રાખે છે. આ ધ્યાન રાખવામાં પત્નીનો ઘણો બધો સમય અને શક્તિ વપરાતાં હોવાથી, વ્યવહારિક રીતે એ પશુઓની તે જ માલિક છે. ખેડામાં દૂધનો વેપાર વધવાથી, દૂધના માધ્યમથી હવે તેની આવક વધવા લાગી.

અમૂલ – અથવા ખેડા સહકારી મંડળી – અથવા સહકારી મંડળીના આણંદના નમૂના – વડે એ નિઃશક પુરવાર થયું છે કે ભારતનો સૌથી મૂલ્યવાન ખજાનો તેના લોકો છે, પ્રજા છે. પાંચ દાયકા પહેલાં આણંદ આવવા મને ફરજ પડી હતી. પણ જે 'શરતી સેવા'

તરીકે શરૂ થઈ તે પાંચ દાયકાની કારકિર્દી એક સંતોષ અને પુરસ્કૃત સેવા બની રહી. મારો આ બધાંમાં જો કોઈ યશ હોય તો તે જ કે મારામાં એટલી સમજ હતી કે દિલ્હી કે અન્યત્ર જવા માટે મને જે કંઈ તકો મળી, તે મેં જતી કરી હતી અને આણંદમાં જ સ્થિર થયો. મેં એ વધુ પસંદ કર્યું કે હું આણંદમાં જ રહું, ખેડૂતોના સેવક તરીકે, આખી જિંદગી મેં લીધેલા સૌથી શાણપણભર્યા નિર્ણયોમાં આ નિર્ણય સર્વશ્રેષ્ઠ હતો.

• • •

**એક પછી એક ચઢાણ**

મારું એ સદ્‌ભાગ્ય હતું કે જે કોઈ સરકાર સત્તા પર આવી તે દરેકનો ટેકો મને મળ્યો. આમ તો આપણી અમલદારશાહીનો હું મોટો ટીકાકાર હતો અને હજી પણ છું. પરંતુ આપણા સારા નસીબે આ અમલદારશાહીમાં પણ એવા સંખ્યાબંધ લોકો છે – સ્ત્રીઓ તેમજ પુરુષો – જેઓ સાથે સાથે સંનિષ્ઠ રાષ્ટ્રપ્રેમી અને કાર્યક્ષમ પણ છે. એ લોકો કાર્યનિષ્ઠ અને સિદ્ધાંતવાદી છે. હું એ કદી ન ભૂલી શકું કે એમનામાંના ઘણા અમલદારોએ પોતાની ફરજોની મર્યાદાની પણ બહાર જઈને, જ્યારે જ્યારે આવશ્યકતા ઊભી થઈ ત્યારે મને સહાયતા પહોંચાડી છે. જ મને કશી પણ તકલીફ ઊભી થતી, તો હું સીધો એમની પાસે પહોંચી જતો અને તેમણે મને કદી નિરાશ નથી કર્યો. આ એક એવી વાસ્તવિકતા છે કે જેને હું કદી નકારી નહીં શકું. પરંતુ વિષમ પ્રશ્ન એ છે કે આપણા અમલદારોને કઈ રીતે સાચા અર્થમાં જાહેર સેવકો – પ્રજાના સેવકો – થવાનું શિક્ષણ આપી શકાય અને નહિ કે પ્રજાના માલિકો બનવા માટે, જેવું તેમનું વર્તન મોટે પાયે હજી પણ ચાલતું જણાઈ આવે છે?

‘ઑપરેશન ફ્લડ’ના મુદ્દે તો જ્યારે કોઈ વડાપ્રધાન, મુખ્યમંત્રી અને મંત્રીઓ આણંદની મુલાકાતે આવી જતા અને એમની ઇચ્છા આ પ્રોજેક્ટ ચાલુ થાય અને રહે તેવું જાહેર થતું, ત્યારે તો તેને ટેકો આપવા ઘણા અમલદારો આવી જતા અને તેના વિરોધીઓને દબાવી દેતા. આમ સરકારના વડાઓની મંજૂરી અને અમલદારોના ટેકાને લીધે પણ મને સ્પષ્ટવક્તા બનવા માટે પ્રોત્સાહન મળી જતું અને કોઈક વાર તો જરૂર પડે કોઈ રાજકારણીની સામે માથું પણ ઊંચકી લેતો. મારા આવા ખરેખરના ‘યાદગાર’ પ્રસંગો હોય તો જગજીવનરામ સાથેના મારા સંઘર્ષો છે, જ્યારે તેઓ કેન્દ્ર સરકારમાં કૃષિ અને સિંચાઈના મંત્રી તરીકે ઈંદિરા ગાંધીની ૧૯૭૦ની કેબિનેટમાં હતા.

પ્રો. સ્વામીનાથન અને બીજાઓ સાથે એક મિટિંગ માટે હું દિલ્હીના કામ થઈ ગયું હોવાથી હવે મારે તેમને ખલેલ પહોંચાડવી નહોતી. આમ તો પહેલેથી જ તેમને મારા પ્રત્યે મમતા હતી. પોતાના પિતા સાથે તેઓ વર્ષો અગાઉ આણંદ આવ્યાં હતાં અને મારે ઘેર જ તેમનો ઉતારો હતો. જવાહરલાલ નેહરુને મારા અને મારા કામ પ્રત્યે જે માનનો ભાવ હતો તે પણ તેમણે જોયો હતો. અમારી ડેરીના ઉદ્‌ઘાટન પ્રસંગે તેઓ પણ તેમના પિતાની નજીક જ ઊભાં હતાં અને નેહરુના એ નિરીક્ષણનાં સાક્ષી હતાં કે “હું એ વાતે ખૂબ રાજી છું કે મારા દેશમાં તમારા જેવા લોકો છે....” ઈંદિરા ગાંધીને મન તેમના પિતા જેની કદર પામ્યા હોય તે મંજૂરી માટે પૂરતું હતું. મને આ મંજૂરીની જાણ હતી અને તેથી જ તકલીફના સમયે તેમના ટેકાનો આધાર મળશે તે હું જાણતો હતો. વળી, રાજીવ ગાંધી પણ એ વાતથી વાકેફ હતા કે તેમનાં માતાને મારા પર કેટલો વિશ્વાસ હતો અને તેથી જ્યારે તેઓ વડાપ્રધાન બન્યા ત્યારે તેઓ પણ મને ટેકો આપતા જ રહ્યા.

આમ તો હું એક નાના શહેરનો આદમી. છતાં આપણા બધાં વડાપ્રધાનોને મળવા જેટલી પહોંચ મારી પાસે હતી. પ્રારંભમાં તે બધું ત્રિભુવનદાસ પટેલને આભારી હતું. જેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રેસિડેન્ટ હતા અને મોરારજી દેસાઈ, જેઓની સાથે તેમને ઘણા ઘનિષ્ઠ સંબંધો હતા અને તેથી મારી અને મારા કુટુંબ સાથે પણ ઘનિષ્ઠ સંબંધો ઘડાયા હતા. એન.ડી.ડી.બી. અને સહકારી મંડળીઓ માટે આ બધા વડાપ્રધાનોની ચાલુ રહેલી મંજૂરીઓથી વધુ સારું કશું નહોતું. ચેરમેન તરીકેના મારાં એવાં વર્ષોમાં કોઈ ને કોઈ કારણસર હું એમના ટેકા માટે તેમને અપીલ કરતો રહ્યો.

(મારું સ્વપ્નઃ ડૉ. વર્ગીસ કુરિયન,
આર.આર. શેઠની કંપની, મુંબઈ-અમદાવાદ,
પુનર્મુદ્રણઃ ફેબ્રુઆરી, ૨૦૦૬)

# A Guru in Life

## B M Vyas

I met my guru Dr. Kurien in 1969 at an annual day function for my engineering college, BVM, where he was the chief guest. He was wearing his trademark cream coloured suit and next to him was his wife Mrs Molly Kurien. He was well built, handsome and delivered his speech humorously and confidently. There was not a single soul in the function who wouldn't have enjoyed his speech.

Later, after about a year, I happened to visit Amul Dairy and was impressed with beautiful layout, neat, clean house keeping, big fountains and green lawns. It was almost surreal in those days when rest of the town was quite a dust bowl.

I joined Amul at the age of 20 in 1971, and retired as the Managing Director of GCMMF (Amul) at 60. During this time, I had the opportunity to work with him closely as General Manager first and later as managing Director when he was the Chairman of GCMMF.

The fact remains that every moment I spent with him was of great learning.

One of the most important thing I learnt from him is the power of humour! He was able to use his wit and humour most effectively. Be it in speeches or in meetings with dignitaries. You may remember that Dr Kurien's biography was being unveiled at Rashtrapati Bhavan by the then president Dr Kalaam. Dr Kurien was 86 then, and someone said "Dr Kurien at 86 you're very handsome compared to BM!" (People mostly referred to me as BM). He replied instantly "yes, except for the height!". While many would have missed the point, I was taller than him but only physically!

He was also one of the greatest story teller. He would narrate his stories to visitors for hours, make them laugh, yet have them appreciate the achievements, and leave behind deep sense of warmth in visitor's mind and heart. It was impossible not to become his friend once you spend more then 30 min with him. He was bound to win you over hands down! He would narrate how he was required to come and work in remote town called Anand, due to his bond that he had signed. And how no one would give him a house to rent, as he was unmarried, young, used to eat meat, smoked and consumed alcohol. He would tell me, he used to sleep on coat under a tree and everyday a dog would run away with his slippers, which was the first thing he would look for as soon as he would get up. How he made his own bathroom with 3 corrugated sheets and cut out a ventilation window himself! How he then converted a garage, into his quarter and there he met his guru Tribhovandas Patel, who changed his destiny.

He was tickler of time. In my entire career I never saw him reaching a second late to any of his appointments. And he would expect his counterparts to practice the same. If the person he was supposed to meet was not there at the appointed time he would wait for a minute or two, and simply walk back and leave the venue, irrespective of who he was to meet! This also made us time conscious and extremely particular practicing timeliness. He always wanted

each and everything in place, neat and clean, working, functioning smoothly. He wanted excellence in everything that came in his purview.

Be it a communication, hosting a lunch or be it ensuring that all toilets in buildings or sound systems, even a noisy fan or flickering tube light was fixed. If he happened to encounter any of this he would immediately stop and convey his unhappiness. He will insist and ensure it is restored and system refined to ensure it did not happen again. If he finds that the other person maintains such high standards, he would publicly acknowledge the same.

One thing he would never compromise irrespective of your education, qualification or performance was integrity. He would say integrity is like virginity! Once gone, always gone. He had zero tolerance to lack of integrity. This made our life very easy. He would simply dismiss such person in minutes, irrespective of his background. He was the most fearless person I have met and would stick to his point of view especially when related to core values and the mission. He would never buckle under pressure. In every crisis, he will think deeply, debate, discuss various implications and develop strategies to convert the crisis into an opportunity. He would say 'there is always something good in everything that comes your way, in all crisis or problems, find out what is good and work on it'!

The other important trait was consistency. His stand on core issues and practices would not change. If he took a stand and if you referred same issue a month later or even a year later, he will respond in split second and his decision would not have swayed. Now this does not mean he was rigid - he was just extremely objective in his decision making. His decision making was directly founded on his core values and mission, and as long as actions lead to serve this purpose, he would arrive at decisions in minutes. He would never demand report after report. He would instead, expect a crystal clear thought and its relevance to our mission. Consistency of thought and action were his greatest traits. In fact, I used to deliberately raise the same issue at different time and place, just to check his response. The moment I would complete my sentence, he would say 'you've told me this before'. This used to surprise me, as I would have underplayed the issue deliberately when mentioned for the first time. But he would listen so intently and with cent per cent attention, that even the smallest matter raised will be registered by him.

Let me narrate you an instance. I was travelling to Gandhinagar from Anand with him, a drive of about 2 hours by road. I was very young when I lost my father, and then due to familial circumstances, I travelled and gained education living away from my family. My mother and my uncle endured a lot of hardships over a period of about 12 years, when I had to live away to go to school and then college. But in a long time, I had never realized how it would be to spend time with someone you look up to, almost like your father. Such travels with Dr. Kurien were rare, and for me it was like going out with my father. These were the most important moments for me to speak to him and learn. We would discuss about the most important institution he built over time, among several he created. He invariably answered "Amul". I replied "I think it is not Amul, but it is IRMA". He asked me "why do you think so?" and I said "IRMA would produce a new school of management which is more just, fair, value based, and accountable to society - not to the stock exchange. IRMA is ahead of its time. People noticed AMUL in



**BM with Kurien and Guests**

1964, after about two decades of its success! Give IRMA about 50 years and the world will see what you have done". I continued, "In building IRMA you are catapulting the country ahead of this world by century or more. People will realise what you have done much after you and even I are gone."

The real fruit of Kurien's work will be understood after another 50 to 100 years. It has inspired a generation and given their next generation - the opportunities, ideals, morals and values which build a society.

I am of the firm belief that after Mahatma Gandhi if there was next great person who worked for Rural India and with stupendous success - it was Verghese Kurien. His contribution is much bigger than a developing a missile, performing in a theatre or playing sitar or shehnai. Great people are like Sarabhai - they build India and build the institutions that take India to the next level.

For our politicians, bureaucrats and even masses – appreciating sitar, shehnai or stage play is perhaps easier than seeing reason and rationale of the work done by Kurien, whose real impact will be felt several decades later. Bharat-Ratna, is too small for Dr. Kurien and our CMs, PMs or other politicians – them put together, are too small to understand what Kurien has built and what he sacrificed for it.

Dr Kurien was my guru in life, whom I saw in the same light as my father. I would pray to God that he makes Dr Kurien, my guru in the next hundred lives.

(5, Tulsi Shyam, Near Sardar Patel Society,
Karamsad-Vidyanagar Road,
Vallabh Vidyanagar 388 120. M.: 9375032231)

## વેદકાલીન સ્ત્રીની વીરતા

પારુલટીના દોશી

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાઓ શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

अषाढासि सहमाना सहस्वारातीः सहस्व पूतनायतः ।
सहस्त्रवीर्यासि सा मा जिन्व ॥

યજુર્વેદના આ મંત્રનો અર્થ છેઃ હે સ્ત્રી, તું અજેય છે. તુ વિજેતા છે. તું શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર. યુદ્ધના ઇચ્છુકોને પરાજિત કર. તું સહસ્ર શક્તિવાળી છે. મને શક્તિ પ્રદાન કર![1]

આ વેદમંત્રમાં સ્ત્રીનું ગૌરવ કરવામાં આવ્યું છે. તેના શૌર્ય અને પરાક્રમનું નિરૂપણ કરાયું છે. મંત્રની સમજૂતી આ પ્રકારે છેઃ સ્ત્રીના સાહસની પ્રશંસા આ મંત્રમાં જોવા મળે છે. સ્ત્રી માટે એવું કહેવામાં આવ્યું છે કે તે અજેય હોય અને શત્રુઓને જીતનાર હોય. જે તેના પર આક્રમણ કરવા માંગતા હોય તેનું તે દમન કરનાર હોય. સ્ત્રીમાં અસાધારણ આત્મિક શક્તિ હોય છે. તેના માટે સહસ્રવીર્યા એવી ઉપમા પ્રયોજવામાં આવી છે. અર્થાત્ તે આવશ્યકતા અનુસાર હજારો પ્રકારના પરાક્રમ દાખવી શકે છે. આવી સ્ત્રીને એવી પ્રાર્થના કરવામાં આવી છે કે તું મને શક્તિ પ્રદાન કર... આ પ્રકારની પુરાક્રમી સ્ત્રી જ અન્યોમાં શૌર્યનો સંચાર કરી શકે છે![2] આમ આ મંત્રમાં વૈદિક સ્ત્રીની વીરતાનું વર્ણન કરાયું છે!

વૈદિક સ્ત્રીની વીરતાનું વર્ણન કરતાં અન્ય મંત્રો પણ વેદગ્રંથોમાં જોવા મળે છે. ઋગ્વેદની એક ઋચામાં ઈન્દ્રાણીના શૌર્યની ઝલક દર્શાવવામાં આવી છે. આ વેદમંત્રમાં ઈન્દ્રાણી પોતે જ ગર્વથી રણટંકાર કરે છે કે, 'હું શત્રુરહિત છું, શત્રુઓને નષ્ટ કનરારી છું, વિજયિની છું અને શત્રુઓને તિરસ્કૃત કરનારી છું!'[3] આ મંત્રમાં ઈન્દ્રાણી વીરાંગનાનું પ્રતીક છે. મંત્ર પરથી પુરવાર થાય છે કે સ્ત્રી પોતાના આત્મબળ અને શૌર્યથી સદા વિજય પ્રાપ્ત કરતી આગળ વધે છે. જે સ્ત્રીઓ યુદ્ધનું શિક્ષણ મેળવે છે તેમનો હંમેશાં વિજય થાય છે.[4] એટલે જ ઈન્દ્રાણી વિજયિની છે.

ઈન્દ્રાણીને વિજયિની ઘોષિત કરવામાં આવી છે, જ્યારે ઉષાને અગ્રણી કહેવામાં આવી છે. વેદની એક ઋચામાં ઉષાનું દૃષ્ટાંત ટાંકીને એવું દર્શાવાયું છે કે સ્ત્રી નવી શક્તિને ધારણ કરીને જ્ઞાનનો પ્રકાશ રેલાવે છે અને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે. જે સ્ત્રી નિર્ભય છે તે જ નેતૃત્વ કરે છે. ઉષાનું ઉદાહરણ આપીને સમજાવવામાં આવ્યું છે કે તેનામાં તેજસ્વિતા છે તેથી તે અંધકારને દૂર કરે છે. ઉષાના ઉદય પછી જ સૂર્ય પ્રકાશે છે, યજ્ઞ થાય છે અને અગ્નિ પ્રજ્વલિત થાય છે.[5] એથી ઉષા નીડર નેત્રી છે!

વેદકાલીન સ્ત્રીઓ નીડર હતી, નેત્રી હતી અને સબળા પણ હતી. એક વૈદિક મંત્ર અનુસાર સ્ત્રીઓની કોમળતાના કારણે તેમને અબળા સમજવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા જુદી છે. સ્ત્રી નિર્બળ નથી પણ સબળ છે. વીર છે, વીરાંગના છે અને વીરતાભર્યાં કાર્યો કરનારી છે.[6] વેદગ્રંથોમાં આવી સ્ત્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું છે. સાથે જ ઉદાર સ્ત્રીને પણ અભિનંદનીય[7] ગણવામાં આવી છે. ઋગ્વેદની એક ઋચામાં ઉદાર સ્ત્રીના ગુણોનું વર્ણન કરાયું છે. એ મુજબ, જે સ્ત્રી દુઃખીઓનું દુઃખ દૂર કરે છે, તરસ્યાને પાણી પાય છે એ યાચકની ઇચ્છા પૂરી કરે છે તથા દેવભક્ત છે તે સમાજમાં સર્વત્ર આદર મેળવે છે.[8] આ પ્રકારની આસ્તિક સ્ત્રીને નાસ્તિક પુરુષથી ચડિયાતી[9] અને સન્માનપાત્ર ગણવામાં આવી છે.

વેદગ્રંથોમાં સ્ત્રીને સન્માનપાત્ર ગણવાની સાથે જ તેનું અપમાન કરતા મંત્રો પણ જોવા મળે છે. એક વેદમંત્રમાં ઈન્દ્ર કહે છે કે, સ્ત્રીના મન પર અધિકાર કરવો ઘણું મુશ્કેલ કાર્ય છે કારણ કે તેમનો સંકલ્પ

ઉતાવળિયો[10] હોય છે. આ મંત્ર અનુસાર સ્ત્રીનો સ્વભાવ ભાવુક અને ચંચળ હોય છે. કેટલાક સંજોગોમાં સારાનરસાનો વિચાર કર્યા વિના એ ઉતાવળિયો અને ભૂલભરેલો નિર્ણય લઈ લે છે. તેનું પરિણામ ક્યારેક દુઃખદ આવે છે. બીજા વેદમંત્રમાં કપરી અને વિશ્વાસઘાતી સ્ત્રીના ચરિત્રનું વર્ણન કરતાં કહ્યું છે કે, સ્ત્રીઓનો પ્રેમ અસ્થિર હોય છે. તેમની મૈત્રી અને સ્નેહ કાયમી હોતા નથી. સ્ત્રીઓનાં અને વરુઓનાં હૃદય સરખાં હોય છે.[11] ત્રીજા વેદમંત્રમાં જુગારીએ પોતાને કુલટા સ્ત્રી સાથે સરખાવ્યો છે. કથા અનુસાર એક જુગારી જુગારમાં બધું જ હારી જાય છે. એટલે જુગારથી પીછો છોડાવવા માંગે છે. પરંતુ જુગારનું વ્યસન એનાથી છૂટી શકતું નથી. જુગારીની પત્ની એને છોડીને જતી રહે છે. માતાપિતા અને સ્વજનો એને ઓળખવાનો ઈનકાર કરી દે છે. એટલે જુગારી પાપસમા જુગારને છોડવા મન મક્કમ કરે છે. પણ એનો પ્રયત્ન સફળ થતો નથી. એટલે એ કહે છેઃ 'આ લીલાપીળા રંગના પાસા મને આકર્ષિત કરી લે છે અને જારિણીની જેમ હું એમની પાસે ચાલ્યો જાઉં છું.'[12] ચોથા વંદમંત્રમાં ભ્રાતૃહીન અને પતિનો દ્વેષ કરનારી દુરાચારિણી[13] સ્ત્રીઓનું નિરૂપણ કરાયું છે.

વૈદિક સાહિત્યમાં સ્ત્રીને ઉતારી પાડતા આવા મંત્રો જોવા મળે છે, પરંતુ તે જૂજ પ્રમાણમાં છે. સ્ત્રીને આદર આપતા મંત્રોની સંખ્યા વધારે છે. એક વેદમંત્રમાં સ્ત્રીને જ્ઞાની, મૂર્ધન્ય અને ઉચ્ચકોટિની વક્તા[14] ગણાવી છે. તેને વિદુષી, ધ્વજની જેમ આગળ ચાલનારી અને સભાઓમાં નિર્ભયતાથી પોતાના વિચારો રજૂ કરનારી કહી છે. આવી જ એક સ્ત્રી બુલંદ અવાજે ઘોષણા કરે છેઃ अहं केतुरहं मूर्धा અર્થાત્ હું જ્ઞાનવતી અને અગ્રણી છું!

**સંદર્ભોઃ**


૧. अषाढिसि सहमाना सहस्वारातीः सहस्व पूतनायतः । सहस्त्रवीर्यासि सा मा जिन्वा ॥ યજુર્વેદ ૧૩.૨૬

- હે સ્ત્રી, તું અજેય છે. તું વિજેતા છે. તું શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર. યુદ્ધના ઈચ્છુકોને પરાજિત કર. તું સહસ્ર શક્તિશાળી છે. મને શક્તિ પ્રદાન કર.

૨. વેદોં મેં નારી, ડૉ. કપિલદેવ દ્વિવેદી, ડૉ. ભારતેન્દુ દ્વિવેદી, પૃ. ૮૧.

૩. असपत्ना सपत्नघ्नी जयन्त्यभिभूवरी । ઋગ્વેદ ૧૦.૧૫૯.૫

- હું શત્રુરહિત છું. શત્રુઓને નષ્ટ કરનારી છું, વિજયિની છું અને શત્રુઓને તિરસ્કૃત કરનારી છું.

૪. વેદોં મેં નારી, પૃ. ૮૪.

૫. એજન, પૃ. ૮૬.

૬. એજન, પૃ. ૭૯.

૭. वि या जानाति जसुरि वि तृष्यन्तं वि कामिनम् । देवत्रा कृणुते मनः ॥ ઋગ્વેદ ૫.૬૧.૭

- જે ઉદાર સ્ત્રી દુઃખીનું, તરસ્યાનું અને યાચકનું કષ્ટ દૂર કરે છે અને દેવભક્ત છે તે નાસ્તિક અને કૃપણ પુરુષથી શ્રેષ્ઠ છે.

૮. વેદોં મેં નારી, પૃ. ૭૩

૯. उत त्वा स्त्री शशीयसी पुंसो भवति वस्यसी । अदेवत्रादराधसः ॥ ઋગ્વેદ ૮.૩૩.૧૭.

- કોઈ પણ વધુ સાત્વિક સ્ત્રી નાસ્તિક પુરુષ કરતાં શશીયસીની જેમ શ્રેષ્ઠ છે.

૧૦. इन्द्रश्चिद्‌घा तदब्रवीत्स्त्रिया अशास्यं मनः । उतो अह क्रतुं रघुम् ॥ ઋગ્વેદ ૮.૩૩.૧૭

- ઈન્દ્રનું કેહવું પણ એ જ હતં કે સ્ત્રીઓના મન ઉપર અધિકાર કરવો ઘણું જ મુશ્કેલ છે કારણ કે તેમનો સંકલ્પ ઉતાવળિયો હોય છે.

૧૧. न वै स्त्रैणानि सख्यानि सन्ति सालावृकाणां हृदयान्येता । ઋગ્વેદ ૧૦.૯૫.૧૫

- સ્ત્રીઓની મૈત્રી અને સ્નેહ કાયમી હોતા નથી. સ્ત્રીઓ અને વરુઓનાં હૃદય સરખાં હોય છે.

૧૨. न्युप्ताश्च बभ्रवो वाचमक्रतँ एमोदेषां निष्कृतं जारिणीव । ઋગ્વેદ ૧૦.૩૪.૩

- આ લાલપીળા રંગના પાસા મને આકર્ષિત કરી લે છે અને હું કુલટા સ્ત્રીની જેમ એમની પાસે ફરી ચાલ્યો જાઉં છું.

૧૩. ઋગ્વેદ મેં નારી, ડૉ. કમલા, પૃ. ૯૫

૧૪. अहं केतुरहं मूर्धाहमुग्रा विवाचनी । ઋગ્વેદ ૧૦.૧૫૯.૨

- હું જ ધજાની જેમ જ્ઞાનવતી છું, સ્ત્રીઓમાં મૂર્ધન્ય છું અને ઉત્તમ વક્તા છું.


(ક્રમશઃ)


(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)

## કળા સાધના

નંદલાલ બોઝ

અનુવાદક : કનુ પટેલ

ઉપનિષદમાં કહેવાયું છે કે આનંદથી જ સકળ વિશ્વ બ્રહ્માંડની ઉત્પતિ થઈ છે, અને તે આનંદમાં બધાં જ સુખદુઃખ સમાવિષ્ટ છે; એટલે જ આનંદ સુખદુઃખથી પર છે. કળાકાર સર્જન કરે છે સર્જન કરવાના આનંદ માટે. કોઈ કૃતિ ખરેખર કલાકૃતિ છે કે નહીં તેનો વિચાર પણ એટલા માટે જ કરવામાં આવે છે. જો કોઈ ચિત્ર કે શિલ્પની રચના આનંદના ફળ સ્વરૂપે કરવામાં આવી હોય તો તે અવશ્ય બીજાઓને પણ આનંદ આપશે. વાસ્તવિક કળા જીવંત હોય છે તે ક્યારેય મૃત્યુ પામતી નથી. દા.ત. અજંતા, ઈલોરાનાં બધાં જ ચિત્રો નષ્ટ થઈ જાય તો પણ તેનો નાશ થયો નહીં ગણાય, કારણ કે રસિકજનોના હૃદયમાં તે અમર રહેશે. જો એક પણ કલાકારે એ જોયું હશે તો તેના કામ પર તેની અસર પડશે જ, તેનું અસ્તિત્વ કામ કરશે જ. આનો અર્થ એ થયો કે કળાસૃષ્ટિ તો જીવધર્મી છે તેથી તેના પરિણામ સ્વરૂપે જીવની જેમ જ તેનું અસ્તિત્વ પણ માનવના ક્રમિક વિકાસ સાથે વહેતું રહે છે.

ઘણા દિવસો પહેલાં આચાર્ય પૈટ્રિક ગેડિસ શાંતિનિકેતન આવ્યા હતા. તે વખતે અમે લોકો દીવાલ પર ચિત્ર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. કેટલાંક સાધનોના અભાવે અને પદ્ધતિના જ્ઞાનને અભાવે થોડા દિવસ પછી એ કામ અમે લોકોએ બંધ કરી દીધું. આચાર્ય ગેડિસ આ જોઈને દુઃખી થઈ ગયા અને કહ્યું ચિત્ર બનાવવાનું કેમ બંધ કરી દીધું ? માત્ર કોલસાથી પણ ચિત્ર બનાવો, જો એ ચિત્ર સારું બનશે અને તેને એક પણ માણસ જોશે તો તમારું ચિત્ર બનાવવાનું સાર્થક થયું ગણાશે. અને આમ કાંઈપણ કર્યા વગર બેસી રહેશો તો તમારી અંદર જે પણ કલ્પના-ભાવના પેદા થશે, તે તમારી અંદર જ વિલીન થઈ જશે. જેને તમે પણ નહીં પારખી શકો તો બીજાઓને તેની જાણ કેવી રીતે થશે ?

સમગ્ર કળાઓનું એક જ લક્ષ હોય છે. કાવ્ય, શિલ્પ, ચિત્ર, નૃત્ય, ગાન બધાં જ સૃષ્ટિના મૂળ આનંદના લયને પોતપોતાના લયમાં પકડવા માગે છે. આ દૃષ્ટિએ યોગસાધના અને કલા સાધનામાં સમાનતા છે. અધ્યાત્મ સાધનામાં સૃષ્ટિની વિવિધતામાં એકત્વની શોધ કરવામાં આવે છે. એ 'એક'ની શોધ કરવામાં આવે છે જે 'એક'ને જાણવાથી બધું પમાઈ જાય છે. કળાના ક્ષેત્રમાં પણ આ જ રીતે વિરાટની શોધ અંતરમાં ચાલ્યા કરે છે. એક ચીની કળાકારે કહ્યું છે કે એક સાચા કલાકારની દૃષ્ટિમાં એક દેવમૂર્તિ અને એક દુર્વાંકુરનું સરખું મહત્ત્વ છે. બંને એક જેવી જ રસાનુભૂતિ કરાવવાની ક્ષમતા ધરાવે છે. અને આથી જ સમજાય છે કે કળાકાર માટે 'એક'ની વ્યાખ્યા કરવાનું કેટલું સંભવ છે. અહીં દેવમૂર્તિ પ્રત્યે અશ્રદ્ધાની વાત નથી કહેવાતી પણ મારા કહેવાનું તાત્પર્ય ફક્ત એટલું જ કે દુર્વા પ્રત્યે સન્માન વ્યક્ત કરવાની જરૂર છે.

કળાસાધનામાં કળાકાર પૂર્ણતઃ નિર્લિપ્ત થઈ જાય છે. કળાકારમાં વ્યક્તિગત આવેગ, આકાંક્ષા, સંસ્કાર બધું જ હોય છે. આ ક્ષણે તે એક ભાવાવેગથી વિચલિત થાય છે અને બીજી ક્ષણે જ્યારે તે કળાસર્જન કરવા બેસે છે, ત્યારે પોતાને આવેગથી મુક્ત કરી દે છે. તે સમયે તેમાં વિષય આધારિત પોતાની કોઈ આકાંક્ષા કે આસક્તિ રહેતી નથી. વ્યક્તિગત ઉપલબ્ધિની તીવ્રતા નિર્વૈયક્તિક રૂપ ધારણ કરી લે છે. રચના કરતી વખતે કળાકાર પોતાના વ્યક્તિત્વથી ઉપર ઊઠી જાય છે અને તેની કળા પણ વિષયથી આવેગથી, સંવેદનથી પર થઈને રસ દશાને પ્રાપ્ત થાય છે.

કળાકાર એક હૃદયવિદારક દૃશ્ય પણ ચિતરે છે, અને મનોમુગ્ધકારી ચિત્ર પણ બનાવે છે પરંતુ તે સ્વયં બંનેમાં ન તો લિપ્ત થાય છે કે ન તેમાંથી વિચલિત થાય છે. કળાકાર સુખાત્મક કે દુઃખાત્મક આવરણોથી પર થઈને બંનેના મૂળમાં સ્થિત સત્ત્વનો જે આનંદ કે રસ છે, તેના વિગ્રહની રચના કરતો હોય છે. રસની દૃષ્ટિએ જ્યારે સર્જન નથી કરવામાં આવતું રસ સુધી નથી પહોચાતું, ત્યાં સુધી રચના વિકૃત થાય છે. દુઃખમાં પણ વિકૃત અને સુખમાં પણ વિકૃત, એટલે આપણે જોઈએ છીએ કે સાધકનો પંથ પણ એ જ છે, જે કળાકારનો પંથ છે. બંને પોતપોતાના રસ્તે ચાલીને સર્વવ્યાપી વિશુદ્ધ આનંદને જ પ્રાપ્ત કરે છે, બીજાં વ્રત-ઉપાસના કે આચારનું પાલન

કર્યા વગર કલાકાર પોતાના કળા-કૌશલના માધ્યમથી જ સાધના કરે છે.

એક વિશિષ્ટ ઉદાહરણ એ છે કે કાલીની મૂર્તિ કે નટરાજની મૂર્તિ કે શિવની મૂર્તિનું ધ્યાન જેના મનમાં પહેલીવાર થયું હશે, તે કળાકાર હશે, સાધક હોવા છતાં કળાકાર હશે અને જેના હાથોથી તે કલ્પનાએ મૂર્ત સ્વરૂપ લીધું હતું, તે વ્યક્તિ કળાકાર હોવાની સાથે સાધક હતો. કારણ કે બંનેએ કોઈ એક રસના અંતર્ગત રંગ, રૂપ, ગતિ અને લયના વિગ્રહ કે સમષ્ટિરૂપનું સર્જન કર્યું હતું, અથવા બંનેના અંતરમાં એ સ્વરૂપનું સર્જન થયું હતું.

સામાજિક સંસ્કારોના ફળ સ્વરૂપે સુનીતિ અને દુર્નીતિ, સારું અને ખરાબ વગેરે ભેદ કળાના ક્ષેત્રે જરૂરી છે. કારણ કે સંભવ છે કે સામાજિક સંસ્કારોની દૃષ્ટિએ જે નિંદનીય છે તે જ કળાકારના રસબોધને જાગૃત કરી તેના દ્વારા કોઈ એવી રચનાની સૃષ્ટિ ઊભી કરાવી શકે છે. જે હજારો લોકોની સંસ્કાર જનિત ખંડિત ધારણઓથી પર થઈને વિશુદ્ધ રસોપલબ્ધિ સુધી પહોંચાડવામાં સક્ષમ થાય. કોઈ વિષયને લોકો ખરાબ કહે તો કહે; પરંતુ માયાવી તુલિકાના સ્પર્શથી તેમાં વિષયાતીત એવું કાંઈક ઉદ્‌ભવિત થશે જે અભિનવ હશે. કોઈ વિષય સુનીતિ અને દુર્નીતિ સુધી જ સીમિત રહી જાય અથવા એનાથી પર જાય, તે જોવા કે અનુભવ કરવાવાળાની દૃષ્ટિકોણની વિભિન્નતા અને ચેતનાના સાતત્ય પર નિર્ભર કરે છે. ઉપનિષદોમાં કહેવાયું છે કે આત્મા દ્વારા જ રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ અને મૈથુનની ઉપલબ્ધિ થાય છે. આ સંસારમાં એવું શું છે,[૧]

જે આત્મા જાણતો ન હોય, એટલે વિષય વિશેષમાં ગુણદોષ હોતો નથી, સૃષ્ટા નિરંતર જેને વિશુદ્ધ આનંદ કે રસ દ્વારા જાણે છે. કળાકાર પણ આ આનંદ કે રસની દૃષ્ટિથી વિષયને જુએ અને તેની રચના કરે તો વિષ પણ અમૃત બની જાય છે. વિષયવસ્તુના મોહમાં જ જે કળાકાર ભૂલો પડેલો છે. તે વિષયવસ્તુને રસ-વસ્તુમાં પલટાવી શકતો નથી. તેની રચનામાં બાહ્ય વસ્તુ કે ઘટના જ મળે છે. તે રસાનુભૂતિ વડે મનનો વિસ્તાર કરી શકતો નથી, અને તેનાથી છૂટી શકતો નથી. જ્યારે ડૉક્ટરનું ધ્યાન રોગ કરતાં રોગી પર કેન્દ્રિત થાય ત્યારે રોગ મટવો અઘરો છે.

છતાંય પ્રશ્ન થાય કે સામાજિક દૃષ્ટિએ જે દુર્નીતિપૂર્ણ છે તેને વિષયવસ્તુ તરીકે લેતાં શું સમાજનું કોઈ અનિષ્ટ નથી થતું ? મારું માનવું છે કે જ્યાં કલાકારની સૃષ્ટિ સાર્થક થઈ છે, જ્યાં આવેગ રસમાં પરિણમ્યો છે. આંશિક ઉપલબ્ધિ, ખંડ ઉપલબ્ધિ એક અખંડ લયમાં બદ્ધ થઈ છે. આમ થવાથી કળાકારની જેમ રસિક દર્શક પણ ખંડિત વસ્તુ કે ઘટનાથી માનસિક અભ્યાસ અને સામાજિક સંસ્કારથી પૂર્ણરૂપે મુક્ત થયો છે. ખૂબ ગૌણ રૂપે પણ આનું પરિણામ સમાજ માટે શુભ બને છે, અશુભ નહીં. કેટલાંક ખરેખર બીમાર માનસિકતાવાળાં લોકો હોય છે અને એવાં પ્રૌઢશિશુ પણ અનેક હોય છે. જે રૂપે જે વસ્તુ છે તેને જ જોઈ શકે છે. રસની સરવાણી તેમના સુધી પહોંચી શકતી નથી. આ અપરિષ્કૃત કે વિકૃત માનસિકતા વાળા લોકો માટે, તેમને અનુકૂળ કલાસૃષ્ટિ સર્જી શકાતી નથી બલ્કે તેનાથી ઊંધી રીતે પ્રયત્ન કરવો જો કે કલાસૃષ્ટિ હોય તેમ તેમની દૃષ્ટિ કેળવવી જોઈએ. જેનાથી તેમના નજરિયામાં, તેમની રસિકતામાં વૃદ્ધિ થાય અને ઉન્નત બને.

કેટલાક સમય પૂર્વે પુરી અને કોણાર્કના મંદિરોની બહારની દીવાલ પર બનેલાં રતિક્રીડામગ્ન યુગલોનાં શિલ્પો ને કાઢી નાખવાની વાત ફેલાઈ હતી. ખૂબ ખતરનાક પ્રસ્તાવ હતો. તેનો નાશ થાય એટલે કલાસર્જનના શ્રેષ્ઠ નમૂનાઓનો નાશ થાય. ચોક્કસપણે જાણી ન શકાય કે પુરી અને કોણાર્કના શિલ્પીઓએ આ વિષય કેમ પસંદ કર્યો. જુદા જુદા વિદ્વાનોમાં મત-મતાંતરો છે. માનવજીવનમાં જે નવરસનું વિધાન કરવામાં આવ્યું છે. તેમાં જે અનન્ય રસ છે એ શૃંગાર છે. રસસૃષ્ટિની દૃષ્ટિએ શિલ્પો અત્યંત ઉચ્ચકોટિના છે એ નિર્વિવાદ છે.

જુદાજુદા સમયે કળાકારની ચિત્તવૃત્તિ જુદીજુદી રીતે દોલાયમાન થાય છે. એવું પણ જોવા મળે છે કે એક કળાકારની એક રચનાથી મનમાં દિવ્યભાવ જાગૃત થાય છે તો બીજીથી નિમ્નભાવ. ઘણાને આશ્ચર્ય થાય. પરંતુ આશ્ચર્યનું કોઈ કારણ નથી. જુદા પરિવેશને કારણે, માનસિક અવસ્થા જુદી હોવાને લીધે એક જ કલાકાર જુદો માણસ બની જાય છે. રસની ઉપલબ્ધિ કર્યા પછી લયોના રહસ્યને જાણ્યા પછી જે ક્ષણે કળાકાર સર્જન કરે છે તે ક્ષણે મનુષ્યને પ્રાપ્ત થતી સૌથી ઉન્નત અવસ્થા સુધી તેની પહોંચ તેની ભીતર રહે છે, પરંતુ આવું હંમેશાં શક્ય નથી. વ્યવહારિક જીવનમાં હંમેશાં

સ્મૃતિભ્રંશ થાય છે. આખું જીવન આનંદના લયમાં ગુંથાઈ જાય છે. આનંદમય થઈ જાય છે. કળાકારની સાધનાના મૂળમાં આ જ ભાવ રહેલો છે. છતાં દરેક વખતે આ સિદ્ધિ પ્રાપ્ત ન પણ થાય.

અદ્વૈતની સાધનામાં ઉપલબ્ધિની ચરમ સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તો અનેક અવસ્થાઓ પાર કરવી પડે છે. કળાકારનો આત્મવિકાસ પણ આ રીતે જ થાય છે. પરંતુ અદ્વૈતવાદીના મનમાં એ ભાવ ઉત્પન્ન થઈ શકે છે. સાધનાના પંથ ઉપર એણે જે કાંઈ છોડવું પડતું હોય છે તે બધું જ અનિત્ય છે, તુચ્છ છે. તેને લઈને કળાસર્જન કરવાથી શો લાભ ? કળાકારનો જવાબ હોય કે કળાસર્જન માયાના આશ્રયમાં જ થાય છે. માયા સ્રષ્ટાને અભિભૂત નથી કરતી, શ્રી રામકૃષ્ણ પરમહંસે આ વાતને ઉપમાના માધ્યમથી આ રીતે કહી છે કે સાપનું ઝેર સાપને ચડતું નથી. એમ કળાકાર પણ માયાને જાણીને માયાનો ઉપયોગ કરે છે; એટલે અહીં માયા ‘‘લીલા’ થઈ જાય છે. એ તુચ્છ હોય કે શ્રેષ્ઠ, નિત્ય હોય કે અનિત્ય, બધામાં રહેતો ‘એક’ છે. ઐક્યનો અનુભવ કરવો અને તેને પ્રકટ કરવો, એ જ કળાકારની સાધના હોય છે કળાકારની સિદ્ધિ હોય છે. વિષયના મોહમાં પડવાનો ડર રહે છે. એ થયું માયાનું દાસત્વ, કળાકાર માયાને તે ‘એક’માં રહેલા અદ્‌ભુત છંદને લય રૂપે જુએ છે.

જે કલાકારને સમતા અને સમગ્રતાનો બોધ નથી હોતો તેને જ વિશેષ વિષયની જરૂરિયાત પડે છે. વિશેષ વેદના માગે છે. તેનો અભાવ હોવાને કારણે તેની પ્રેરણાનો સ્રોત સુકાઈ જાય છે. કારણ કે તેને રસના ચિરંજીવ સ્રોતનું ઠેકાણું મળ્યું નથી.

મારો જન્મ એક હિન્દુ પરિવારમાં થયો છે. હિન્દુ શિક્ષા-દીક્ષા વચ્ચે હું ઉછર્યો છું. એક સમય એવો હતો જ્યારે મુખ્યત્વે દેવીદવતાઓનાં ચિત્રો બનાવ્યા કરતો. હવે જે રીતે દેવતાઓનાં ચિત્રો બનાવતો તે રીતે જ સામાન્ય જીવનનાં પણ ચિત્રો બનાવું છું. બંનેમાં સમાનરૂપે આનંદ પામવાનો પ્રયાસ કરું છું. પહેલાંની ધારણા એવી હતી કે દેવોનાં રૂપની કલ્પના જ શ્રેષ્ઠ કાર્ય છે. આસપાસના જનજીવનનું ચિત્રણ તુચ્છ કાર્ય છે. મનના વિકાસની સાથે સાથે હવે ‘રૂપ વિશેષ’નું મહત્ત્વ નથી રહ્યું. હવે બધાં જ રૂપો તે અસ્તિત્વના જ નાના લય અને વિગ્રહના રૂપે પ્રતીત થાય છે. આખુ જગત આંતર અને બાહ્ય વિશ્વનાં બધાં જ રૂપો જે પ્રાણમાંથી નિશ્રિત થાય છે અને જે પ્રાણમાં સ્પંદિત થાય છે. અસ્તિત્વના એ જ પ્રાણલયને સમસ્ત રૂપોમાં શોધું છું, શું સાધારણ, શું અસાધારણ ! અર્થાત્ પહેલાં દેવત્વ દેવતાના રૂપમાં જ દેખાતું હતું. હવે મનુષ્ય, ઝાડ-પાન, પર્વત બધામાં જોવાનો પ્રયત્ન કરું છું.

દરેક દેશમાં દરેક યુગમાં કળાની પાછળ કોઈ મોટો આદર્શ, મોટો આઈડિયા રહેલો છે. જેમ યુરોપમાં ઈસુનો આદર્શ હતો, ભારતમાં કૃષ્ણ અને બુદ્ધનો, ચીનમાં તાઓનો. આઈડિયાના વિગ્રહરૂપે જ્યારે આપણે વ્યક્તિનું પુજન કરવા માંડીએ ત્યારે સમયાંતરે વ્યક્તિ આઈડિયાથી મોટો થઈ જાય છે. ધીરે ધીરે આઈડિયાને વ્યક્તિ કાં તો ભૂલ સમજે છે અથવા ભૂલી જાય છે. આસપાસના જીવન પર પ્રેમાનુરંજિત પ્રકાશ નથી પડતો, તે ઉપેક્ષિત રહે છે. આપણા દેશમાં આજ થયું છે. જુદા જુદા સમયખંડોમાં સાધકોએ પ્રકૃતિમાંથી જ કળામૂર્તિ અને શિવમૂર્તિનાં દર્શન કર્યાં હતાં. આપણે એ વિશાળ પ્રકૃતિને જોવાનું જ ભૂલી ગયા છીએ. ઈશાવાસ્યમમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્ - ઉપનિષદના આ મંત્રના ઉચ્ચારણ સાથે ભારતની ભાવિ લલિત કળા સમસ્ત જીવન અને જગતને સાચી નજરે જોશે અને નવાં રૂપોનાં સર્જન કરશે.

**સંદર્ભો:**


૧. યેન રૂપં રસં ગન્ધં શબ્દાન્ સ્પર્શાશ્ચ મૈથુનાન્ એતેનૈવ વિજાનાતિ કિમત્ર પરિશિષ્યતે । કઠોપનિષદ્ ૨/૧/૩૧, શ્રી અરવિન્દના અંગ્રેજી અનુવાદના આધારે કરવામાં આવેલ બંગાળી અનુવાદનો હિન્દી અનુવાદ

૨. આ મૂર્તિઓને અશ્લીલ ન કહીને શૃંગારિક કહેવી જોઈએ. કલાકૃતિનું મૂલ્યાંકન નીતિની દૃષ્ટિથી નહીં, રસની દૃષ્ટિએ કરવું જોઈએ. રસનો વ્યભિચાર થવાથી જ કલા અશ્લીલ થાય છે. રસના વ્યભિચારના માધ્યમથી પણ કળાને સામાજિક સુનીતિના પ્રચાર માટે લગાડી શકાય તથા આ જ વાસ્તવિક કળાસૃષ્ટિ નહીં થાય.

૩. યદિદં કિંચ જગત્ સર્વં પ્રાણ રજાતિ નિઃસૃતમ્ । કઠોપનિષદ્ ૨/૩/૨

૪. ઈશોપનિષદનો પ્રથમ શ્લોકાર્ધ. શ્રી અરવિન્દ દ્વારા કરવામાં આવેલો અર્થ - સંસારના અંતરમાં જે પણ જગત છે, તેને પરમાત્માનું નિવાસસ્થાન માનો.



(આચાર્ય, સીવીએમ કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સ,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦. ફોનઃ ૦૨૬૯૨-૨૩૦૧૩૧.
મો.: ૯૮૨૫૦૪૧૨૮૭)




સીવીએમ કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સ અને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના ઉપક્રમે 'ગુજરાતમાં કલાનાં પગરણ અને ગુજરાત' વિષય પરની દ્વિદિવસીય સંગોષ્ઠિનું ચાવીરૂપ વ્યાખ્યાન આપતા કવિ-સર્જક ડૉ. સિતાંશુ યશચંદ્ર. મંચસ્થ મહાનુભાવોમાં ડૉ. રતન પરિમુ, સીવીએમના માનદ કાર્યકારી મંત્રી પ્રિ. શનુભાઈ પટેલ તથા કૉલેજના આચાર્ય શ્રી કનુ પટેલ છે.




સીવીએમ કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સના ઉપક્રમે આયોજિત કલાકારોની રાષ્ટ્રીય શિબિરને સંબોધતા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ. મંચસ્થોમાં અતિથિવિશેષ ડૉ. શૈલેન્દ્ર કુશવાહા, પ્રિ. શનુભાઈ પટેલ અને શ્રી નટુભાઈ પરીખ છે.

V-Vidyanagar
P.O.Reg. No. AND/318/2012-14
Valid upto 31-12-2014
Date of Posting 25th of Every Month
Posted at Vallabh Vidyanagar

ISSN 0976 - 9809 V-Vidyanagar
RNI No.Guj/2009-11/5433
November 2012



Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai
Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. R.P. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat